૧૫૪

શ્રીમદ્ અગ્નિ સ્વરૂપ

(ભાગ ૨)



અ. સૌ. સ્વ.
તારાબેન
(નાગપુરવાળા) ના
સ્મરણાર્થે

વંદન (મંગળાચરણ)

વંદન કરીએ શ્રીનાથજી તમને, દ્યાન સદા અમે ધરીએ તમ ચરણે (૧)
પ્રથમ વંદન શ્રી વલ્લભ ગુરૂજીને કરીએ, શરણે લીધા સૌ દૈવી જીવને (૨)
બીજુ વંદન શ્રી વિઠ્ઠલનાથજીને કરીએ, હાથ ગ્રહી સેવ્યો ગોવર્ધન ધરને (૩)
ત્રીજુ વંદન શ્રી ગોકુલનાથજીને કરીએ, માળા તિલક ધર્મ રાખ્યો પુષ્ટી કારણે (૪)
ચોથું વંદન શ્રી હરિરાયજીને કરીએ, દીન તાના દાન દીધા વૈષ્ણવ જનને (૫)
પાંચમું વંદન શ્રી યમુનાજીને કરીએ, પયપાન કરીને પાવન થઈએ (૬)
છઠ્ઠું વંદન શ્રી વૃજભૂમિને કરીએ, વ્રજ રજમાં લોટી દેહ ધન્ય બનાવીએ (૭)
સાતમું વંદન શ્રી સાતે લાલજીને કરીએ, સેવા સ્મરણ કરી શરણમાં રહીએ (૮)
દાસ ગોપીજન કહે વંદનને સ્વીકારજો,
વંદન કરો સૌને પણ મન પ્રભુમાં રાખજો ।

અમૃતલાલ રૂગનાથ કુરાણી (ગોપીજન) ના
શ્રી ચરણોમાં સદૈન્ય દંડવત પ્રણામ

જગદ્‌ગુરૂ મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજી

અગ્નિ સ્વરૂપ (ભાગ-૨)

૮૪ બેઠકજીના
૮૪ ચિત્રજી

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

DILIP BHAI A. PAREKH
Kindly Contact For :
PURSITRIA MARGIYA BOOKS
Block No. 2134/35, Clover Regency,
B-Wing, 13th Floor, Ramaji Asher Lane,
Opp. Brahman Samaj, M.G. Road,
Ghatkopar (E), Mumbai-400 077.
Ph.: [illegible] Mob.: 9324010387

સાદર સમર્પિત

ગૌલોકવાસી અમારા પૂજનીય માતુશ્રી અ.સૌ.તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાને આ ૮૪ બેઠકજીનુ પુસ્તક અમો સાદર સમર્પણ કરીએ છીએ.

અ. સૌ. મધુબેન પ્રવિણકુમાર કુરાણી
અ. સૌ. મીનાબેન હર્ષદરાય કુરાણી
અ. સૌ. તૃપ્તિબેન યોગેશ ગાદોયા
અ. સૌ. મોનાબેન કિરણકુમાર ધ્રુવ

અ. સૌ. પારૂલબેન રાજકુમાર કુરાણી
અ. સૌ. વિણાબેન કાન્તીલાલ ધ્રુવ
અ. સૌ. મધુબેન અશોકકુમાર ધીયા
અ. સૌ. છાયાબેન ભારતેન્દુ પારેખ
કુ. રચનાબેન અશોક કુમાર ધીયા

કુ. રાધિકાબેન ના જયશ્રી કૃષ્ણ

ન્યોછાવર : મેરા મુજમે કુછ નહીં જો કુછ હૈ સબ તૌર,
તેરા તુજકો સોંપતે કયા જાવેગા મૌર.

॥ શ્રી હરી ॥

ગોલોકવાસી અ.સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી

જેમની મંગળ પ્રેરણાથી નીમ્ન લિખીત મનોરથો આનંદથી સંપન્ન થયાં

* ૧૯૬૭ - શ્રી યમુના મહારાણીજીના સ્વરૂપની પધરામણી

* ૧૯૬૮ - શ્રી બાલકૃષ્ણ લાલજીના સ્વરૂપની પધરામણી

* ૧૯૬૮ - ખેલ ખેલંતા શ્રી બાલકૃષ્ણ લાલજીના સ્વરૂપની પધરામણી

* ૧૯૬૯ - શ્રી નાથજીબાવા ના સ્વરૂપની પધરામણી

* ૧૯૬૯ - શ્રી યમુના મહારાણીજીના ૫૧ ચાંદીના લોટીજી ઉત્સવ પ.પૂ.ગો. ૧૦૮
શ્રી મથુરેશ્વરજી મહારાજ તથા પ.પૂ.ગો. ઇન્દીરાબેટીજીના સાનીધ્યમાં

* ૧૯૭૧ - શ્રી યમુના મહારાણીજી ના ૧૦૦૧ લોટીજી ઉત્સવ

* ૧૯૭૨ થી ૧૯૯૪ - સંતાન પ્રાપ્તિ હેતુ યશસ્વી શુભાશિર્વાદ પરિણામે અનેક ઘરે પારણા ઝુલ્યા

* ૧૯૮૭ - શ્રી યમુના મહારાણીજીનો ચુંદડી મનોરથ તથા શ્રી વ્રજ પરિક્રમા

* ૧૯૭૨ થી ૧૯૮૪ - સુખ દુઃખમાં વદ અષ્ટમી (જનમાષ્ટમી) ના વ્રત કરવા શુભ પ્રેરણાઓ

* ૧૯૯૧ - શ્રી નાથજીના સાત ઘ્વજાજીના મનોરથ

* ૧૯૯૪ - શ્રી યમુના મહારાણીજી ૫૫૧ લોટીજી ભાઇબીજના ઉત્સવ વખતે
દિવાળીના રાત્રે ૧-૩૦ વાગે ગોલોકવાસ

* ૧૯૯૫ થી ૧૯૯૮ - અગ્નિ સ્વરૂપ ભાગ ૧-૨-૩-૪ પુસ્તક

* ૧૯૯૮ - ચૈત્ર વદ ૧૧ ગુરૂવાર 'શ્રી મહાપ્રભુજી પ્રાકટયદિન' ચંપારણ્ય
શ્રી મહાપ્રભુજીના દર્શન કરી રાત્રે પ.ભ. અમૃતલાલભાઇનો ગોલોકવાસ

કુરાણી પરિવારના જય શ્રીકૃષ્ણ

શ્રી બેઠક ચરિત્રનો ઈતિહાસ

શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી ગિરિધરજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજીનાં આદિ બેઠકજી મળી મુખ્યત્વે ૧૪૨ બેઠકજીનાં દિવ્ય ચરિત્રો આપણને પ્રાપ્ત થાય છે. જયાં શ્રી મહાપ્રભુજી કે તેમના વંશજે શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હોય તે સ્થાનને બેઠકજી કહેવામાં આવે છે, જયાં આ પ્રકારે પારાયણ ન થયું હોય પરંતુ તે સ્થાન પર તેઓ બિરાજયા હોય અથવા ભાવનાથી પધરાવવામાં આવ્યા તેવા સ્થાનને ગાદીજી કહેવામાં આવે છે.

બેઠકજીનું વર્ગીકરણ - (૧) શ્રી મહાપ્રભુજીનાં બેઠક-૮૪; (૨) શ્રી ગુસાંઇજીનાં બેઠક-૨૮; (૩) શ્રી ગિરિધરજીનાં બેઠકજી-૪; (૪) શ્રી ગોકુલનાથજીનાં બેઠકજી-૧૩; (૫) શ્રી બાલકૃષ્ણજીનાં બેઠક-૧; (૬) શ્રી રઘુનાથજીનાં બેઠક-૧; (૭) શ્રી ઘનશ્યામજીનાં બેઠકજી-૧; (૮) શ્રી હરિરાયજીનાં બેઠકજી-૭; (૯) શ્રી નાથજીનાં બેઠક-૪; (૧૦) શ્રી દામોદરદાસ હરસાનજીનાં બેઠક-૩; (૧૧) શ્રી નાથજીનાં ચરણચોકી-૧૦.

શ્રી મહાપ્રભુજી અને ઠાકોરજી વાસ્તવમાં ભિન્ન નથી તેથી શ્રી મહાપ્રભુજીની સેવા એ શ્રી ઠાકોરજીની જ સેવા છે. પરાપૂર્વથી વૈષ્ણવો પોતાના ઘરમાં શ્રી મહાપ્રભુજીના હસ્તાક્ષર, વસ્ત્ર, પાદુકા આદિ પધરાવી સેવા કરતા આવ્યા છે. આજે પણ આપણે આપણી ગૃહસેવા ગુરુભાવથી જ કરીએ છીએ તેથી આજના સમયમાં જયારે ઘેર અપરસપૂર્વક સેવા કરવાની અનુકૂળતા નથી ત્યારે બેઠકજીમાં જઇને વિધિપૂર્વક સેવા કરવી તે વધારે અનુંકૂળ અને ઉપયોગી છે. બેકજીમાં સ્મરણ માટે શાન્ત અને પવિત્ર વાતાવરણ મળે છે. શ્રી મહાપ્રભુજીનું સાન્નિધ્ય મળે છે. ત્યાં આવેલા વૈષ્ણવોના સત્સંગનો લાભ મળે છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠની શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક, સદા અને મુદા જપ કરવાનું સુદર વાતાવરણ પ્રાપ્ત થાય છે. અપરસ શબ્દ મૂળ અસ્પર્શ શબ્દનું રૂપાંતર છે. અસ્પર્શ એટલે કોઇનો સ્પર્શ કરવો નહી : અપરસમાં સ્નાન કરનાર વ્યક્તિ અપરસ ન હોય તેવી કોઇ પણ વ્યક્તિને સ્પર્શ કરતી નથી.

અપરસ કરવા માટે શરીરશુદ્ધિ એટલે સ્નાન ખૂબ જ જરૂરી છે. સ્નાન માટેનું વસ્ત્ર પહેરી શરીરની પૂરેપૂરી એક એક અંગની શુદ્ધિ થાય તે રીતે સ્નાન કરવું સ્નાન કર્યા પછી ચરણામૃત અચૂક લેવું, ચરણામૃત હાથમાં લઇ બંને આંખે ભ્રમર પાસે લગાડવું ત્રણ વાર મુખમાં મૂકવું ગળે અને છાતીએ લગાડવું ત્યાર પછી કંકુનું તિલક તિલકિયાથી અથવા વાંસની શુદ્ધ સળીથી કરવું.

મહાપ્રભુજીની સામગ્રી સિધ્ધ કરતી વખતે ખૂબ જ કાળજી રાખવી. દરેક સામગ્રી બરાબર સાફ કરી/પાણીથી શુદ્ધ કરી અને પતરાળા-પડિયામાં મૂકવી આસપાસની જગ્યા પણ ખુબજ સ્વચ્છ રાખવી.

વિવિધ સામગ્રી વ્રજભક્તોના વિવિધ ભાવોનું સ્વરૂપ છે. તેથી પ્રત્યેક વ્રજભક્ત પોતાના હૃદયનો શુદ્ધ અને નિર્ગુણ પ્રેમ પ્રભુને અંગીકાર કરાવે છે તેવો ભાવ આ સામગ્રીમાં વિચારવો. સામગ્રીમાં કંઇ જ ન થઇ શકે તો મિસરી જરૂર આરોગાવવી કારણ કે શ્રી મહાપ્રભુજીને સર્વ સામગ્રીમાં મિસરી અતિ પ્રિય છે. મિસરી રસરૂપ છે તેથી.

શ્રી મહાપ્રભુજીની શ્રી અંગ સેવા અને ભોગ સેવા એટલે તેમની નિકટમાં જઇ તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવું. શ્રી અંગ સેવા એ એક વિશિષ્ટ પ્રકારની સેવા હોવાથી બેઠકજીના મુખિયાજીની સલાહ-સૂચન અનુસાર કરવી એ જ યોગ્ય છે.

ભોગ ધર્યા પછી કાની આપતા પહેલાં ઝારીજી ભરી શકાય. ઝારીજી મોટે ભાગે ચાંદીના કે તાંબાના હોય છે. ચાંદીનો શ્વેત રંગ શ્રી ચંદ્રાવલીજીની ભાવનાનું સ્વરૂપ છે. ઝારીજી ઉપર વીટવામાં આવતાં લાલ વસ્ત્રનો નેવડો એ સાડીનું સ્વરૂપ છે. લાલ રંગ શ્રી રાધા સહચરીજીના અનુરાગી ભાવનાનું સ્વરૂપ છે. ઝારીજીમાં ભરવામાં આવતું જળ શ્રી યમુનાજીના જળની ભાવનાથી શ્રી યમુનાજીનું સ્વરૂપ છે. આમ ચારેય યુથાધિપતિ સ્વામિજીના ભાવથી શ્રી ઠાકોરજી કે શ્રી મહાપ્રભુજી ઝારીજી અંગીકાર કરે છે. તનથી શુદ્ધ થઇ શ્રી યમુનાષ્ટકનો પાઠ કરતાં કરતાં ખૂબ એકાગ્રતાપૂર્વક શ્રી યમુનાજીનું ગોવિંદઘાટ પર ઊભા રહી દર્શન અને સ્મરણ કરીએ છીએ અને જમુનાજળ ભરીએ છીએ એવી ભાવનાથી ઝારીજી ભરતા થી ઝારીજી ભર્યાની સેવાનો આનંદ અને અલોકિક ફળ પ્રાપ્ત થાય છે. સમૂહમાં જ્યારે એક વૈષ્ણવ ઝારીજી ભરતા હોય ત્યારે બીજા સૌએ તેમના જમણા ખભા પર પોતાનો જમણો હાથ અડકાડવો જોઇએ, આમ કરવાથી સૌને જાતે જ ઝારીજી ભર્યાનો આનંદ અને અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. વ્રજભક્તના ભાવથી ઝારીજી ભર્યા પછી નેવડો વ્યવસ્થિત વીટી બે હાથે શ્રી મહાપ્રભુજીની ડાબી બાજુએ ઝારીજી પધરાવવી પછીથી ભોગ આરોગવાની શ્રી દામોદરદાસ આદિ ૮૪/૨૫૨ વૈષ્ણવોની કાની આપી દંડવત્ કરી ટેરો સરકાવી બહાર આવવું.

આટલી મુખ્ય સેવાઓ કર્યા પછી બેઠકમાં અન્ય સેવાઓ જેવી કે જળ ભરવાની સેવા, બુહારી કરવાની (કચરો વાળવાની) સેવા, વાસણ સાફ કરવાની સેવા, પાનની બીડી બાંધવાની સેવા, ફૂલઘરની સેવા

બીંજી કોઇ પણ સેવા દીનભાવથી અને પ્રેમભાવથી કરવી કોઇ પણ સેવા નાની કે મોટી હોતી નથી પ્રત્યેક સેવા કરતી વખતે સતત અષ્ટાક્ષર મંત્ર કે પંચાક્ષર મંત્ર, શ્રી સર્વોત્તમ સ્તોત્ર અથવા યમુનાષ્ટકમનો જપ કરવો જે થી પ્રભુની વધુ ને વધુ નજીક રહી શકાય.

સ્મરણનું ફળ સેવા છે તેથી સેવાના ભોગે સ્મરણ હોઇ શકે નહી. સેવા ન બની શકે ત્યારે જ સ્મરણ કરવું જોઇએ. સેવા છોડીને સ્મરણ કરવા બેસવુ ઉચિત નથી શ્રી મહાપ્રભુજીના ચરાણસ્પર્શ ખુબ જ ભાવનાપૂર્વક કરવાજોઇએ. ચરણસ્પર્શ કરતી વખતે જમણા હાથની આંગળીઓ ઉપર અત્તર લગાવી આપશ્રીના ચરણ તલની રજ જમણા હાથને લાગે તેવી રીતે પ્રથમ ડાબા ચરણવિંદના ચરણ તલને સ્પર્શ કરી દંડવત્ કરી તે હાથ બીજે કયાંય અડકાડયા વિના દૂર આવી જયાં પ્રસાદી, જળ કે મિસરી હોય તે જમણા હાથમાં લઇ મોંમાં મૂકવું. ત્યાર બાદ તે હાથ આપણી બંને આંખોએ, મસ્તકે અને હૃદયે લગાડવો. ભોગ સરાવ્યા પછી ચરણસ્પર્શ કરવા જોઇએ. ચરણસ્પર્શ કરતાં પહેલાં બ્રમ્હસંબંધ મંત્ર બે હાથ જોડી મનમાં ઓછામાં ઓછો ત્રણ વખત બોલવો જોઇએ.

શ્રી મહાપ્રભુજીની આટલી સેવા ઉપરાંત બેઠકજીમાં શ્રી મહાપ્રભુજીને પ્યારા એવા વૈષ્ણવોની નાની-મોટી ઘણી સેવાઓ થઇ શકે.

વૈષ્ણવોની કૃપાથી જ શ્રી મહાપ્રભુજીની કૃપા થાય છે અને શ્રી મહાપ્રભુજીની કૃપાથીજ શ્રીઠાકોરજીની કૃપા પ્રાપ્ય થાય છે. વૈષ્ણવોનો અપરાધ-અપમાન કરવાથી શ્રી મહાપ્રભુજી ખૂબ જ અપ્રસન્ન થાય છે. અને શ્રી મહાપ્રભુજીની કૃપા અને પ્રસન્નતા આપણે પામી શકતા નથી.

આમ સર્વ રીતે, ભાવભાવનાઓનો વિચાર કરી બેઠકજીમાં આપણે યોગ્ય રીતે વાણી, વિચારી અને આચરણ કરીએ તો શ્રી હરિ, ગુરુ, વૈષ્ણવસેવાનું સુખ, સ્મરણનો આનંદ અને તે દ્વારા તેમની કૃપા પ્રાપ્ત કરીએ.

જ્યાર શ્રાં મહાપ્રભુજીની બેઠકમાં જઇએ ત્યારે ઓછામાં ઓછી આટલી વસ્તુઓ લઇ જવી જોઈએ :

- અપરસમાં સ્નાન કરતી વખતે બોળવાનાં વસ્ત્રો.
- સ્નાન કર્યા પછી શરીર લૂઘવા માટે કોરો ટુવાલ.
- અપરસમાં પહેરવા માટે કોરાં વસ્ત્રો-રેશમી બોળેલાં વસ્ત્રો. પુરુષોએ ધોતી, બંડી, બંડીને બદલે ઉપરણું ચાલે. શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો ન રહેવો જોઇએ. સ્ત્રીઓએ સાડી, ચોળી અને ચણિયો લેવા જરૂરી છે.
- કંતાનની થેલી, જેમાં વસ્ત્રો મૂકવાં અને સ્નાન કર્યા પછી આ કંતાનની થેલીને અડકી શકાય છે.
- મહાપ્રભુજીને આરોગવા માટે મિસરી (સાકર) સૂકો મેવો, લીલો મેવો શક્તિ અનુસાર.
- ત્યાં સામગ્રી બનાવવાની સગવડના હોય તો સામગ્રી બનાવવા માટે જોઇતી જુદી જુદી વસ્તુઓ.
- શ્રી મહાપ્રભુજીને ધરવા માટે સુંદર ધોતી, ઉપરણો, તુલસીપારાની બે માળાઓ, જપ માટે ગૌમુખી અને માળા તથા ગુંજામાળા.
- કોરૂં કુકુ તિલક માટે
- ઋતુ પ્રમાણેનાં સુદર અને સુગંધી અત્તરો શિયાળામાં હિનો-ઉનાળામાં મોગરો કે ખસ, ચોમાસામાં કેવડો કાદંબકે ગુલાબ.

---

* દર્શન *

મંગલાથી શયન પર્યંત આઠે સમયનાં દર્શન

શ્રી ઠાકોરજી કયા ભાવથી-કયા સ્વરૂપે દર્શન આપે છે તે ભાવ :-

(૧)	મંગલાનાં દર્શન	શ્રી	નવનીતપ્રિયાજીના	ભાવથી
(૨)	શૃંગારનાં દર્શન	શ્રી	ગોકુલચંદ્રમાજીના	ભાવથી
(૩)	ગોવાળનાં દર્શન	શ્રી	દ્વારકાનાથજીના	ભાવથી
(૪)	રાજભોગનાં દર્શન	શ્રી	ગોવર્ધનનાથજીના	ભાવથી
(૫)	ઉથાપનનાં દર્શન	શ્રી	મથુરાનાથજીના	ભાવથી
(૬)	ભોગનાં દર્શન	શ્રી	ગોકુલનાથજીના	ભાવથી
(૭)	આરતીનાં દર્શન	શ્રી	વિઠ્ઠલનાથજીના	ભાવથી
(૮)	શયનનાં દર્શન	શ્રી	મદનમોહનના	ભાવથી

ચાલો આપણે સૌ મળીને શ્રી મહાપ્રભુજીની બેઠકજીને
દંડવત્ પ્રણામ કરીએ
ચોર્યાસી બેઠકમાં દંડવત્

પ્રથમ બેઠક શ્રી ગોકુલની મહાપ્રભુજી બિરાજે છે,
અમારા પૂર્ણ પ્રેમે ત્યાં પ્રભુને દંડવત્ પોચે.
બીજી બે. ગોકુલમાંહી બડીબેઠક જયાં-શ્રી મ. બિ. છે. અ૦
ત્રીજી બે. ગોકુલમાં શૈયા મંદિરની-મ. બિ. છે. અ૦
ચોથી બે. વૃંદાવનમાં શ્રી મહાપ્રભુજી-મ. બિ. છે. અ૦
પાંચમી બે. શ્રી મથુરામાં વિશ્રામ ઘાટે-મ. બિ. છે: અ૦
છઠ્ઠી બે. શ્રી મધુવનમાં શ્રી મહાપ્રભુજી-મ. બિ. છે. અ૦
સાતમી બે. કમોદવનની શ્રી મહાપ્રભુજી-મ. બિ. છે. અ૦
આઠમી બે. બહુલાવનમાં શ્રી મહાપ્રભુજી-મ. બિ. છે. અ૦
નવમી બે. શ્રી રાધાકૃષ્ણ કુંડ ઉપર-મ. બિ. છે. અ૦
દશમી બે. શ્રી. માનસી ગંગા પર-મ. બિ. છે. અ૦
બે. અગ્યારમી શ્રી પરાસોલી ચંદ્રસરોવર-મ. બિ. છે. અ૦
બે. બારમી અન્યોરની સદુ પાંડે તણે ઘર-મ. બિ. છે. અ૦

અ.સૌ.સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

બે. તેરમી ગોવિંદકુંડ ઉપર બે. શ્રી મહાપ્રભુજી-મ. બિ. છે. અ૦
બે. ચૌદમી સુંદર શીલા કર્યો અન્નકુટ ઉત્સવ-મ. બિ. છે. અ૦
બે. પંદરમી ગિરિરાજ ઉપર પ્રભુ મંદિરની દક્ષિણે-મ. બિ. છે. અ૦
બે. સોળમી બેઠક શ્રીકામવનની સુરભી કુંડ ઉપર-મ. બિ. છે. અ૦
બે. સત્તર ગવહર વનમાં સમીપેકૃષ્ણકુંડ ઉપર-મ. બિ. છે. અ૦
બે. અઢાર તવન સમીપે કૃષ્ણ કુંડ ઉપર-મ. બિ. છે. અ૦
બે. ઓગણીસમી નંદગામની મહીપાન સરોવર પર-મ. બિ. છે. અ૦
બે. વીસમી કોકિલા વનમાં કૃષ્ણ કુંડ ઉપર-મ. બિ. છે. અ૦
બે. એકવીશમી તે શ્રી ભાંડીર વન માંહે-મ. બિ. છે. અ૦
બે. બાવીસમી માન સરોવર શ્રીમહાપ્રભુજી બિ. છે. અ૦
બે. ત્રેવીસમી સોરમજી ઘાટે ગંગા તીરે-મ. બિ. છે. અ૦
બે. ચોવીસમી ચિત્રકુટે કાન્તાનાથ પર્વત પાસે-મ. બિ. છે. અ૦
બે. પચીસમી જે અયોધ્યામાં બિરાજે-મ. બિ. છે. અ૦
બે. છવીસમી જે નૈમિષારણ્ય બિરાજે-મ. બિ. છે. અ૦
બે. સત્તાવીસમી કાશીમાં બિરાજે-મ. બિ. છે. અ૦
બે. અઠ્ઠાવીસમી જે કાશીમાં હનુમાન ઘાટે-મ. બિ. છે. અ૦
બે. ઓગણત્રીસમી જે હરિહર ક્ષેત્ર માંહી-મ. બિ. છે. અ૦
બે. ત્રીસમી જનકપુરમાં માણેક તળાવનીપર-મ. બિ. છે. અ૦
બે. એકત્રીસમી ગંગા સાગર કપિલાશ્રમ મહિતે-મ. બિ. છે. અ૦
બે. બત્રીસમી શ્રી ચંપારણ્ય જયાં નિત્ય બિરાજે-મ. બિ. છે. અ૦
બે. તેત્રીસમી તો બીજી ચંપારણ્ય-મ. બિ. છે. અ૦
બે. ચોત્રીસમી પુરી જગન્નાથની જયાં-મ. બિ. છે. અ૦
બે. પાત્રીસમી જે પંઢરપુરની કહેવાય-મ. બિ. છે. અ૦
બે. છત્રીસમી જે નાશિકમાં તપોવન માંહે-મ. બિ. છે. અ૦

અ.સૌ.સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

બે. સાડત્રીસમી જે તે પન્ના નરસિંહ ધામે-મ. બિ. છે. અ૦
બે. આડત્રીસ દક્ષિણમાં લક્ષ્મણ બાલાજીમાં-મ. બિ. છે. અ૦
બે. ઓગણચાલીસ જે શ્રી રંગ માંહી-મ. બિ. છે. અ૦
બે. ચાલીસમાં જે વિષ્ણું-કાંચી માંહે-મ. બિ. છે. અ૦
બે. એકતાલીસમાં જે સેતુબંધ રામેશ્વર-મ. બિ. છે. અ૦
બે. બેતાલીસમી જે મલયાચલ પર્વત પર-મ. બિ. છે. અ૦
બે. તેતાલીસમી કોંકણમાં લોહગઢમાં-મ. બિ. છે. અ૦
બે. ચુમાલીસમી જે તામ્રપણી નદી તીરે-મ. બિ. છે. અ૦
બે. પિસ્તાલીસમી જે શ્રી કૃષ્ણા નદી તીરે-મ. બિ. છે. અ૦
બે. છેતાલીસમી જે પંપા સરોવર પર-મ. બિ. છે. અ૦
બે. સુંડતાળીસમી જે તે પદ્મ નાભ મહી-મ. બિ. છે. અ૦
બે. ઉડતાળીસમી જે તે શ્રી જનાર્દનમાં-મ. બિ. છે. અ૦
બે. ઓગણપચાસમી જે તે વિદ્યાનગરમાં-મ. બિ. છે. અ૦
બે. પચાસમી જે તે ત્રિલોક ભાનજીમાં-મ. બિ. છે. અ૦
બે એકાવનમી જે શ્રી તોતાદ્રી પર્વત પર-મ. બિ. છે. અ૦
બે. બાવનમી જે દરવ સેનજીમાં-મ. બિ. છે. અ૦
બે. ત્રેપનમી સુરતમાં શ્રી તાપી નદી તીરે-મ. બિ. છે. અ૦
બે. ચોપનમી ભરૂચમાં શ્રી નર્મદાને તીરે-મ. બિ. છે. અ૦
બે. પંચાવન મોરબીમાં મયૂરદવજ ગામ માંહી-મ. બિ. છે. અ૦
બે. છપ્પન નવાનગરે નદી નાગમતી તીરે-મ. બિ. છે. અ૦
બે. સત્તાવનમી જે ખંભાળીયા માંહે-મ. બિ. છે. અ૦
બે. અઠાવન પીંડતારા જે દ્વારકામાં બિરાજે-મ. બિ. છે. અ૦
બે. ઓગણસાઠમી જે મુળ ગોમતી તીરે-મ. બિ. છે. અ૦
બે. સાઠમી જે દ્વારકામાં બિરાજે-મ. બિ. છે. અ૦

અ.સૌ.સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

બે. એકસઠમી જે તે ગોપી તળાવ ઉપર-મ. બિ. છે. અ૦
બે. બાસઠમી શંખોદવાર શંખ તળાવ ઉપર-મ. બિ. છે. અ૦
બે. ત્રેસઠમી શ્રી નારાયણ સરોવર ઉપર-મ. બિ. છે. અ૦
બે. ચોસઠમી જે જૂનાગઢ ગિરનાર રેવતી કુંડપર-મ. બિ. છે. અ૦
બે. પાસઠમી જે છે પ્રભાસ ક્ષેત્રે -મ. બિ. છે. અ૦
બે. છાસઠમી જે તે માધવપુર માંહે -મ. બિ. છે. અ૦
બે. સડસઠમી ગુપ્ત પ્રયાગ તે દેલવાડા પાસે-મ. બિ. છે. અ૦
બે. અડસઠમી તગડીમાં ધંધુકા ગામ પાસે-મ. બિ. છે. અ૦
બે. ઓગણોસીતેરમી જે નરોડા કહેવાય-મ. બિ. છે. અ૦
બે. સિતેરમી જે ગોધરા રાણા વ્યાસ ઘેર-મ. બિ. છે. અ૦
બે. જે ઇકોતેરમી ખેરાલુમાં ગુજરાતે-મ. બિ. છે. અ૦
બે. બોંતેરમી જે સિદ્ધપુર ક્ષેત્રની માહે-મ. બિ. છે. અ૦
બે. તોંતેરમી જે અવંતિકા જે ઉજ્જૈનમાં-મ. બિ. છે. અ૦
બે. જે ચુમોતેરમી પુષ્કરજીમાં બિરાજે-મ. બિ. છે. અ૦
બે. પંચોતેરમી તે કુરુક્ષેત્રે બિરાજે-મ. બિ. છે. અ૦
બે. છોંતેરમી તે હરિદ્વારે બિરાજે-મ. બિ. છે. અ૦
બે. સિતોતેરમી શ્રી બદરિકાશ્રમ ધામે-મ. બિ. છે. અ૦
બે. ઇઠોતેરમી જે શ્રી કેદારનાથમાં-મ. બિ. છે. અ૦
બે. એસીમી જે તે હિમાલય પર્વત પર-મ. બિ. છે. અ૦
બે. એકયાસીમી જે વ્યાસ ગંગાને તીર-મ. બિ. છે. અ૦
બે. બ્યાસીમી જે તે મુદ્રાચલ પર્વત પર-મ. બિ. છે. અ૦
બે. ત્યાંસી જે છે તે અડેલમાં ત્રિવેણી પર-મ. બિ. છે. અ૦
બે. ચોર્યાસી બેઠક જે છે તે ચરણાટ ગામે-મ. બિ. છે. અ૦

શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજીની ચોર્યાસી બેઠકોનું સ્થાન

પ્રથમ : વ્રજયાત્રા

૧. શ્રી પ્રથમ બેઠકજી :
શ્રી ગોવિંદઘાટ – શ્રી ઠકરાણી ઘાટ પાસે શ્રીમદ્ ગોકુળમાં આ બેઠકજી બિરાજે છે. ઉત્તર પ્રદેશમાં શ્રી મથુરાજીથી ૧૬ કિ. મી. દૂર શ્રીમદ્ ગોકુળ આવેલ છે. બસ, ટેક્ષી, ટાંગા વગેરે વાહનો દ્વારા પણ જઈ શકાય છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી
શ્રી ઠકરાણી ઘાટ, ગોકુળ,

૨. શ્રી બીજી બેઠકજી :
આ બેઠકજી જેને "બડા બેઠકજી" તરીકે ઓળખાય છે જે શ્રી દ્વારકાધીશજીના મંદિર પાસે ગોકુળમાં આવેલા છે. અહીં આપશ્રી નિત્ય ભોજન કરતા અને કથા કરતા.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ગોકુળ.

૩. શ્રી ત્રીજા બેઠકજી :
આ બેઠકજીને શ્રી શય્યામંદિરના બેઠકજી કહે છે, જે ગોકુળમાં દ્વારકાધીશજીના મંદિરમાં બિરાજે છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રી દ્વારકાધીશજીનું મંદિર, ગોકુળ.

૪. શ્રી ચોથા બેઠકજી :
શ્રી વૃંદાવનના બેઠકજી (બંસીબટના બેઠકજી) :
આ બેઠકજી શ્રી મથુરાજીથી આશરે ૧૫ થી ૨૦ કિ. મી. દૂર આવેલ છે. મોટર, બસ જેવાં વાહનો દ્વારા ત્યાં જઈ શકાય છે. અહીં સેવાનો પ્રકાર નિત્ય ચાલે છે.
શ્રી મહાપ્રભુજીના બેઠજી, બંસીબટ, મુ. વૃંદાવન ૩૮૧૧૨૧, જી. મથુરા

૫. શ્રી પાંચમા બેઠકજી :
શ્રી વિશ્રામઘાટના બેઠકજી (મથુરા) :
શ્રી મથુરાજીમાં શ્રી યમુનાજીના તટે વિશ્રામ ઘાટ પર આપશ્રીના બેઠકજી બિરાજે છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, વિશ્રામ ઘાટ, મુ. મથુરા ૨૮૧૦૦૧

૬. શ્રી છઠ્ઠા બેઠકજી
શ્રી મધુવનના બેઠકજી
આ બેઠકજી શ્રી મથુરાજીથી લગભગ ૮ કિ. મી. દૂર દક્ષિણ–પશ્ચિમ દિશામાં આવેલું છે. આ ગામનું નામ મહૌલી પણ છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી (મધુવન), મુ. મહૌલી ૨૮૪૪૪૧, જી. મથુરા.

૭. શ્રી સાતમા બેઠકજી :

શ્રી કુમુદવનના બેઠકજી :

શ્રી મથુરાજીથી વાહન દ્વારા આ બેઠકજી પર જઈ શકાય છે. મધુવનથી આશરે ૯ થી ૧૦ કિ. મી. દૂર છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, કુમુદવન, પો. ઉસપાર, જી. મથુરા.

૮. શ્રી આઠમા બેઠકજી :

શ્રી બહુલાવનના બેઠકજી :

આ બેઠકજી શ્રી મથુરાથી આશરે ૧૦ થી ૧૨ કિ. મી. દૂર છે. મોટર–બસ વગેરે વાહનો દ્વારા આ બેઠકજી પર જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, બહુલાવન, પો. બાટી, જી. મથુરા.

૯. શ્રી નવમા બેઠકજી :

શ્રી રાધાકૃષ્ણ કુંડના બેઠકજી :

શ્રી ગોવર્ધનથી આશરે ૫–૬ કિ. મી. દૂર તથા શ્રીમથુરાજીથી આશરે ૧૫–૧૬ કિ. મી. દૂર આ બેઠકજી આવેલા છે. મોટર–બસ વગેરે વાહનો દ્વારા આ બેઠકજી પર જઈ શકાય છે. શ્રી ગિરીરાજજીની પરિક્રમામાં આ બેઠકજી આવે છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, રાધાકૃષ્ણ કુંડ, પો. રાધાકુંડ ૨૮૧૫૦૪, જી. મથુરા.

૧૦. શ્રી દસમા બેઠકજી :

શ્રી માનસી ગંગાના બેઠકજી :

આ બેઠકજી શ્રી ગિરીરાજજીની પરિક્રમામાં આવી જાય છે. આ બેઠકજી શ્રી મથુરાથી આશરે ૧૫ કિ. મી. દૂર છે. મોટર–બસ વગેરે વાહનો દ્વારા જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, માનસી ગંગા, વલ્લભ ઘાટ, પો. ગોવર્ધન ૨૮૧૫૦૨, જી. મથુરા.

૧૧. શ્રી અગિયારમા બેઠકજી :

શ્રી પારાસોલી (શ્રી ચંદ્રસરોવર)ના બેઠકજી :

આ બેઠકજી ગોવર્ધનથી આશરે ૩ કિ. મી. અને મથુરાથી ૧૫–૧૬ કિ. મી. દૂર છે. શ્રી ગિરિરાજજીની નવકોસની પરિક્રમામાં આ બેઠકજી આવે છે. મોટર–બસ વગેરે વાહનો દ્વારા અહીં જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ચંદ્ર સરોવર (પરાસોલી), પો. ગોવર્ધન ૨૮૧૫૦૨, જી. મથુરા.

૧૨. શ્રી બારમાં બેઠકજી

શ્રી આન્યોરના બેઠકજી :

શ્રી ચંદ્રસરોવરથી આશરે ૨ કિ. મી. દૂર તથા જતીપુરાથી આશરે ૭ કિ. મી. દૂર આવેલ છે. શ્રી ગિરીરાજજીની પરિક્રમામાં આવે છે. સદુ પાંડેના ઘરમાં આ બેઠકજી આવેલા છે. મોટર વગેરે ખાનગી વાહનો દ્વારા પણ આ બેઠકજી પર જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેકઠજી, પો. આન્યોર ૨૮૧૫૦૨, જી. મથુરા.

૧૩. શ્રી તેરમા બેઠકજી

શ્રી ગોવિંદકુંડના બેઠકજી :

શ્રી આન્યોર ગામ પાસે ગોવિંદકુંડ આવેલ છે. આન્યોરથી આશરે ૦।। થી ૧ કિ. મી. તથા જતીપુરાથી પૂછરી થઈ ગોવિંદકુંડ આશરે ૫ કિ. મી. ના અંતરે આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ગોવિંદ કુંડ, પો. આન્યોર ૨૮૧૫૦૨, જી. મથુરા.

૧૪. શ્રી ચૌદમા બેઠકજી

શ્રી સુંદર શિલાના બેઠકજી (શ્રી ગિરીરાજજીની તળેટીમાં)

શ્રી મથુરાથી આશરે ૨૦ કિ. મી. દુર જતીપુરામાં આવેલ છે. આ બેઠકજી શ્રી ગિરીરાજજીના મુખારવિંદ સામે પ્રકટ બિરાજે છે. શ્રી ગિરીરાજજીની પરિક્રમા અહીંથી શરૂ થાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રી ગિરીરાજ સન્મુખ – સુંદરશિલા, પો. જતીપુરા – ૨૮૧૫૦૨, જી. મથુરા.

૧૫. શ્રી પંદરમા બેઠકજી

શ્રી ગિરીરાજજી ઉપર શ્રીજી મંદિરના બેઠકજી :

આ બેઠકજી શ્રી ગિરીરાજજી પરના શ્રીજીના મંદિરમાં બિરાજે છે જયાં આપશ્રી સંધ્યાવંદન કરતા હતા.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રી ગિરીરાજજી પર, શ્રીનાથજીનું મંદિર, પો. જતીપુરા ૨૬૧૫૦૨, જી. મથુરા.

૧૬. શ્રી સોળમા બેઠકજી

શ્રી કામવનમાં બેઠકજી :

શ્રી મથુરાથી આશરે ૫૦ કિ. મી. તથા જતીપુરાથી આશરે ૩૦ કિ. મી. દૂર છે. આ બેઠકજી શ્રી કુંડ (સુરભિકુંડ) પર આવેલા છે. આ બેઠકજી લગભગ સાંજના ૪ વાગે બંધ થઈ જાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રી સુરભિકુંડ, શ્રી કુંડ, કામવન, પો. કામા ૩૨૧૦૨૨, જી. ભરતપુર (રાજસ્થાન).

૧૭. શ્રી સત્તરમા બેઠકજી :

શ્રી ગહેવરવનના બેઠકજી (બરસાના)

કામવનથી બરસાના આશરે ૧૬ કિ. મી. દૂર છે. આ બેઠકજી પર મોરકુટિર – કૃષ્ણ કુંડ (શ્યામ કુંડ) થઈને જવાય છે. કૃષ્ણ કુંડનું જળ શ્યામ રંગનું છે. શ્રી રાધારાણીના મંદિરે થઈને પણ આ બેઠકજી પર જવાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ગહેવરવન, પો. બરસાન, જી. મથુરા.

૧૮. શ્રી અઢારમા બેઠકજી :

શ્રી સંકેતવનના બેઠકજી :

બરસાના અને નંદગામની વચ્ચે શ્રી સંકેતવનના બેઠકજી વિરાજે છે. બરસાનાથી આશરે ૫–૬ કિ. મી. દુર છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, સંકેતવન, પો. બરસાના, જી. મથુરા.

૧૯. શ્રી ઓગણીસમા બેઠકજી :

શ્રી નંદગામના બેઠકજી :

શ્રી નંદગામના બેઠકજી સંકેતવનથી આશરે ૬ કિ. મી. દૂર આવેલ છે. આ બેઠકજી પાન સરોવર પાસે આવેલ છે. મોટર, બસ જેવા વાહન દ્વારા આ બેઠકજી પર જવાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, પાન સરોવર, પો. નંદગામ ૨૮૧૪૦૩, જી. મથુરા.

૨૦. શ્રી વીસમા બેઠકજી :

શ્રી કોકિલાવનના બેઠકજી :

શ્રી કોકિલાવનના બેઠકજી શ્રી નંદગામથી આશરે ૮–૯ કિ. મી. દૂર આવેલા છે. કૃષ્ણ કુંડની પાસે આપશ્રીના બેઠકજી બિરાજે છે. મોટર, બસ જેવાં વાહનો દ્વારા આ બેઠકજી પર જવાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, કોકિલાવન, બીવ, પો. બઠૈન જી. મથુરા.

૨૧. શ્રી એકવીસમા બેઠકજી :

શ્રી ભાંડિરવનના બેઠકજી :

શ્રી યમુનાજીના સામા કિનારે ભાંડિરવનમાં આ બેઠકજી બિરાજે છે. વૃંદાવનથી હોડી તથા મોટરબસ વાહનો દ્વારા આ બેઠકજી પર જઈ શકાય છે. આ બેઠકજી અપ્રગટ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ભાંડિર ગામ, તાલુકોઃ માટ, જી. મથુરા.

૨૨. શ્રી બાવીસમા બેઠકજી :

શ્રી માનસરોવરના બેઠકજી :

આ બેઠકજી શ્રી યમુનાજીના સામા કિનારે આવેલ છે. વૃંદાવનથી હોડી દ્વારા તથા માટથી બસ દ્વારા પણ આ બેઠકજી પર જવાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, માનસરોવર, પો. માટ, જી. મથુરા.

૨૩. શ્રી ત્રેવીસમા બેઠકજી

શ્રી સુકરક્ષેત્રના બેઠકજી (સોરમજી સૌરો)

મથુરા અને બરેલી વચ્ચે આ સૌરો નામનું રેલવે સ્ટેશન હતું, તે સમયમાં સુકરક્ષેત્રના નામે પ્રસિધ્ધ હતું. ગામ બહાર લગભગ એક માઈલ દૂર એક ટેકરી પર બેઠકજી બિરાજમાન છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, સુકરક્ષેત્ર, પો. સૌરો ૨૦૭૪૦૩, જી. એટાહ (ઉ.પ્ર.).

૨૪ શ્રી ચોવીસમા બેઠકજી :

શ્રી ચિત્રકૂટના બેઠકજી :

ઉત્તર પ્રદેશમાં અલાહાબાદ પાસે આવેલા માણેકપુર અને ઝાંસી વચ્ચે ચિત્રકૂટ નામના ગામ પાસે આવેલા કાન્તાનાથ નામના પર્વત પર શ્રી બેઠકજી પ્રકટ બિરાજે છે. આ કાન્તાનાથ પર્વત શ્રી ગિરીરાજજીના ભાઈ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, કામતા, ચિત્રકૂટ, પો. પીલીકોઠી ૪૮૫૩૩૬ (ઉ.પ્ર.)

૨૫. પચ્ચીસમા બેઠકજી :

શ્રી અયોધ્યાના બેઠકજી :

આ બેઠકજી અયોધ્યા ગામથી ૨ કિ. મી. દૂર સરયુ નદીને કિનારે વલ્લભઘાટ પર હનુમાન મઢી પાસે આવેલું છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, રામઘાટ રોડ, જી. ફૈઝાબાદ, મુ. અયોધ્યા ૨૨૪૧૨૩ (ઉ.પ્ર.)

૨૬. શ્રી છવ્વીસમા બેઠકજી :

શ્રી નૈમિષારણ્યના બેઠકજી :

ઉત્તર પ્રદેશના બાલામાઉ અને સીતાપુર વચ્ચે આ નૈમિષારણ્ય નામનું રેલવે સ્ટેશન આવેલ છે. ત્યાં ગોવિંદ કુંડ ઉપર છોકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીના બેઠકજી છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, તાલુકો : મિશ્રક, જી. સીતાપુર, મુ. નૈમિષારણ્ય (ઉ.પ્ર.)

૨૭. શ્રી સત્તાવીસમા બેઠકજી

શ્રી કાશીના બેઠકજી, કાશી.

ઉત્તર પ્રદેશના અલાહાબાદ અને મોગલસરાઈ વચ્ચે કાશી નામનું રેલવે સ્ટેશન છે. આ બેઠકજી. પ. ભ. શેઠ શ્રી પુરૂષોત્તમદાસજીના ઘરમાં છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, પ. ભ. શેઠ શ્રી પુરૂષોત્તમદાસને ઘરે, જતન વડ, ચૈતન્ય સામેના ખાંચામાં, વારાણસી (કાશી) ૨૨૧૦૦૧ (ઉ.પ્ર.)

૨૮. શ્રી અટ્ઠાવીસમા બેઠકજી :

શ્રી કાશીજીના બેઠકજી નં. ૨ કાશી

શ્રી કાશીજીના આ બેઠકજી હનુમાનઘાટ ઉપર આવેલા છે. સંવત ૧૫૭૮ના અષાઢ સુદ બીજ–ત્રીજને દિવસે આપશ્રીએ શ્રી ગંગાજીની મધ્યધારામાં પધારી, જ્યોતિપુંજ દ્વારા નિત્ય લીલામાં પધાર્યા હતા.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, હનુમાનઘાટ, મુ. વારાણસી (કાશી) ૨૨૧૦૦૧ (ઉ.પ્ર.)

૨૯. શ્રી ઓગણત્રીસમા બેઠકજી :

શ્રી હરિહર ક્ષેત્રના બેઠકજી (હાજીપુર)

બિહાર પ્રાંતમાં સોનપુર અને બછવારા જંકશન વચ્ચે હાજીપુર રેલવે સ્ટેશનથી લગભગ ૨ કિ. મી. દૂર ગામના એક છેડે આ બેઠકજી આવેલા છે. જે પ. ભ. શ્રી ભગવાનદાસભાઈના ઘરમાં આ બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી (હરિહર ક્ષેત્ર), શ્રી મહાદેવજીના મંદિર પાસે, મગર હટ્ટા ચોક, મુ. હાજીપુર ૮૪૪૦૧, જી. વૈશાલી (બીહાર)

૩૦ શ્રી ત્રીસમા બેઠકજી :

શ્રી જનકપુરના બેઠકજી

બિહાર પ્રાંતમાં હાજીપુર ગામથી ૭ કિ.મી. દૂર આવેલ "છોટીડીઘી" નામના એક ગામડામાં પ.ભ. શ્રી ભગવાનદાસભાઈના બગીચામાં માણેક તળાવ ઉપર શ્રી બેઠકજી પ્રકટ છે.

શ્રી મહાપ્રભુજી બેઠકજી, હાજીપુર ગામથી આશરે ૬થી ૭ કિ. મી. દૂર, માણેક તળાવ, મુ. હાજીપુર ૮૪૪૦૦૧, જી. વૈશાલી (બિહાર)

૩૧. શ્રી એકત્રીસમા બેઠકજી

શ્રી ગંગાસાગરના બેઠકજી

કલકત્તા–એસ્પ્લેનેડ (ધરમતલા)થી કાગદ્વીપ–નં. ૮ પર ઊતરવું. ત્યાંથી સામે લોન્ચમાં જવું. સામે પારથી બસમાં ગંગાસાગર જવું. આ શ્રી બેઠકજી બસરસ્તા પર આવે છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રી ગંગાસાગર, કલકત્તા

૩૨. શ્રી બત્રીસમા બેઠકજી :

શ્રી ચંપારણ્યના મુખ્ય બેઠકજી

તીર્થક્ષેત્ર શ્રી ચંપારણ્યધામ, વૈષ્ણવ સૃષ્ટિનું સૌપ્રથમ આધિદૈવિક, વ્રજમંડળસમું, પુષ્ટિના પાયાનું ઐતિહાસિક, ધાર્મિક સ્થળ મધ્ય પ્રદેશના રાયપુર શહેરથી ૬૦ કિ. મી. દૂર શોભાયમાન અરણ્યમાં આવેલ છે. રાયપુરથી ચંપારણ્ય બસ તથા ટેકસી દ્વારા જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેંઠકજી, વાયા : રાજીમ, જી. રાયપુર, મુ. ચંપારણ્ય ૪૯૩૮૩૧ (મ. પ્રદેશ)

૩૩. શ્રી તેત્રીસમા બેઠકજી

શ્રી ચંપારણ્યના છઠ્ઠીના બેઠકજી

શ્રી બેઠકજી ચરિત્ર પ્રમાણે આ સ્થાનમાં શ્રી લક્ષ્મણભટ્ટજીએ શ્રી વલ્લભનું છઠ્ઠી પૂજન કર્યુ હતુ, જે શ્રી ચંપારણ્યના મુખ્ય બેઠકજીની બાજુમાં આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, છઠ્ઠીના બેઠકજી, વાયા : રાજીમ, મુ. ચંપારણ્ય ૪૯૩૮૩૧, જી. રાયપુર (મ.પ્ર.)

૩૪. શ્રી ચાત્રીસમા બેઠકજી

શ્રી જગન્નાથપુરી બેઠકજી

ઓરિસ્સા રાજ્યમાં કટક વિજયાનગર વચ્ચે આવેલ ખુરદા રોડ નામના જંકશનથી જગન્નાથપુરી જઈ શકાય છે તેમ જ બસ દ્વારા પણ જઈ શકાય છે. શ્રી જગદીશના મંદિરની બાજુમાં આ શ્રી બેઠકજી છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક (જગન્નાથપુરી), હરજીમલ દૂધવાળા પાસે, ગ્રાન્ટરોડ, પુરી ૭૫૨૦૦૧ (ઓરિસ્સા રાજ્ય)

૩૫. પાંત્રીસમા બેઠકજી

શ્રી પંઢરપુરના બેઠકજી

મહારાષ્ટ્રમાં દક્ષિણ–મધ્ય રેલવેની કુર્દુવાડી–મીરજ લાઈન પર પંઢરપુર સ્ટેશન આવેલું છે ત્યાં ચંદ્રભાગા નદીના કિનારા ઉપર શ્રી બેઠકજી આવેલ છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક, ચંદ્રભાગાના સામા કિનારે, પંઢરપુર ૪૧૩૩૦૪ (મહારાષ્ટ્ર)

૩૬. શ્રી છત્રીસમા બેઠકજી

શ્રી નાસિકના બેઠકજી

મહારાષ્ટ્રમાં મધ્ય રેલવેના નાસિક રોડ સ્ટેશનથી ૭–૮ કિ. મી. દૂર નાસિક શહેરમાં ગોદાવરી નદીના સામા કિનારે પંચવટીની મધ્યમાં શ્રી બેઠકજી પ્રકટ બિરાજે છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક, પરસરામ પુરિયા માર્ગ, પંચવટી, મુ. નાસિક ૪૨૨૦૦૧ (મહારાષ્ટ્ર)

દક્ષિણ યાત્રા

૩૭. શ્રી સાડત્રીસમા બેઠકજી

શ્રી પન્ના નૃસિંહજીના બેઠકજી

આ બેઠકજી આંધ્રપ્રદેશમાં આવેલા છે. મછલીપટ્ટમ–બેઝવાડા હુબલી રેલવે લાઈનમાં બેઝવાડાથી ૧૨ કિ. મી. દૂર મંગળ–ગિરિ નામનું રેલવે સ્ટેશન આવેલ છે. સ્ટેશનથી ૧ કિ. મી. દૂર મંગળગિરી નગરમાં ૧૫૦૦ મીટર ઊંચા મંગળગિરી પર્વતપર આપશ્રીના ગુપ્ત બેઠકજી આવેલ છે.

૩૮. શ્રી આડત્રીસમા બેઠકજી

શ્રી લક્ષ્મણ બાલાજીના બેઠકજી :

આંધ્રપ્રદેશમાં રાણીગુંટા જીલ્લામાં તિરૂમલાઈ નામનું ગામ આવેલું છે. અહીં વ્યંકટ પર્વતની તળેટીમાં તિરૂપતિ ઈષ્ટ નામનું રેલવે સ્ટેશન આવેલું છે. આ સ્ટેશન પર ઊતરીને બસ દ્વારા આશરે ૨૦ કિ. મી. ના અંતરે શ્રી લક્ષ્મણ બાબાજીના ધામ પર જવાય છે. ત્યાં પુષ્કરની નામના કુંડ પાસે આપશ્રીના બેઠકજી પ્રગટ બિરાજે છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, લક્ષ્મણ બાલાજી, કાશી મઠની બાજુમાં, કર્ણાટક ધર્મશાળાની પાછળ, તિરૂમાલા ૫૧૭૫૦૪ (આંધ્રપ્રદેશ)

૩૯. શ્રી ઓગણચાલીસમા બેઠકજી :

શ્રી રંગમજીના બેઠકજી (શ્રીરંગમ્)

આ બેઠકજી તામિલનાડુ પ્રદેશમાં શ્રીરંગમ્ નામના ગામે આવેલા છે. મદુરા જતાં વિલુપુરમ અને ત્રિચિનાપલ્લી વચ્ચે શ્રીરંગપુરમ્ નામનું રેલવે સ્ટેશન આવેલ છે. ત્યાંથી આશરે ૫ કિ. મી. ના અંતરે આપશ્રીના બેઠકજી આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, નોર્થ ગેટ નોર્થ ચિત્રા સ્ટ્રીટ, ક્રિષ્ના કોઈલ પાસે, શ્રીરંગપુરમ્, ત્રિચી ૬૨૦૦૦૬.

૪૦. શ્રી ચાલીસમા બેઠકજી

શ્રી વિષ્ણુ કાંચીના બેઠકજી (કાંજીવરમ્)

તામિલનાડુ રાજ્યમાં મદ્રાસથી આશરે ૧૦૦ કિ.મી. દૂર કાંજીવરમ્ નામના ગામમાં આ બેઠકજી આવેલ છે. કાંજીવરમ્ સ્ટેશનથી આશરે ૧ કિ. મી. દૂર આવેલ સુરભિ નદી જેને વેત્રવતી નદી પણ કહે છે તેના સામા કિનારે આપશ્રીના બેઠકજી આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, વૈત્રવતી, મુતૈકુલમ, વિષ્ણુકાંચી, કાંચીપુરમ્ ૬૩૧૫૦૧ (તામિલનાડુ)

૪૧. શ્રી એકતાલીસમા બેઠકજી

શ્રી સેતુબંધ રામેશ્વરના બેઠકજી :

તામિલનાડું પ્રદેશમાં રામનાડ જીલ્લાના રામેશ્વર ગામમાં આ ગુપ્ત બેઠકજી આવેલ છે. ત્રિચિનાપલ્લી રામનાડ થઈને જવાથી રામેશ્વર નામનું રેલવે સ્ટેશન આવેલ છે.

૪૨. શ્રી બેતાલીસમા બેઠકજી

શ્રી મલયાચલ પર્વતના બેઠકજી

કર્ણાટક પ્રદેશમાં નિલગિરિના કહેવાતા પહાડોમાં ઉટાકામંડ પાસે મલયાચલ પર્વતના બેઠકજી ગુપ્ત રીતે બિરાજે

છે. આ સ્થળે કોઈમ્બતુર અને મેટુરપલિયમ થઈને જવાય છે.

૪૩. શ્રી તેતાલીસમા બેઠકજી

શ્રી લોહગઢના બેઠકજી (ગોવા)

આ બેઠકજી હાલમાં ગોવામાં બિરાજે છે. ગોવાને કોંકણગોવા પણ કહે છે. મુંબઈથી પૂના થઈને રેલવે તથા બસ દ્વારા ગોવા જઈ શકાય છે. હાલમાં જ આ બેઠકજીનું સ્થાન પ્રાપ્ત થયું છે.

૪૪. શ્રી ચુમ્માલીસમા બેઠકજી

શ્રી તામ્રપુર્ણા નદી પરના બેઠકજી :

તામિલનાડુના ત્રિચિનાપલ્લી અને મદુરાઈ વચ્ચે નીનેવેલ્લી નામનું રેલવે સ્ટેશન આવેલું છે. અહીંથી તામ્રપર્ણા નામની નદી વહે છે. આ નદીને કિનારે શ્રી મહાપ્રભુજીના બેઠકજી બિરાજે છે એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ બેઠકજી અપ્રગટ છે.

૪૫. શ્રી પિસ્તાલીસમા બેઠકજી

શ્રી કૃષ્ણા નદી પરના બેઠકજી

આંધ્રપ્રદેશમાં આવેલા કૃષ્ણા નામના ગામમાં આ બેઠકજી આવેલા છે. વાડી જંકશન અને રાયપુર વચ્ચે આ કૃષ્ણા નામનું રેલવે સ્ટેશન આવેલ છે. આ સ્ટેશનથી આશરે ૧ કિ. મી. દૂર શ્રી કૃષ્ણા નદી આવેલ છે. જ્યાં આપશ્રીના બેઠકજી બિરાજે છે જે અપ્રગટ છે.

૪૬. શ્રી છેતાલીસમા બેઠકજી

શ્રી પંપા સરોવરના બેઠકજી

આંધ્ર પ્રદેશમાં હમ્પી નામના ગામથી આશરે ૮ કિ. મી. દૂર આ ગુપ્ત બેઠકજી આવેલ છે. ગુંટકલ હુબલી વચ્ચે હોસ્પેટ નામનું રેલવે સ્ટેશન આવેલ છે. જ્યાંથી હમ્પી ગામ આશરે ૧૦ કિ. મી. દૂર છે. મોટર બસ દ્વારા અહીં જવાય છે.

૪૭. શ્રી સુડતાલીસમા બેઠકજી

શ્રી પદ્‌મનાભજીના બેઠકજી

આ બેઠકજી કેરલાના ત્રિવેન્દ્રમ નામના ગામમાં આવેલા છે. ત્રિચીનાપલ્લી મદુરાઈ કવીલોન લાઈન પર ત્રિવેન્દ્રમ નામનું રેલવે સ્ટેશન આવેલ છે. તિનવેલીથી નાગરફોઈલ થઈને મોટર બસ વગેરે વાહનો દ્વારા પણ અહીં જઈ શકાય છે. આ બેઠકજી ગુપ્ત છે.

૪૮. શ્રી અડતાલીસમા બેઠકજી

શ્રી જનાર્દનના બેઠકજી :

કેરલા રાજ્યના વરકલા નામના ગામમાં શ્રી જનાર્દનના બેઠકજી આવેલ છે. ત્રિવેન્દ્રમ–કવીલોન લાઈન પર વરકલા નામનું રેલવે સ્ટેશન છે. જ્યાંથી આશરે ૨।। કિ. મી. દૂર આ બેઠકજી પ્રગટ બિરાજે છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક, પો. વરકલા ૬૯૫૧૪૧, કેરલા રાજ્ય.

૪૯. શ્રી ઓગણપચાસમા બેઠકજી

શ્રી વિધાનગરના બેઠકજી

કેરલ રાજ્યના હમ્પી ગામમાં આ બેઠકજી આવેલ છે. ગુંટકલ હુબલી લાઈન પર હોસ્પેટ નામનું રેલવે સ્ટેશન આવેલ છે.

અહીંથી આશરે ૧૦ કિ. મી. દૂર આ સ્થળ આવેલું છે. આગળનું વિધાનગર હાલ હમ્પી નામે જાણીતુ છે. આ બેઠકજી ગુપ્ત છે.

૫૦. શ્રી પચાસમા બેઠકજી

શ્રી ત્રિલોકભાનજીના બેઠકજી

આ સ્થાન હજી સુધી નિશ્ચિત નથી, પરંતુ શ્રી વલ્લભ દિગ્વિજય મુજબ શ્રી આચાર્યજી ત્રિલોકભાનજીથી તોતાદ્રિ પર્વત પધાર્યા છે એ જયાં તામ્રપર્ણી નદી વહે છે તે તિનેવેલી ગામથી તોતાદ્રી પર્વત આશરે ૩૦ કિ. મી. દૂર છે. તેથી તોતાદ્રિ પર્વત તામ્રપર્ણી નદીની વચ્ચે આ સ્થાન હોવાનું મનાય છે.

૫૧. શ્રી એકાવનમા બેઠકજી

શ્રી તોતાદ્રી પર્વતના બેઠકજી

તામિલનાડુના નંગુનેરી નામના ગામમાં શ્રી તોતાદ્રી પર્વતના બેઠકજી આવેલા છે. ત્રિચીનાપલ્લી મદુરા થઈને તિનેવેલી નામનું રેલ્વે સ્ટેશન આવેલ છે. તિનેવેલી ગામથી આશરે ૩૦ કિ. મી. દૂર આ બેઠકજીનું સ્થળ આવેલું છે. આ બેઠકજી ગુપ્ત છે.

૫૨. શ્રી બાવનમા બેઠકજી

શ્રી દરવસેનજી બેઠકજી

તામિલનાડુ રાજ્યમાં આવેલા રામનાડ જીલ્લામાં આદિસેતુ ગામમાં શ્રી દરવસેનજીના બેઠકજી આવેલા છે. દર્ભશયનનું અપભ્રંશ ભઈને તે દરવસેનજી થયું છે. ત્રિચીનાપલ્લી અને રામેશ્વર વચ્ચે રામનાડ નામના રેલ્વે સ્ટેશનથી આશરે ૮–૧૦ કિ. મી. દૂર આદિસેતુ ગામ આવેલ છે. આ બેઠકજી ગુપ્ત છે.

ગુજરાતના બેઠકજી

૫૩. શ્રી ત્રેપનમા બેઠકજી

શ્રી સુરતના બેઠકજી

ગુજરાત રાજ્યમાં સુરત નામના શહેરમાં આ બેઠકજી આવેલા છે. ગામથી આશરે ચાર કિ. મી. દૂર તાપી નદીના કિનારે અશ્વિનીકુમારના ઓવારા ઉપર શ્રીમહાપ્રભુજીના બેઠકજી છે.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી, અશ્વિનીકુમાર ઘાટ, સુરત ૩૯૫૦૦૧. ગુજરાત.

૫૪. શ્રી ચોપનમા બેઠકજી

શ્રી ભરૂચના બેઠકજી

ગુજરાત રાજ્યના ભરૂચ નામના શહેરમા આ બેઠકજી આવેલ છે. ભરૂચ રેલવે સ્ટેશનથી ગામ તરફ જતાં પાવરહાઉસની બાજુમાંજ બેઠકજી આવેલા છે અને ત્યાંથી થોડે દૂર નર્મદા નદી આવેલ છે.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી, પાવરહાઉસ પાસે, મુ. ભરૂચ ૩૯૨૦૦૧. ગુજરાત.

૫૫. શ્રી પંચાવનમા બેઠકજી

શ્રી મોરબીના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં વાંકાનેર અને નવલખી વચ્ચે આ મોરબી નામનું ગામ આવેલ છે. આ ગામમાં

મચ્છુ નદી આવેલી છે અને તેના સામા કિનારા પર બેઠકજી આવેલ છે.
શ્રીમહાપ્રભુજીના બેઠકજી, મચ્છુ નદીના સામા કિનારે, મુ. મોરબી ૩૬૩૬૪૧. ગુજરાત.

૫૬. શ્રી છપ્પનમા બેઠકજી

શ્રી નવાનગર (જામનગર)ના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં જામનગર નામનું ગામ આવેલું છે. આ ગામમાં નાગમતિ નામની નદિ છે જેના કિનારે આ બેઠકજી આવેલા છે.
શ્રીમહાપ્રભુજીના બેઠકજી, નાગમતી નદીના કાંઠે, કાલાવડ ગેટ રોડ, મુ. જામનગર ૩૬૧૦૦૧. ગુજરાત.

૫૭. શ્રી સત્તાવનમા બેઠકજી

શ્રી ખંભાળિયાના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં હાલાર વિભાગમાં આવેલ જામખંભાળિયા ગામમાં આ બેઠકજી આવેલા છે. જામનગર અને દ્વારકા વચ્ચે આ જામખંભાળિયા નામનું રેલવે સ્ટેશન આવે છે. ગામથી આશરે ૧ કિ. મી. દૂર આ બેઠકજી આવેલા છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, સ્ટેશન રોડ, કુંડ ઉપર, મુ. જામખંભાળિયા ૩૬૧૩૦૫. જી. જામનગર. ગુજરાત.

૫૮. શ્રી અઠ્ઠાવનમા બેઠકજી

શ્રી પિંડતારકના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં ભાટિયા નામના ગામ પાસે એક પિંડારા નામના ગામમાં આ બેઠકજી આવેલ છે. આ ગામથી ૨ કિ. મી. દૂર પિંડતારક નામનું તીર્થ આવેલું છે કે જ્યાં શ્રી બેઠકજી પ્રગટ બિરાજે છે.
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, પિંડતારક, પો. પિંડારા ૩૬૧૩૦૫. જી. જામનગર. ગુજરાત.

૫૯. શ્રી ઓગણસાઈઠમા બેઠકજી

શ્રી મુળ ગોમતીજીના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં ઓખા મંડળના દ્વારકા અને ગોપીતલાઈ વચ્ચે ભાવડા નામના ગામ પાસે આ બેઠકજી બિરાજમાન છે. આ ગામ દ્વારકાથી આશરે ૧૫ થી ૨૦ કિ. મી. ના અંતરે આવેલ છે.
શ્રીમહાપ્રભુજીના બેઠકજી, મૂળ ગોમતી વ્યવસ્થાપક, સનજીરામ નીલકંઠ ચોક, દ્વારકા ૩૬૧૩૩૫ ગુજરાત.

૬૦. શ્રી સાઈઠમા બેઠકજી

શ્રી દ્વારકાના બેઠકજી

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્રમાં ઓખા મંડળમાં આવેલા દરિયાકાંઠે દ્વારકા નામના મહાન તીર્થધામમાં આ બેઠકજી પ્રગટ બિરાજે છે. હરિકુંડ નામનો એક કુંડ છે કે જે કુંડ ઉપર આ બેઠકજી આવેલા છે.
શ્રીમહાપ્રભુજીના બેઠકજી, હરિકુંડ, ગોમતી કિનારે, મુ. દ્વારકા ૩૬૧૩૩૫. ગુજરાત.

૬૧. શ્રી એકસઠમા બેઠકજી

શ્રી ગોપીતળાવના બેઠકજી

દ્વારકાથી ૨૦ કિ. મી. દૂર ગોપીતળાવ નામનું ગામ આવેલ છે. ત્યાંથી દ્વારકા રેલવે અને બસ દ્વારા પણ જઈ

શકાય છે. આ ગામમાં આવેલ તળાવનું નામ ગોપી તળાવ છે. બેઠકજી પ્રગટ બિરાજે છે.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી, ગોપી તળાવ, જી. જામનગર ૩૬૧૩૩૫. ગુજરાત.

૬૨. શ્રી બાસઠમા બેઠકજી

શ્રી શંખોદ્વારના બેઠકજી

જામનગર ઓખા રેલવે લાઈન પર ઓખા નામનું છેલ્લું રેલવે સ્ટેશન આવે છે. ઓખાથી મોટરબોટમાં બેસી શંખોદ્વાર (બેટદ્વારકા) જઈ શકાય છે. શંખોદ્વાર (બેટ દ્વારકા) દરિયામાં આવેલો એક બેટ છે ત્યાં શંખોદ્વાર નામનો કુંડ છે અને કુંડની સામે પ્રગટ બેઠકજી છે.

નોંધ : મોટરબોટ પછી આશરે ૧॥ થી ૨ કિ. મી. ચાલ્યા પછી બેઠકજી છે. વાહનની વ્યવસ્થા બહુ જ ઓંછી છે.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી, શંખતળાવ ઉપર મુકામ બેટ, જામનગર ૩૬૧૩૩૦.

૬૩. શ્રી ત્રેસઠમાં બેઠકજી

શ્રી નારાયણ સરોવરના બેઠકજી

કચ્છના મુખ્ય શહેર ભુજથી આશરે ૧૫૦ કિ. મી. દૂર શ્રી નારાયણ સરોવર આવેલું છે. આ સરોવરથી આશરે ૧ કિ. મી. બેઠકજી પ્રગટ બિરાજે છે. બેઠકજી બહુ જ સુંદર છે અને વ્યવસ્થા પણ ઉત્તમ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, નારાયણ સરોવર, તા. લખપત, જી. કચ્છ.

૬૪. શ્રી ચોસઠમા બેઠકજી

શ્રી જુનાગઢની બેઠકજી

જુનાગઢમાં ગિરનાર પર્વતની તબેટીમાં દામોદર અને રેવતી કુંડ ઉપર બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, દામોદર કુંડ, ગિરનાર રોડ, જુનાગઢ ૩૬૨૦૦૧.

૬૫. શ્રી પાંસઠમા બેઠકજી

પ્રભાસ પાટણના બેઠકજી

પ્રભાસ પાટણ વેરાવળ પાસે આવેલું છે. શહેરથી ૩ કિ. મી. દૂર પ્રભાસ પાટણ નામનું ગામ આવેલું છે. પ્રભાસ પાટણથી ૨ થી ૩ કિ. મી. દૂર હિરણ્યા નામની નદી વહે છે. અહીં દેહુત્તર નામનું પ્રાચીન તીર્થ આવેલ છે. એની બાજુમાં શ્રી મહાપ્રભુજીના બેઠકજી નદીની કાંઠે બિરાજે છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, નદીના કાંઠે, પ્રભાસ પાટણ, જી. જૂનાગઢ. ગુજરાત.

૬૬. શ્રી છાંસઠમા બેઠકજી

શ્રી માધવપુરના બેઠકજી

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને વેરાવળની વચ્ચે આવતા કેશોદ નામના રેલવે સ્ટેશન દ્વારા અને બસ દ્વારા માધવપુર જઈ શકાય છે. માધવપુર ગામથી ૧ કિ. મી. દૂર બેઠકજી બિરાજે છે અને તે ઘેડ નામના પ્રદેશમાં આવેલ હોવાથી સ્થળનું નામ માધવપુર ઘેડ છે. શ્રી મહાપ્રભુજીના બેઠકજી, કદર્બ કુંડ ઉપર – માધવપુર ઘેડ, જુનાગઢ ૬૩૨૨૩૯. ગુજરાત.

૬૭. શ્રી સડસઠમા બેઠકજી

શ્રી ગુપ્ત પ્રયાગ બેઠકજી

જૂનાગઢ જીલ્લામાં ઉના–દેલવાડા ગામના નજીક ગુપ્ત પ્રયાગ નામના તીર્થમાં આ બેઠકજી આવેલ છે. દેવવાડા ચોકડીથી બેઠકજી ૨.૫ કિ. મી. દૂર છે. ત્રિવેણી કુંડ ઉપર આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ગુપ્ત પ્રયાગ, પો. દેલવાડા, જુનાગઢ ૩૬૨૫૧૦. ગુજરાત.

૬૮. શ્રી અડસઠમા બેઠકજી

શ્રી તગડીના બેઠકજી

અમદાવાદ અને બોટાદ શહેર વચ્ચે તગડી નામનું રેલવે સ્ટેશન છે. અમદાવાદથી બસ દ્વારા પણ તગડી જઈ શકાય છે. ગામની બહાર એક મોટું તળાવ છે એમની ઉપર બેઠકજી છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, તગડી ૩૮૨૨૫૦, જી. અમદાવાદ.

૬૯. શ્રી ઓગણસિતેરમા બેઠકજી

શ્રી નરોડાના બેઠકજી

ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરથી આશરે ૧૦ કિ. મી. દૂર નરોડા ગામમાં આ બેઠકજી આવેલ છે. અમદાવાદથી સિટી બસ દ્વારા તેમ જ ટેકસી તથા રીક્ષા દ્વારા પણ નરોડા જઈ શકાય છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, નરોડા રોડ, મુ. અમદાવાદ ૩૮૦૦૨૫.

૭૦. શ્રી સિત્તેરમા બેઠકજી

શ્રી ગોધરાના બેઠકજી

ગુજરાત રાજ્યના આણંદ અને દાહોદ વચ્ચે આ ગોધરા નામનું રેલવે સ્ટેશન આવેલ છે. રેલવે તથા બસ દ્વારા અહીં જઈ શકાય છે. અહીં બસ સ્ટેન્ડ પાસે જ આપશ્રીના બેઠકજી બિરાજે છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, રાણા વ્યાસ માર્ગ, ગોધરા ૩૮૯૦૦૧, જી. પંચમહાલ.

૭૧. શ્રી એકોતેરમા બેઠકજી

શ્રી ખેરાળુના બેઠકજી

ગુજરાત રાજ્યના મહેસાણા જીલ્લામાં મહેસાણા તથા તારંગા વચ્ચે આ સ્થળ આવેલ છે. અહીં બસ દ્વારા પણ જઈ શકાય છે. સ્ટેશનથી આશરે ૧ કિ. મી. દૂર ગામમાં આ બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, શ્રીમાળી વાસ, ખેરાળુ ૩૮૪૩૨૫. જી. મહેસાણા.

૭૨. શ્રી બોતેરમા બેઠકજી

શ્રી સિધ્ધપુરના બેઠકજી

અમદાવાદથી ૫૦ કિ. મી. દૂર આ બેઠકજી આવેલા છે. આ જગ્યા મહેસાણા અને પાલનપુરની વચ્ચે આવેલ છે. અહીં મોટર–બસ દ્વારા જવાય છે.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી, બિંદુ સરોવર પાસે, સિધ્ધપુર, મહેસાણા. ગુજરાત.

૭૩. શ્રી તોતેરમા બેઠકજી

શ્રી ઉજ્જૈનના બેઠકજી

મધ્યપ્રદેશમાં રતલામ અને ભોપાલ વચ્ચે ઉજ્જૈન નામનું રેલવે સ્ટેશન છે. સ્ટેશનથી આશરે ત્રણ કિ. મી. દૂર ક્ષિપ્રા નદીના કિનારા ઉપર ગોમતી કુંડ ઉપર શ્રી બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ગોમતીકુંડ, સાંદિપની આશ્રમ પાસે, ઉજ્જૈન ૪૫૬૦૦૧ (મધ્ય પ્રદેશ)

૭૪. શ્રી ચુમોતેરમાં બેઠકજી

શ્રી પુષ્કરજીના બેઠકજી

રાજસ્થાનમાં શ્રી નાથદ્વારાથી જયપુર જતાં રસ્તામાં અજમેર શહેર આવેલ છે. અજમેરથી આશરે ૧૨ કિ. મી. દૂર પુષ્કરજી નામનું તીર્થસ્થાન આવેલું છે. ત્યાં બ્રમ્હાજીના મંદિરની બાજુમાં શ્રી બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠક, વલ્લભઘાટ, પુષ્કર ૩૦૫૦૨૨, જી. અજમેર (રાજસ્થાન)

૭૫. શ્રી પંચોતેરમા બેઠકજી

શ્રી કુરૂક્ષેત્રના બેઠકજી :

ઉત્તર પ્રદેશમાં દિલ્હી અને અંબાલા વચ્ચે કુરૂક્ષેત્ર રેલવે સ્ટેશનથી આશરે ૪ થી ૫ કિ. મી. દૂર થાનેશ્વર (થાનસર) ગામમાં ભદ્રકાલી દેવીના મંદિર તરફના રસ્તે જતા ફરીદ કોર્ટ હાઉસ શેરી પાસે શ્રી બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી, ફરીદ કોર્ટ હાઉસ શેરી, મુ. થાનેશ્વર, કુરૂક્ષેત્ર. (ઉત્તર પ્રદેશ)

૭૬. શ્રી છોતેરમા બેઠકજી

શ્રી હરિદ્વારના બેઠકજી

ઉત્તર પ્રદેશમાં દિલ્હીથી દહેરાદૂન જતાં હરિદ્વાર રેલવે સ્ટેશન આવે છે. હરિદ્વારમાં રામઘાટ ઉપર શ્રીગંગા નદીના કિનારે આપશ્રીની બેઠક આવેલ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠક, રામઘાટ, ગંગા કિનારે, હરિદ્વાર ૨૪૯૪૦૧ (ઉત્તર પ્રદેશ)

૭૭. શ્રી સીત્તોતેરમા બેઠકજી

શ્રી બદ્રીકાશ્રમના બેઠકજી

હિમાલય પ્રદેશમાં હરિદ્વારથી બસ અથવા ટેકસી દ્વારા બદ્રિકાશ્રમ જવાય છે. શ્રી બદ્રિકાશ્રમ મંદિરના દ્વાર સામે ગરમ પાણીના તપ્ત કુંડ પાસે શ્રી બેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક, મંદિર પાસે, બદ્રિનાથ ૨૪૬૪૨૨ (ઉત્તર પ્રદેશ)

૭૮. શ્રી અઠયોતેરમા બેઠકજી

શ્રી કેદારનાથજીના બેઠકજી

હરિદ્વારથી ગૌરીકુંડ સુધી મોટર, બસ દ્વારા જઈ શકાય છે અને પછી ૧૮ થી ૨૦ કિ. મી. ચાલીને, ઘોડા અથવા

ડોલી દ્વારા જઈ શકાય છે. ત્યાં શ્રી બેઠકજી પ્રગટ થયા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠક, કેદારનાથ.

૭૯. શ્રી ઓગણ્યાએંસીમા બેઠકજી

શ્રી વ્યાસાશ્રમના બેઠકજી

શ્રી બદ્રિનાથથી પાંચ કિ. મી. દૂર વ્યાસાશ્રમ આવેલો છે. અહીં આપશ્રીની બેઠકજી આવેલ છે.

શ્રી મહાપ્રભુજીની બેઠક, વ્યાસાશ્રમ, બદ્રિનાથ ૨૪૬૪૨૨ (ઉત્તર પ્રદેશ)

૮૦. શ્રી એંસીમા બેઠકજી

શ્રી હિમાચલ પર્વતના બેઠકજી

કેદારનાથથી ૧ કિ. મી. ઉપર જતા બરફ આચ્છાદિત હિમાલયનાં ઊંચાં શિખરોના પ્રદેશમાં શ્રી બેઠકજી આવેલા છે.

૮૧. શ્રી એકયાંશીમા બેઠકજી :

શ્રી વ્યાસગંગાના બેઠકજી :

હૃષીકેશથી મોટરમાર્ગે કીર્તીનગર થઈને ત્યાંથી ચાલીને વ્યાસઘાટ જવાય છે. ત્યાં વ્યાસગંગા નદીને કિનારે શ્રી બેઠકજી આવેલ છે.

૮૨. શ્રી બ્યાંશીમા બેઠકજી

શ્રી મંદરાચલ પર્વતના બેઠકજી

હૃષીકેશથી બસ દ્વારા કીર્તીનગર થઈ ત્યાંથી લગભગ ૮ થી ૧૦ કિ. મી. દૂર પગરસ્તે મંદરાચલ પર્વત પર શ્રી બેઠકજી આવેલા છે.

૮૩. શ્રી ત્યાંશીમા બેઠકજી

શ્રી અડેલના બેઠકજી

ઉત્તર પ્રદેશમાં અલાહાબાદ જીલ્લામાં અલાહાબાદ સ્ટેશનથી નૈની સ્ટેશન જવાય છે. ત્યાંથી દેવરખ ૩ કિ. મી. દૂર થાય છે. દેવરખ ગામથી દૂર દોઢ કિ. મી. પર શ્રીબેઠકજી આવેલા છે.

શ્રી મહાપ્રભુજીના બેઠક, ગામ દેવરખ, પો. નૈની ૨૧૧૦૦૬, જી. અલાહાબાદ (ઉત્તર પ્રદેશ)

૮૪. શ્રી ચોર્યાશીમા બેઠકજી

શ્રી ચરણાટના બેઠકજી

અલાહાબાદ અને મોગલસરાઈની વચ્ચે ચુનાર જંકશન રેલવે સ્ટેશન છે. ત્યાંથી ૨ કિ. મી. દૂર શ્રી બેઠકજી છે.
અહીં શ્રી ગુસાંઈજીનું પ્રાકટ્ય સ્થળ છે.

શ્રી મહાપ્રભુજીના બેઠકજી (ચરાણાટ), આચાર્યકૃપા, પો. ચુનાર ૨૩૧૩૦૪, જી. મિરજપુર (ઉત્તર પ્રદેશ)



સંવત ૧૫૬૭ માં લોદી સલ્તનત ના બાદશાહે ચિત્રકાર હોનહાર ને મોકલીને શ્રી મહાપ્રભુજીનું ચિત્ર બનાવરાવેલું જે પાછળથી કિસનગઢના મહારાજા નાગરીદાસે બાદશાહ પાસેથી ઈનામમાં માંગી લીધેલ તે આ ચિત્ર જેમાં શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ ભાગવત વાંચે છે. માધવદાસ કાશ્મીરી પાસે શ્રી સુબોધીનીજી લખાવે છે. કૃષ્ણદાસ મેઘન બે હાથ જોડી બેઠેલા છે અને દામોદરદાસ હરસાની દંડવત પ્રમાણ કરે છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જયશ્રીકૃષ્ણ

બ્રહ્મ સંબંધની આજ્ઞા શ્રાવણ સુદિ-૧૧

શ્રી મહાપ્રભુજીએ ધોતી ઉપરણો અને પવિત્રું શ્રીજીને ધરાવનીને મિસરી ભોગ ધર્યો, બાદ શ્રીનાથજીએ આજ્ઞા કરી કે આપ જેને બ્રહ્મ સંબંધ કરાવસો તેનો હું અવશ્ય અંગીકાર કરીશ. આટલું કહી શ્રીનાથજી તો અંતર્ધાન થઇ ગયા. શ્રી મહાપ્રભુજીએ બાજુમાં સૂતેલા દામોદરદાસને પૂછયું કે દમલા તે કંઇ સાંભળ્યું ?

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જયશ્રીકૃષ્ણ





જબાબમાં દામોદરદાસે કહયું કે મહારાજ મેં કંઇક સાંભળ્યું તો ખરૂં પણ તેમાં કંઇ સમજ્યો નથી, વળી શ્રી પુરૂષોતમના વાક્યો જ્યારે વેદ નથી સમજી શકતા હું તો આખરે જીવ હોવાથી કેવી રીતે સમજી શકું ? ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહયું કે દમલા શ્રી ઠાકોરજીએ પધારી જીવોને બ્રહ્મ સંબંધની આજ્ઞા આપી.... બધી વાત કહી સંભળાવી જેથી પ્રાતકાળે એટલે શ્રાવણ સુદિ - ૧૨ ના રોજ સવારે દામોદરદાસને સ્નાન કરાવી આ છોકરના વૃક્ષ નીચે સૌથી પહેલું બ્રહ્મ સંબંધ કરાવ્યું. માર્ગનો સિધ્ધાંત તેમના હૃદયમાં સ્થાપન કર્યો ગોકુલમાં બિરાજી શ્રી મહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરવા પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી (નાગપુરવાળા) ના જયશ્રીકૃષ્ણ

શ્રી વલ્લભ ચરણાનુરાગી



અમૃતલાલ કુરાણી (ગોપીજન)નાં
શ્રી ચરણોમાં સૈદૈન્ય દંડવત પ્રણામ

મુક્તિ કહે વલ્લભ સો મેરી મુકિત બતાઇ ।
વ્રજ રજ ઉડી મસ્તક લગે મુકિત મુકત હો જાય ॥

ગો.વા.પ.ભ. અમૃતલાલ રૂગનાથ કુરાણી
જન્મ : ૬/૨/૧૯૧૯
ગોલોકવાસ : ૨૩/૪/૧૯૯૮ ચેત્રવદ - ૧૧



શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ - ચૈત્ર વદ - ૧૧
શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી
"ભલે પ્રગટયા શ્રી વલ્લભદેવ"

પૂ. પા. શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ મથુરેશ્વરજી મહોદય

પ. વૈ. શ્રી અમૃતલાલ રૂગનાથ તમો અ. સૌ. સ્વ. તારાબેનના સ્મરણાર્થે શ્રીજી બેઠકજીના ચિત્રો સહીત યુક્ત પુસ્તક નું પ્રકાશન કરવા માંગો છો તે જાણીને ઘણીજ પ્રસન્નતા થઇ છે. આ સતકાર્ય કરવા અમારી સપ્રેમ આજ્ઞા છે.



શ્રી નવનીતપ્રિયાજી



શ્રી ગુસાંઇજી



શ્રી મથુરેશજી (કોટા)



શ્રી ગિરિધરજી

શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઇજી - શ્રી ગુંસાઇજીનો જન્મ સં. ૧૫૭૨ મા મા. વ. ૯ ના ચરણાટમાં થએલ એજ દિવસે એક બ્રાહ્મણ શ્રી વિઠ્ઠલનાથજી નું સ્વરૂપ પધરાવી ગયેલ તેથી શ્રી મહાપ્રભુજીએ આપનું નામ શ્રી વિઠ્ઠલનાથજી ધર્યું. બાળપણથીજ શ્રી બાળકૃષ્ણલાલજી ની સેવા કરતા આઠ વર્ષની વયે યજ્ઞોપવિત. બાદમાં શાસ્ત્રૌનું શિક્ષણ. દરરોજ વિવિધ નામાવલીનો પાઠ કરીનેજ ભોજન કરતા. અઠાર વર્ષની વયે લગ્ન. રૂક્ષ્મણી વહુજીથી ૬ પુત્રો ત્થા ૪ પુત્રી. ત્યાર બાદ પદમાવતી બહુજી થી ૧ પુત્ર. શ્રી ગોપીનાથજી ના ભુતળ ત્યાગ પછી આચાર્ય પદ સંભાળ્યું. શ્રીનાથજીનો વૈભવ વધાર્યો. સુરદાસજી વિ. ને અષ્ટસમયના કિર્તનની સેવા સોંપી. આપના દર્શાવિલા સેવા પ્રકારને બીજા સંપ્રદાયોએ પણ સ્વિકારેલ છે. આપે કોઇપણ પ્રકારના ભેદભાવ વગર હિંદુ, મુસલમાન, માછીમાર, હરિજન, ભીલ, ચોર, લુંટારા વિ સર્વેજીવોને શરણે લીધા છે. ભારત પરિક્રમા કરી હતી. સં. ૧૬૪૨ માં સદેહે ગોવિંદસ્વામીની સાથે ગિરિરાજ કંદારામાં લીલા પ્રવેશ.

શ્રી ગિરધરલાલજી - શ્રી ગુસાંઇજીના પ્રથમ લાલજી શ્રી ગીરધરજી નું પ્રાગટય સં. ૧૫૯૭ ના કારતક સુદ ૧૨ ના દિવસે અડેલમાં થયેલ હતું. આપ સર્વ શાસ્ત્રમાં પ્રવિણ હતા. તેમનું ઉપનામ 'ગોવર્ધન' હતું. શ્રી ગુંસાઈજીએ આપશ્રીને શ્રીનાથજી ત્થા શ્રી નવનીતપ્રિયાજી ની સેવા સૌંપી હતી. આપશ્રીએ માત્ર ૬ જીવોને બહ્મસંબંધ આપી શરણે લીધા હતા.

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી દ્વારકે શો જયતિ ॥

श्री हरी :

श्री द्वारकेशो जयति :

Goswami Vagishkumarji
(Kankroli)

Date : 10-6-96

શ્રી અમૃતભાઈ કુરાણી આપના તરફથી છપાનાર પુસ્તક “શ્રી અગ્નિ સ્વરૂપની” પ્રતિલીપી અને ચિત્રજીના દર્શન કરી ખુબ જ આનંદ અને પ્રસન્નતા થયેલ છે.

આજે સંપ્રદાયમાં સિદ્ધાતોને સમજી-વિચારીને સમજનાર વ્યક્તિઓ ખુબ જ ઓછા છે. આજે યુવાનોમાં ભાવનાનો વિકાસ ચોકક્સ પણે થયો છે પણ યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય સાહિત્ય જો એમને પુરું પાડવામા આવે તો ઘણું કાર્ય થઈ શકે છે. અને આ પુસ્તકમાં “શ્રી અગ્નિ સ્વરૂપ”માં બેઠકજી અને એની નીચે એમનું સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ છે. જે ખુબ જ સારી વાત છે. યુવાનો માટે અતિ ઉપયોગી પુસ્તક સિદ્ધ થશે.

શ્રી વલ્લભ ના નામ ધામ અને લીલાઓને સમજવા માટે આ પુસ્તક ઉપયોગી થાય અને વૈષ્ણવો જીવનને ધન્ય કરે એજ પ્રભુના ચરણોમાં નિવેદન સહ.

ભવદીય

ગો. વાગીશ કુમાર

(કાંકરોલી)



શ્રી વિટ્ઠલનાથજી
(શ્રીનાથ દ્વારા)



શ્રી ગોવિંદજી



શ્રી દ્વારકાધીસજી
(કાંકરોલી)



શ્રી બાલકૃષ્ણજી

શ્રી ગોવિંદરાયજી - શ્રી ગુંસાઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીનું પ્રાગટય સંવત ૧૫૯૯ ના કારતક વદ ૮ ને દિવસે અડેલમાં થયું હતું. તેઓ વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવિણ હતા. આપનું ઉપનામ 'રાજાજી' હતું. આપને સેવામાં આસક્તી હતી. કોઇ પણ સંજોગોમાં ઉત્થાપનની સેવા ચુકતા નહીં. તે માટે આપના પુત્ર કલ્યાણરાયજીના લગ્નના વરઘોડામાં પણ પધાર્યા ન હતા.

શ્રી બાલકૃષ્ણલાલજી - શ્રી ગુંસાઇજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણલાલજી નું પ્રાકટય સં. ૧૬૦૬ ના ભાદરવા વદ ૧૩ ના રોજ અડેંલમાં થયું હતું. આપનું ઉપનામ 'રાજીવ લોચન' હતું. આપ વેદમાં પારંગત હતા. એક વખત શ્રી નવનીતપ્રિયાજીનાં 'નંદ મહોત્સવ' માં આપને પીડરૂનો ખ્યાલ પણ રહ્યો ન હતો. આપ શ્રી યશોદાજી સ્વરૂપે પ્રભુને પાલને ઝુલાવતા ત્યારે આપના સ્તનમાંથી દુધની ધારા વહેતી. આપના સેવ્ય સ્વરૂપ શ્રી દ્વારકાધીશજી છે.



પૂ. પા. ગોસ્વામી ૧૦૮ શ્રી મુરલી[illegible]રલાલજી મહોદય (મીલનબાવાશ્રી [illegible] આજ્ઞાથી
કામવન (ઘાટકોપર)



શ્રી ગોકુલનાથજી
(ગોકુળ)



શ્રી ગોકુલનાથજી



શ્રી ગોકુલચંદ્રમાંજી
(કામવન)



શ્રી રઘુનાથજી

શ્રી ગોકુલનાથજી - શ્રી ગુંસાઈજીના ચોથા લાલજીનું પ્રાગટય સં. ૧૬૦૮ માગશર સુદ ૭ ના દિવસે અડેલમાં થયું હતું. આપશ્રીએ ઘણું સાહિત્ય રચેલ છે જેમાં ૮૪/૨૫૨ વૈષ્ણવોની વાર્તા વિ ગ્રંથો છે. આપશ્રી માલા તિલકના સંરક્ષક છે. આપશ્રી ભુતલ ઉપર ૯૦ વર્ષ બિરાજ્યા. આપશ્રીના લીલા પ્રવેશ વખતે આપશ્રીના ૭૮ સેવકોએ પણ પ્રાણ છોડયા હતા.

શ્રી રઘુનાથજી - શ્રી ગુસાંઇજીના પાંચમા લાલજી શ્રીં રઘુનાથજી નું પ્રાગટય સંવત ૧૬૧૧ ના કારતક સુદ ૧૨ ના દિવસે અડેલમાં થયું હતું. આપનું ઉપનામ 'શ્રી રામચંદ્ર' હતું. આપે શ્રી તુલસીદાસજીને શ્રી રામચંદ્ર સ્વરૂપે, દર્શન આપ્યા હતા. આપ શ્રી ગુંસાઈજીના ૧૦૮ નામો રચ્યાં હતા. તેમજ ઘણા ગ્રંથોની ટીકા રચી છે. આપના લાલજી શ્રી ગોપાળલાલજીએ આપણા સંપ્રદાયના એક ફાંટારૂપ 'જયગોપાળ' નો માર્ગ પ્રવર્તોવ્યો છે.



અ.સૌ. સ્વ. તારાબાના
સેવ્ય સ્વરૂપ શ્રી યમુનાજી

મારા ઘરમાં બિરાજતા શ્રીનાથજી શ્રીયમુનાજી શ્રીમહાપ્રભુજી
મે તો ચીતડું શ્રીનાથજીને ચરણે ધર્યુ જીવન સફળ કર્યુ



શ્રી બાલકૃષ્ણલાલજી
(સુરત)



શ્રી યદુનાથજી



શ્રી મદનમોહનજી
(કામવન)



શ્રી ઘનશ્યામજી

શ્રી યદુનાથજી - શ્રી ગુંસાઈજીના છઠ્ઠા લાલજી નું પ્રાગટ્ય સં. ૧૬૧૫ ના ચૈત્ર સુદ ૬ ના દિવસે અડેલમાં થયું હતું. આપનું ઉપનામ ‘શ્રી મહારાજજી’ હતું. આપ આયુર્વેદમાં પ્રવીણ હતા. શ્રી ગુંસાઈજીએ આપના ઉપર શ્રી બાલકૃષ્ણલાલજી નું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. આપને આ નાના સ્વરૂપમાં આસક્તી ન હતી તેથી આપ આપના વડિલ બંધુ શ્રી બાલકૃષ્ણલાલજી સાથે બિરાજતા અને શ્રી દ્વારકાધીશ પ્રભુની સાથે શ્રી બાલકૃષ્ણલાલ ને પધરાવી સેવા કરતા.

શ્રી ઘનશ્યામલાલજી - શ્રી ગુંસાઈજીના સાતમાં લાલજીનું પ્રાગટ્ય સંવત ૧૬૨૮ ના કારતક વદ ૧૩ ના દિવસે મથુરામાં થયું હતું. આપનું ઉપનામ ‘શ્રી પ્રાણવલ્લભ હતું. આપના સેવ્ય સ્વરૂપ શ્રી મદનમોહનજી છે. આપને એક પણ દેહ ધર્મ બાધા ન કરતો. એક વખત ઉનાળામાં આંખો મીચી શ્રી ઠાકોરજીને પંખો કરતા હતા ત્યારે લોકો શ્રી ઠાકોરજી પધરાવી ગયા તેના વિરહમાં અન્ન જળનો ત્યાગ કરી સાત દિવસ બિરાજી સદેહે લીલામાં પધાર્યા.

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧ લી. શ્રીમદ્ ગોકુલ વૃજમંડલ ઉ. પ્ર.



શ્રીનાથજીની આજ્ઞા થતાં ઝારખંડથી શ્રી આચાર્યશ્રી વૃજમાં પધાર્યા. ત્યારે સૌ પ્રથમ..... ગોકુલમાં શ્રી યમુનાજીના કાંઠે છોંકરના વૃક્ષ નીચે ગોવિંદઘાટ ઉપર આવ્યા. શ્રી યમુનાજીએ સ્વયં પધારી ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટ નો ભેદ બતાવ્યો. આપશ્રીએ શ્રી યમુનાષ્ટક ગ્રંથ રચી શ્રી યમુનાજીની સ્તુતિ કરી.

શ્રાવણ સુદ ૧૧ ની મધ્ય રાત્રિએ, શ્રી નાથજી એ પ્રગટ થઈ આપશ્રીને આજ્ઞા કરી કે તમે જેને બ્રહ્મસંબંધ કરાવશો તેનો હું જરૂર અંગીકાર કરીશ. બીજા દિવસે ૧૨ ના દીને આપશ્રીએ દામોદરદાસ હરસાનીને પ્રથમ બ્રહ્મસંબંધ દિક્ષા આપી કહ્યું, જે 'દમલા,યહ માર્ગ તેરે લીએ પ્રગટ કિયો હૈ' ત્યાર પછી બીજા શિષ્યોને બ્રહ્મસંબંધ દિક્ષા આપી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨ જી. બડી બેઠક, શ્રીમદ્ ગોકુલ વૃજમંડલ ઉ.પ્ર.



ભીતરકી બડી બેઠક નામથી જાણીતી આ બેઠકમાં આચાર્યશ્રી આપ ભોજન કરતા અને કથા કહેતા હતા અહીંયા વૃંદાવનના મહંતોએ આચાર્યશ્રીની પરિક્ષા કરવા માટે શ્યામાનંદ નામના વૈષ્ણવને મોકલાવેલ.... તેના બદળામાં શાલીગ્રામ હતા, તે તેણે છોંકરના વૃક્ષ નીચે લટકાવેલ જે ચમત્કારીક રીતે પહેલી વખત દેખાયેલ નહી. બીજી વખત શ્રી આચાર્યશ્રીના કહેવાથી જોતાં અનેક દેખાયા. શ્રી આચાર્યશ્રીએ કહ્યું કે તું તારા ઠાકોરજીને પણ ઓળખી શકતો નથી તો સેવા કેવી રીતે કરીશ. ફરી દૃષ્ટિ કરતાં તેના.... શાલીગ્રામ એકજ હતા. આથી તેણો વૃંદાવન જઇ બધા મહંતોને આ સમાચાર કહ્યા ત્યારે બધાએ કબુલ કર્યું કે શ્રી આચાર્યજી ઇશ્વર છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩ જી. શ્રી શય્યા મંદિર ની બેઠક, શ્રીમદ્ ગોકુલ ઉ. પ્ર.



શય્યા મંદિરની બેઠક તરીકે આ બેઠક જાણીતી છે. ત્યાં આગળ એક યોગેશ્વરે આવી શ્રી મહાપ્રભુજીને દંડવત કરી કહ્યું જે હું દ્વાપર યુગથી અહિંઆ તપસ્યા કરૂં છું. જેના ફળસ્વરૂપે મને આજે આપના દર્શન થયાં છે. અહી સાત મંદિર સિધ્ધ થશે. અને શ્રી ગોકુળ ફરી વસી જશે. ત્યાર પછી સંવત ૧૬૪૭ માં એજ સ્થાન ઉપર પાછળથી શ્રી દ્વારકાનાથજીનું મંદિર સિધ્ધ થયું ત્યારે પાયા ખોદતા યોગેશ્વરની કુટીર નીકળી. શ્રી દ્વારકેશજીએ કુટીર સહિત યોગેશ્વરને હટી જવા કહ્યું ત્યારે તેણો કહ્યું જે મહારાજ, મને શ્રી આચાર્યશ્રીએ કહ્યું છે કે તને અહીંથી કોઈ હટાવશે નહી. શ્રી દ્વારકેશજીએ હટી જવાનો આગ્રહ રાખતાં તે યોગેશ્વર જમીનમાં ૧૬ હાથ નીચે ચાલ્યો ગયો. ત્યાર પછી મહાપ્રસાદમાં કમી થવા લાગ્યા. શ્રી દ્વારકેશજીએ આ વાત શ્રી ગોકુલનાથને જણાવી આમ થવાનું કારણ પુછયું, શ્રી ગોકુલનાથજીએ આ વાત શ્રીનાથજીને બતાવી ત્યારે શ્રીનાથજી કહ્યું જે આ કર્મનું ફળ છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪ થી. શ્રી વૃંદાવન વૃજમંડલ ઉ. પ્ર.



વૃંદાવનમાં બંસીબટની પાસે આ બેઠકજી છે. શ્રી મહાપ્રભુજી એ અહીંયા પ. ભ. પ્રભુદાસ જલોટાએ સ્નાન કર્યું ન હોવા છતાં સખડી મહાપ્રસાદ લેવા કહ્યુ હતું અને વૃંદાવનનું મહાત્મ્ય પદમપુરાણ મુજબ.... બતાવ્યું કે એક એક વૃક્ષમાં નંદનવન અને એક એક પાનમાં ચતર્ભુજ શ્રી યુગલસ્વરૂપ બીરાજે છે તે પછી કૃષ્ણ ચૈતન્યના સેવક ગોપાલદાસ ગોડીયાને તેના ગુરૂએ પધરાવી આપેલ શ્રી શાલીગ્રામજીને શૃંગાર...ધરાવવાનો મનોરથ પૂર્ણ કરાવવા તેને કહ્યું જે તારાજ શ્રી ઠાકોરજીમાં તને શ્રી રાધારમણના દર્શન થશે. તે સ્વરૂપ અત્યારે પણ વૃંદાવનમાં બીરાજે છે. તે ગોપાલદાસે ગુરૂ ઉપદેશની વિનંતી કરતાં તેને કહ્યું કે આ જન્મમાં તો તું કૃષ્ણ ચૈતન્યનો સેવક છે. બીજા જન્મમાં ગોપાલનાગા તરીકે તું અમારા માર્ગમાં આવીશ.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫ મી. વિશ્રામ ઘાટ, મથુરા, ઉ. પ્ર.



વિશ્રામઘાટ ઉપર આ સ્થાનમાં સ્મશાન હતું એટલે શ્રીમદ્દ ભાગવતનું પારાયણ કરતાં શ્રી આચાર્યજીને ગ્લાની.... ઉપજી તેથી કૃષ્ણદાસ મેઘનને કમંડળમાંથી જળ આપી આજ્ઞા કરી કે જેટલામાં આ જળ છાંટી શકાશે તેટલામાં વસ્તી... આવી રહેશે અને સ્મશાન ધ્રુવઘાટ ઉપર ગયું. આ સમયે રૂપ ગોસ્વામી ત્થા સનાતન ગોસ્વામી આપનાં દર્શને આવેલ. કૃષ્ણચૈતન્યએ આપના સેવક દુર્બલ કેમ ? પુછતાં આપશ્રીએ આપનું સ્વરૂપ, માર્ગનું સ્વરૂપ, અને સેવકનું સ્વરૂપ કહી બતાવ્યું.

બાદશાહ સિકંદરલોદીના હાકેમે વિશ્રામઘાટ ઉપર એક જંત્ર લટકાવેલ જેની નીચેથી પસાર થતા હિન્દુની ચોટલી કપાઈ દાઢી થઇ જાય તેથી મથુરાના ચોબાઓની વિનંતીથી આચાર્યશ્રીએ એક યંત્ર સાથે વાસુદેવદાસ છકડાને ત્થા કેશવભટને દિલ્હી મોકલ્યા. દિલ્હી દરવાજા નીચેથી પસારથતા મુસલમાનની દાઢી કપાઇ જાય અને માથે ચોટલી થઈ જાય. આથી બાદશાહે રૂસ્તમઅલી વાળો યંત્ર વિશ્રામઘાટ ઉપરથી હટાવી લેવા હુકમ કર્યો.

શ્રી આચાર્યશ્રીએ સંવત ૧૫૬૩ ના આસો વદી ૧૨ ના દિવસે ઉજાગર ચોબા પાસે સંકલ્પ કરાવી દ્વાદશવનની.. વૃજપરિક્રમાની શરૂઆત સૌ પ્રથમ અહીંથી કરી હતી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬ ઠ્ઠી. મધુવન, વૃજમંડલ ઉ. પ્ર.



શ્રી આચાર્યશ્રી વિશ્રામઘાટ થી મધુવન, જ્યાં ધ્રુવજીએ તપ કરેલ. ત્યાં પધાર્યા, વૃજનાભ ના સ્થાપિત મધુર્વનિયા ઠાકોરજીના દર્શન કરી માધવકુંડ - કૃષ્ણ કુંડ ઉપર કદંબના વૃક્ષ નીચે આપશ્રીએ શ્રીમદ્ ભાગ્વત પારાયણ કર્યું હતું. ત્યાં આગળ મધુર્વનિયા ઠાકોરજી નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતાં.

વૃજ પરિક્રમામાં આપશ્રી સાથે વાસુદેવ દાસ છકડા, યાદવેન્દ્રદાસ કુંભાર, ગોવિંદ દુબે, માધવભટ્ટ કાશ્મીરી સુરદાસજી અને પરમાનંદાસજી હતાં.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭ મી. કુમુદવન, વૃજમંડલ, ઉ. પ્ર.



મધુવનથી પ્રસ્થાન કરી શ્રી આચાર્યજી તાલવન થઇ કુમુદવન પધાર્યા અને શ્યામતમાલ ના વૃક્ષ નીચે ત્રણ દિવસ શ્રીમદ્ ભાગવત પારાયણ કરી. અહી કૃષ્ણદાસ મેઘને આ વનનું નામ કુમુદવન કેમ પડયું તે પ્રશ્ન કરતાં શ્રી આચાર્યશ્રીએ આજ્ઞા કરી કે સામવેદમાં વૃજનું મહાત્મ્ય છે કે અહિયાં શ્રી ઠાકુરજી અને શ્રી સ્વામિનિજી પધારેલા ત્યારે શરદ ચંદ્રિકા ખીલી રહી હતી. સ્થળની રમણીયતા જોઇને શ્રી સ્વામિનિજીએ ઇચ્છા પ્રગટ કરી કે અહિં કુમુદિની વન થાય તો સારૂં. એટલે શ્રી ઠાકોરજીએ કુમુદા અને કુમુદિનીને... આજ્ઞા કરી બે કુંડ સિધ્ધ કરાવ્યા તે સખીઓના નામ ઉપરથી કુમુદવન નામ પડયું સર્વે વૈષ્ણવોએ... વિનંતિ કરતાં શ્રી આચાર્યશ્રીએ દિવ્ય ચક્ષુ દવારા આ લીલાના દર્શન સર્વેને કરાવ્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮ મી. બહુલાવન, વૃજમંડલ ઉ. પ્ર.



બહુલાવનમાં કૃષ્ણકુંડ ઉપર શ્રી આચાર્યજી વડ ના વૃક્ષ નીચે બીરાજયા અને ત્રણ દિવસ સુધી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું ત્યાંનો મુસલમાન હાકેમ બહુલાગાય નું પૂજન કરવા દેતો ન હતો અને કહેતો કે ગાય હોય તો ઘાસ દાણા વિ. ખાયને. ત્યારે શ્રી મહાપ્રભુજીએ તે પત્થરની ગાય પાસે ઘાસ ત્થા દાણા મુકાવી તે હાકેમને બોલાવ્યો. તે ગાય ઘાસ અને દાણા ખાવા લાગી. આ ચમત્કાર જોઇને તે હાકેમે શરણે લેવા વિનંતી કરતાં, આપશ્રીએ આજ્ઞા કરી કે તારો અંગીકાર બીજા જન્મમાં શ્રી ગુંસાઇજી કરશે ત્યારે તે હાકેમે ગાયની પૂજા કરવાની છુટ આપી. સર્વેને ખૂબજ આનંદ થયો. બીજા જન્મમાં તે હાકેમ રાવલ પાસે ગોપાલપુર ગામમાં મલ્હાના ઘરે જન્મ લઇ મેહા ઠીમર થયો. શ્રી ગુંસાઇજીએ તેનો અંગિકાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૯ મી. શ્રી રાધા કૃષ્ણ કુંડ, વૃજમંડલ, ઉ. પ્ર.



અહીયાં છોંકરના વૃક્ષ નીચે શ્રી આચાર્યશ્રી એક માસ રહેલા ત્યારે પ્રાતઃકાળે શ્રીનાથજી અને શ્રી સ્વામિનિજી એ શ્રી ગિરિરાજજીના શીખર ઉપર દર્શન આપેલા. અહિં શ્રી રાધાકુંડ શ્રી સ્વામિનીજીએ નખથી ખોદેલો છે. તેમાં શ્રી રાધાજીનો મહેલ હતો. કૃષ્ણકુંડ શ્રી ઠાકુરજીએ વેણુથી ખોદેલો છે. અષ્ટ સખીઓના આઠ કુંડ (૧) ચંદ્રભાગા કુંડ (૨) ચંપકલતા કુંડ (૩) ચંદ્રાવતી કુંડ (૪) લલીતા કુંડ (૫) વિશાખા કુંડ (૬) બહુલા કુંડ (૭) સંધ્યાવતી કુંડ અને (૮) ચિત્રા કુંડ. દરેકમાં શ્રી આચાર્યશ્રીએ સ્નાન કર્યું તે પછી શ્રી આચાર્યશ્રી કુસુમોખર પધાર્યા

પુષ્પલતા રૂપે બીરાજતા ઉધ્ધવજીએ ભ્રમરગીત ઉપરના શ્રી સુબોધિનીજી સાંભળવા આતુરતાં બતાવતાં શ્રી આચાર્યશ્રીએ 'ભુજમગુરૂ સુગંધ મુર્ધન્યધાસ્યત્કદા' (શ્રી ભાગવત સ્કંધ ૧૦ - અધ્યાય ૪૭ - શ્લોક ૨૧) એ શ્લોકનું વિવરણ સંભળાવેલ હતું પછી નારદ કુંડ ગ્વાલપોખર માં સ્નાન કરી આપશ્રી માનસીગંગા પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૦ મી. માનસી ગંગા, વૃજમંડલ ઉ. પ્ર.



શ્રી આચાર્યજી અહી સાત દિવસ બિરાજ્યા હતા, અને શ્રીમદ્ ભાગવત પારાયણ કરી હતી. ત્યાં આગળ કૃષ્ણચૈતન્ય છ માસથી સવા લાખ ભગવદ્ નામ જપવાનું વૃત લઈ બેઠા હતા. તેમનો ત્થા વૈષ્ણવોની વિનંતી થી શ્રી આચાર્યશ્રીએ સર્વેના નેત્રો ઉપર કમંડમાંથી જળ છાંટી સર્વેને દિવ્યચક્ષુનું દાન કરી માનસીગંગાના આધિદૈવિક સ્વરૂપનઃ દુધમય દર્શન કરાવ્યા. શ્રીમદ્ ભાગવત પારાયણ કથામૃતનું પાન કરવા શ્રી ચંકેશ્વર મહાદેવ નિત્ય પધારતા હતા. ગોવર્ધનમાં બ્રહ્મકુંડ, ઋણમોચન, પાપમોચન, ધર્મરોચન, ગોરોચન, વિગેરે કુંડમાં સ્નાન કરી શ્રી આચાર્યજી પરસોલી પધાર્યા.

અ.સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૧ મી. ચંદ્રસરોવર, વૃજમંડલ, ઉ. પ્ર.



પરાસોલી ચંદ્રસરોવર થી જરા દૂર છોંકરના વૃક્ષ નીચે શ્રી આચાર્યશ્રીએ સાત દિવસ સુધી શ્રીમદ્દ ભાગવત પારાયણ કર્યું ભગવદીય વૈષ્ણવોને અલોકિક રાસના દર્શન કરાવ્યા.

એક વૈષ્ણવને શ્રી ગિરિરાજજી ની પરિક્રમા ના ફળ સ્વરૂપ પાંચ પ્રકાર ના શ્રી ગિરિરાજજી ના સ્વરૂપ જેવાં કે સફેદ સર્પ, ગ્વાલ, સિંહ, ગાય અને સ્થુળ સ્વરૂપે પહાડ કે જેનાં દર્શન સર્વેને થાય છે, તે દર્શન અને મહાત્મ્ય સમજાવ્યું, ત્યાંથી આપશ્રી પેંઠો ગામ કે જ્યાં શ્રી નારાયણે તપસ્યા કરી છે ત્યાં પધાર્યા. લક્ષ્મીકુંડમાં સ્નાન કરી આન્યોર પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૨ મી. આન્યોર, વૃજમંડલ ઉ. પ્ર.



સદુપાંડેના ઘરમાં શ્રી આચાર્યશ્રી ની બેઠક છે. ઝારખંડમાં શ્રી નાથજીની આજ્ઞા થતાં શ્રી મહાપ્રબુજી અત્રે પધાર્યા. અહિં શ્રી નાથજી સાથે પ્રથમ મિલાપ થયો હતો. તે વિષે શ્રી વલ્લભાખ્યાનમાં શ્રી ગોપાલદાસભાઈ ગાય છે કે 'હરખે તે સામા આવીયા, શ્રી ગોવર્ધન ઉધ્ધરણ'

શ્રી આચાર્યશ્રીએ શ્રી ગિરિરાજજી ઉપર મંદિર બનાવી શ્રી નાથજીને પાટ બેસાડયા. સદુપાંડે માણેકચંદ પાંડે ત્થા ઘરના સર્વેને નામ નિવેદન કરાવી શરણે લીધા. સદુપાંડે ના ઘરમાં બિરાજી આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ ત્રણ દિવસ સુધી કર્યું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૩ મી. ગોવિંદ કુંડ, વૃજમંડલ. ઉ. પ્ર.



અહીંયા શ્રી આચાર્યજી ત્રણ દિવસ બીરાજી શ્રીમદ્દ ભાગવતનું પારાયણ કરેલ. શ્રી કૃષ્ણદાસ મેઘને વિનંતી કરતાં તેમને શ્રી ગિરિરાજજી ની કંદરામાં વ્યાપી વૈકુંઠ ત્થા લીલા સામગ્રીના દર્શન કરાવ્યાં. ત્યાં માધુરી કુંડ પાસે વૃક્ષ ઉપર એક પક્ષી જે સારસ્વત કલ્પનો શુક હતો જે નિરંતર ભગવદ્દ સ્મરણ કરતું કૃષ્ણદાસના જોવામાં આવ્યું. તે પક્ષીને તરસ ખૂબ લાગેલ પરંતુ જલ પીવા જતાં ભગવદ્દ સ્મરણ છુટી જાય એટલે જલ પીતું ન હતું. કૃષ્ણદાસ મેઘનના મુખથી અષ્ટાક્ષર મંત્ર સાંભળી ત્રણ વાર જલપાન કર્યું અને દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયું.

શ્રી આચાર્યશ્રીએ સ્પષ્ટતા કરી કહ્યું જે દરેક જીવને 'અષ્ટાક્ષર મંત્ર પ્રત્યે આવી આસક્તિ થવી જોઇએ અહી શ્રી આચાર્યશ્રીને શ્રી સ્વામિનીજીના સ્વહસ્તથી લખેલ 'શ્રી કૃષ્ણ પ્રેમામૃત' ના દર્શન થયાં. આ ગ્રન્થમાં શ્રી કૃષ્ણના એકસો સોમ નામ આપે કહેલ છે. આપશ્રીએ તે ગ્રંથ શ્રી કૃષ્ણચૈતન્ય ની ઇચ્છા થતાં તેને આપ્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૪ મી. સુંદર શીલા સામે. વૃજમંડલ ઉ. પ્ર.



સુંદર શિલા સન્મુખ છોંકરના વૃક્ષની નીચે આપશ્રી બિરાજ્યા હતા. શ્રી આચાર્યશ્રીએ અહીં પધારી પ્રથમ શ્રી ગોવર્ધનની પુજા કરી દીપ માલીકા કરી સવા શેર ભાતનો અન્નકુટ કર્યો હતો. શ્રી ગુંસાઈજીએ અહીં પધારીને શ્રી ગોકુલનાથજીને ત્થા શ્રી શોભાબેટીજીને તેના અલોકિક દર્શન કરાવ્યાં હતા. ......

એક સમય શ્રી આચાર્ય શ્રી દામોદરદાસજી ની ગોદમાં શ્રી મસ્તક ધરીને પોઢયા હતા. એવામાં ત્યાં શ્રી ગોવર્ધનનાથજી પધાર્યા. દામોદરદાસજી એ હાથના સંકેતથી આગળ આવવા ના કહી પરંતુ શ્રી ઠાકુરજીના સુમધુર નુપુરનો અવાજ સાંભળી આપશ્રી જાગી ગયા. શ્રી નાથજી ત્યાંજ ઠાડા હતા. ત્યારે આપશ્રીએ શ્રી નાથજીને ગોદમાં બેસાડી શ્રી મુખ ઉપર ચુંબન કર્યું હતું દામોદરદાસજીને આપશ્રીએ ઠપકો આપતાં શ્રી નાથજીએ મના કરી સેવકધર્મની સરાહના કરી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય· મહાપ્રભુજીની બેઠક ૧૫ મી. શ્રી ગિરિરાજજી ની ઉપર, જતીપુરા, ઉ. પ્ર.



શ્રી નાથજીના મંદિરના દક્ષિણ ભાગના ચોતરા ઉપર શ્રી મહાપ્રભુજી ચાર માસ રહયાં હતા અહિં બે વખત શ્રીમદ્ ભાગવત પારાયણ કરી હતી. એક વખત શ્રી નાથજીના શૃંગાર પછી ગોપીવલ્લભ ભોગ ધરવાની સામગ્રી સિધ્ધ થવામાં વિલંબ થતાં આપશ્રી આ ચૌતરા ઉપર બીરાજી નિત્ય કર્મ કરતા હતા. તેવામાં શ્રી સ્વામિનીજી ગોપીવલ્લભ ભોગની સામગ્રીનો થાળ લઈને પધાર્યા. તેના નુપુર નો અવાજ સાંભળીને શ્રી આચાર્યજીએ દામોદરદાસને આજ્ઞા કરતાં કહ્યું કે શૃંગાર થાય કે તરતજ ગોપીવલ્લભ ભોગ પધરાવવો. પ્રભુના સુખમાં વિલંબ થાય તે શ્રી સ્વામીનીજી સહન કરી શકતા નથી.

શ્રી આચાર્યશ્રીએ શ્રી ગિરિરાજજી ની જાુદા જાુદા વખતે સાત વાર પરિક્રમા કરી હતી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૬ મી. કામવન, વૃજમંડલ રાજસ્થાન



કામવનમાં શ્રીકુંડ (સુરભીકુંડ) ઉપર છોંકરના વૃક્ષા નીચે બીરાજી શ્રી આચાર્યશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. તીર્થ પુરોહિતે આપશ્રીને ત્યાં આગળ રાત્રી ન રહેવા માટે વિનંતી કરતાં કહ્યું કે અહીં એક બ્રહ્મપિશાચ રહે છે જે બધાને દુઃખ આપે છે અને રહેનારનો ભક્ષ કરી જાય છે.

અર્ધરાત્રીએ એક વૈષ્ણવ અપરસની ધોતી ધોઇ સુકાવતો હતો ત્યારે તે બહ્મપિશાચ તેના જોવામાં આવ્યો. શ્રી આચાર્યશ્રી પાસે આવી વિનંતી કરી કહ્યું, જે બ્રહ્મપિશાચ દુર દુર દેખાય છે. આપશ્રીએ કહ્યું જે પૂર્વ જન્મનાં તે બ્રાહ્મણ હતો અને કામવનનો રાજા હતો. બ્રાહ્મણોને દાનમાં આપેલી ભૂમી પાછી લેવાથી મહાન અપરાધી થયો હતો. જેનું નિવારણ વૃજ રજ થી પણ શકય ન હતું. વૈષ્ણવોએ વિનંતી કરતાં અપરસ ની ધોતીનું જળ છંટકાવી આપશ્રીએ તેનો ઉધ્ધાર કર્યો. પછીથી શ્રી કુંડ ઉપર કોઇ ડર રહ્યો નહી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૭ મી. શ્રી ગહેવર વન. બરસાના, વૃજમંડલ, ઉ. પ્ર.



બરસાનામાં ગહેવરવનમાં કૃષ્ણકુંડ ઉપર શ્રી મહાપ્રભુજી સાત દિવસ બીરાજી શ્રીમદ્દ ભાગવત સપ્તાહ કરેલી. એક વખત આપશ્રી વન જોવા પધાર્યા. ત્યાં માર્ગમાં એક અજગર મરેલો પડેલ અને તેને અસંખ્ય કીડીઓ ચટકા ભરતી જોવામાં આવી. આપશ્રીને દયા આવતાં પોતાના અંગુષ્ટ નું ચરણોઠક કરીને સેવકો દ્વારા તેના ઉપર છંટાવ્યું એટલે તેની સદગતિ થઇ. બધા શિષ્યો સાથે વિમાનમાં બેસી વૈકુઠ ધામ ગયો.

દામોદરદાસ વિનંતી કરતાં આપશ્રીએ કહ્યું કે આ અજગર પૂર્વ જન્મમાં વૃંદાવનનો મહંત હતો અને તેણે સેવકો ઘણા કરેલા અને વિષયમાં રચ્યા પચ્યા રહી એકડું કરેલુ ધન ભગવદ્દ સુખાર્થ ન વાપરતાં વિષયભોગમાં વાપર્યુ તેથી બીજા જન્મમાં અજગર થયો છે. તેના જે શિષ્યો થયેલ તેનું કંઇ ભલું ન થતાં તેઓ બધા કીડીઓ થઇ તેને ચટકા ભરતા હતા તે વૃજનો જીવ હતો તેથી વૃજમાંજ રહ્યો હતો. ભગવદ્દ નામ સ્મરણથી ત્થા ભગવદ્દ સેવાથી ગુરૂ શિષ્યો નો ઉધ્ધાર થાય છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૮ મી. સંકેતવન, વૃજમંડલ ઉ. પ્ર.



સંકેતવનમાં કૃષ્ણકુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે મહાપ્રભુજી એ સાત દિવસ શ્રીમદ્ ભાગવત પારાયણ કરી હતી. કથા સમયે સંકેત દેવી સોળ વરસની સુંદરી નું સ્વરૂપ ધારણ કરી સુંદર વસ્ત્ર ધારણ કથા સાંળવા પધારતાં અને રત્ન જડિત ચમરથી શ્રી આચાર્યશ્રીને ચમર ઢોળતાં હતાં. ત્યારે વૈષ્ણવોની વિનંતીથી આપે આજ્ઞા કરી કે 'સંકેત દેવી, મારા દર્શનની તેમજ સેવા કરવાની ખૂબ જ આરતી કરતાં હતાં તેથી અહીં સેવા માટે પધારે છે.' આમ કહી આપશ્રી રીઠોરામાં ચંદ્રાવલીજીના દર્શન કરી નંદગામ પધાર્યા

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૧૯ મી. નંદગામ, વૃજમંડલ, ઉ. પ્ર.



નદગામમમાં પાન સરોવર ઉપર આપશ્રી છ મહિના બીરાજ્યા હતા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું. આપશ્રીએ વૈષ્ણવોને આજ્ઞાં કરી કે અહિં ઉધ્ધવજી છ મહીના બીરાજ્યા હતા માટે અમે છ મહિના બીરાજી શ્રીનંદરાયજીને શ્રીમદ્ ભાગવત સંભળાવીશું.

એક દિવસ આપશ્રી પાનસરોવર પર બિરાજતા હતા ત્યારે એક મોગલ પોતાના ઘોડાને જળ પાવા આવ્યો. જળ પીધા પછી તે ઘોડાને પેટપીડ ઉપડી અને મરી ગયો. તે ઘોડો ચતુર્ભૂજ સ્વરૂપે વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો તે જોઈ આપે મસ્તક ધુણાવ્યું. તેથી વૈષ્ણવોએ વિનંતી કરતાં આપે સર્વેને દિવ્ય દ્રષ્ટિનું દાન કરી વિમાનમાં જતા તે ઘોડાના દર્શન સર્વેને કરાવ્યા. આ મોગલે શ્રી આચાર્યશ્રીનો તેજ પ્રતાપ જોઇ સેવક થવાની વિનંતી કરી ત્યારે આપશ્રીએ આજ્ઞા કરીકે 'તારો અંગિકાર બીજા જન્મમાં મારા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી કરશે. બીજા જન્મમાં તે મોગલ નવાનગરમાં મોચીને ત્યાં જન્મ્યો. શ્રી ગુંસાઈજીએ તેનો અંગિકાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૦ મી. કોકિલાવન, વૃજમંડલ ઉ. પ્ર.



કોકીલા વનમાં કૃષ્ણકુંડ ઉપર છોંકરના વૃક્ષની નીચે શ્રી મહાપ્રભુજી એક માસ પર્યંત બિરાજ્યા હતા. અને નિમ્બાર્ક સંપ્રદાયના ચતુરાનન નાગા કરીને વૈષ્ણવ હતા. તેમની સાથે હજાર નાગા શિષ્યો રહેતા. તેમણે આવીને વિનંતી કરી કે આપ વિષ્ણુ સ્વામી સંપ્રદાયના આચાર્ય છો. આપે દિગ્વીજય કરી માયામતનું ખંડન કર્યું છે અને ભક્તિ માર્ગનું સ્થાપના કર્યું છે. તેથી અમો સર્વેને ખીરનું ભોજન કરાવો.

શ્રી મહાપ્રભુજીએ પાંચ શેર દુધની ખીર બનાવરાવી પોતાની દ્રષ્ટિ દ્વારા અક્ષય બધા સાધુઓને ત્થા વૈષ્ણવોને ભોજન કરાવ્યું. તે પછી પણ ખીર વધી તે વૃજનાં પશુ પંખી સર્વેને પીવરાવી. પ્રસાદનું મહાત્મ્ય ત્થા પ્રભુતા જોઈ ચતુરાનન નાગાએ સેવક થવા વિનંતી કરી ત્યારે આપે આજ્ઞા કરી કે તમને આગળ ઉપર શ્રી ગોકુળનાથજી સેવક કરશે. ત્યારે ફરી વિનંતી કરી કે દેહનો શો ભરોસો ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે તારી આવરદા ૧૫૦ વર્ષની છે અને સેવક તો તમો છો જ. શ્રી ગોકુલનાથજીએ ચતુરાનાગાને સેવક કર્યા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્ાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૧ મી. ભાંડીર વન, વૃજમંડલ, ઉ. પ્ર.



શ્રી મહાપ્રભુજી કોકીલા વનથી બડી બઠૈન છોટી બઠૈન કોટવન થઇ શેષશાયી પધાર્યા ત્યાં રાત્રી રોકાઇને રામઘાટ, ગુંજાવન, નિબારવન, ચીરઘાટ, નંદઘાટ થઇ ભાંડીરવન પધાર્યા અહીં આપશ્રીએ સાત દિવસ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. અહિયાં સુપ્રસિધ્ધ મધ્વાચાર્ય સંપ્રદાય ના આચાર્ય વ્યાસતીર્થ સ્વામીનો મેળાપ થયો. તેણે આચાર્યશ્રીને પોતાની ગાદી ઉપર બિરાજવાનું આમંત્રણ આપ્યું. કહ્યું જે મારે લક્ષ્યાવધિ તો સેવક છે. મધ્વાચાર્ય સંપ્રદાય ની મોટી ગાદી છે મોટા મોટા રાજા મહારાજા મારા સેવક છે. લક્ષ્યાવધિ તો રૂપીયા છે. આ બધું હું આપને આપું. ત્યારે શ્રી મહાપ્રભુજી એ કહ્યું જે આનો જવાબ કાલે આપીશ.

રાત્રીના ચમત્કારિક રીતે કોઇ ચાર જણા આ મહંતના આશ્રમે આવી પરચો આપ્યો કે બીજા દિવસે શ્રી વ્યાસતીર્થ સ્વામી શ્રી મહાપ્રભુજી પાસે આવી દંડવત કરી શરણે લેવા વિનંતી કરી. એ પછી આપશ્રી એ તેનો અંગીકાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુંરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૨ મી. શ્રી માનસરોવર, વૃજમંડલ ઉ. પ્ર.



શ્રી આચાર્યજી મહાપ્રભુજી સેવકો સાથે માન સરોવર પધારીને ત્રણ દિવસ સુધી બિરાજ્યા હતા. અને શ્રીમદ્દ ભાગવત પારાયણ કર્યું હતું. એક દિવસ અર્ધરાત્રીએ દામોદરદાસજી ઉઠયા તો તેમને શ્રી મહાપ્રભુજીના દર્શન થયાં નહી. એક પ્રહર પછી આપશ્રીએ પુરૂષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યાં, અને આજ્ઞા કરી 'દમલા, આજે શ્રી સ્વામિનીજીએ ગાઢ માન કર્યું હતું. તેથી માન મોચન કરાવી શ્રી સ્વામિનીજીને શ્રીનાથજીની પાસે પધરાવીને આવ્યું છું શ્રી મહાપ્રભુજીની કૃપાથી આ અલૌકિક દર્શન દામોદરદાસને થયાં હતાં.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૩ મી. શ્રી સુકર ક્ષેત્ર સોરમઘાટ, ઉ. પ્ર.



સોરમ ઘાટમાં ગયાજી વહે છે. ત્યાં શ્રી મહાપ્રભુજી ની બેઠક છે. અહીંયાં કૃષ્ણદાસ મેઘન તેમના આગળના ગુરૂને મળવા ગયા તે વખતે તેમના ગુરૂએ પૂછ્યું કે તું મારો સેવક થઇને શ્રી આચાર્યશ્રીનો સેવક કેમ થયો ? ત્યારે કૃષ્ણદાસ મેઘને શ્રી આચાર્યશ્રી પૂર્ણ પુરૂષોતમ છે એમ કહ્યું. તેની ખાત્રી કરાવવા ત્યાંના અગ્નિકુંડમાંથી લાલ અંગારા હાથમાં લઇ એક મૂહુર્ત સુધી ધરી રાખી, શ્રી આચાર્યશ્રી નો પ્રતાપ બતાવ્યો.

શ્રી મહાપ્રભુજીના ભાઈ કેશવપુરી સંન્યાસી થયેલા એક વખત સુકરક્ષેત્રમાં શ્રી મહાપ્રભુજીને પોતાની સિધ્ધિનો પ્રતાપ બતાવવા ગંગાજીની ધારા ઉપર ચાલવા લાગ્યા. પરંતુ મધ્યમાં જતાં ડુબવા લાગ્યા શ્રી મહાપ્રભુજીએ હાથ પકડી બહાર કાઢયા. તેમને સાચો માર્ગ બતાવવા આપશ્રીએ તેમની સિધ્ધિ ખેંચી લીધી હતી. આપશ્રીએ પોતાના ભાઈને કહ્યું 'આવી સિધ્ધિ વ્યર્થ છે. સાચી સિધ્ધિ તો ભગવદ્ સેવાજ છે'.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૪ મી. ચિત્રકુટ, કાન્તાનાથ પર્વત, ઉ. પ્ર.



શ્રી મહાપ્રભુજીએ અહીં પધારી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. શ્રી રામચંદ્રજી અત્રે ચાતુર્માસ રહેલા. શ્રી આચાર્યશ્રીના મનમાં હતું કે કાન્તાનાથ પર્વત શ્રી ગિરિરાજજી ના ભાઈ છે તેથી તેના ઉપર પગ ના મુકવો પરંતુ શ્રી રામચંદ્રજીની ઇચ્છાથી શ્રી દામોદરદાસ પાસે કેળાની સામગ્રી સિધ્ધ કરાવી પર્વત ઉપર ગયા. ત્યાં શ્રી રામચંદ્રજી તથા શ્રી સીતાજી બીરાજતાં હતા શ્રી લક્ષ્મણજી શેષ રૂપે છાયા કરતા હતા. શ્રી આચાર્યશ્રીએ ભોગ ધરાવ્યો અને બન્ને સ્વરૂપોએ આરોગ્યો. લક્ષ્મણજી તથા હનુમાનજીને પ્રસાદી આપી, આપશ્રીએ ૧૬ દિવસ બીરાજી વાલ્મીકી રામાયણનો પાઠ કરેલ. જે સાંભળવા નિત્ય શ્રી હનુમાનજી પધારતા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૫ મી. અયોદ્યા, ઉ. પ્ર.



અયોધ્યામા સરયુજીના તટ ઉપર ગુસાંઈઘાટ ઉપર શ્રી મહાપ્રભુજીની બેઠક છે. અયોધ્યાને આપશ્રીએ શ્રી ઠાકોરજીનું સાસરૂં ગણાવ્યું, અને કહ્યું જે સત્યાજીના પિતા અગ્નિજીત અહીંના રાજા હતા.

શ્રી હનુમાનજી રામકથામાં વસ્ત્રરહિત બિરાજતા હતા તેમને આપશ્રીએ એક લંગોટી પહેરીને કથા શ્રવણ કરવા જણાવ્યું અને આપશ્રીએ શ્રી રામચંદ્રજી સ્વરૂપે દર્શન આપ્યા.

શ્રી હનુમાનજીએ આ દર્શનની વાત શ્રીરામચંદ્રજી ને કરતાં આપે શ્રી હનુમાનજીને જણાવ્યું કે 'શ્રી વલ્લભાચાર્યજી જો ઇચ્છે તો મારૂં સ્વરૂપ ધરી શકે, પરંતુ તેમનું સ્વરૂપ ધરી શકાશે નહિ'.

રામાયણ વખતે શ્રી હનુમાન માટે સફેદ વસ્ત્ર બીછાવવામાં આવે છે. મર્યાદા પુરૂષોત્તમ અને પૂર્ણપુરૂષોત્તમ ના સંબંધમાં શ્રી હનુમાનજી ની શંકાનું આપશ્રીએ નિવારણ કર્યું હતું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૬ મી. નૈમિષારણ્ય, ઉ. પ્ર.



શ્રૈમિષારણ્યમાં ગોવિંદકુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીની બેઠક છે. અહીં આપશ્રીએ સાત દિવસ બીરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું. અહિંયા ૮૮ હજાર શૌનકાદિક ઋષિઓ યજ્ઞ કરતા હતા. ત્યાં આગળ આપશ્રી ગુપ્તરીતી થી પધાર્યા ત્યારે બધાએ આસન આપી પૂજા કરી, નીચે મૂજબ શ્લોક કહ્યો,

"નૈષ્કર્મ્યમપ્યચ્યુત ભાવ વર્જિત નશોભતે જ્ઞાનમલં નિરંજનમ્ ॥"
કુંતઃ પુનઃ શશ્વદ ભદ્રમિશ્વરે, ન આર્વિતં કર્મ યદપ્ય કારણમ્ ॥ (શ્રીમદ્ ભાગવત પ્ર. સ્કં. અ. ૫. ૧૨)

આ શ્લોકની વ્યાખ્યા આપે ત્રણ પ્રહર સુધી કરી, પછી બધા વૈષ્ણવો પાસે પધાર્યા, જોયું તો બધા વૈષ્ણવો મૂર્છીત થયા છે. કમંડલમાંથી જલનો છંટકાવ કરી બધાને સાવધાન કર્યા વૈષ્ણવોની વિનંતીથી ઉપરની બધો પ્રકાર જણાવ્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૭ મી. કાશી (૧) વારાણસી ઉ. પ્ર.



કાશીમાં શેઠ પુરૂષોત્તમદાસ ના ઘરમાં બેઠકજી છે. અહીં આપશ્રીએ પ્રથમ નંદ મહોત્સવ ઉજવ્યો હતો. ત્યારે સાક્ષાત શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી ત્થા ગોપ-ગોપીઓ સર્વે પધારેલા. આપશ્રીએ સર્વે વૈષ્ણવોને આ અલૌકિક ઝાંખી કરાવેલ.

અહીં આપશ્રીએ માયાવાદનું ખંડન કરી શ્રી કૃષ્ણને પૂર્ણ પૂરૂષોત્તમ સ્થાપિત કર્યા. અણુભાષ્યની રચના આપશ્રીએ અહીં કરી હતી. પત્રાવલંબન ગ્રંથ કરી, શ્રી કાશી વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે બોલાવી દરેક માયાવાદી પંડિતો ને નિરાસ કર્યા. આપક્ષીના યજ્ઞોપવિત ત્થા લગ્ન અહીં કાશીમાં થયા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૮ મી. હનુમાન ઘાટ, કાશી (૨) ઉ. પ્ર.



કાશીમાં હનુમાનઘાટ ઉપર શ્રી મહાપ્રભુજીની બીજી બેઠક છે. અહિંયા શ્રી આચાર્યજી એક મહીના સુધી એક શીલા ઉપર બીરાજી અન્ન જળનો ત્યાગ કર્યો, સન્યાસ ગ્રહણ કર્યો. બહિર્મુખ બ્રાહ્મણોએ પુછતાં આપશ્રીએ સન્યાસ નિર્ણય ગ્રંથ લખી દરેકને વંચાવતાં બધા નિરૂત્તર થઇ ગયા ત્યારે બધાજ ત્યાંથી પાછા ફરી ગયા. શ્રી ગોપીનાથજી ત્થા શ્રી ગુંસાઈજીને શિક્ષાના શ્લોકો કહ્યા હતા. સંવત ૧૫૮૭ અસાડ સુદ ૨ ઉ. ૩ ના રેજ અભિજીત નક્ષત્રમાં આપશ્રી ગંગાજીમાં પધારી આસુર વ્યામોહ લીલા કરી..

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૨૯ મી. શ્રી હરિહર ક્ષેત્ર હાજીપુર, બિહાર



ગયાજી અને ગંડકી નદીના સંગમ ઉપર પ. ભ. ભગવાનદાસજી ના ઘરમાં આ બેઠકજી આવેલાં છે. ભગવાનદાસજી થી આપશ્રીનો વિરહ સહન ન થતાં આપશ્રીએ કૃપા કરી તેમને પોતાના પાદુકાજી પધરાવી આપ્યા હતા. અને આજ્ઞા કરેલ કે તારી ઈચ્છા થશે ત્યારે તને મારા દર્શન થશે. આ કૃપાપૂર્ણ આજ્ઞાનુસાર ભગવાનદાસજીને આપશ્રીનાં સાક્ષાત દર્શન થતાં.

શ્રી મહાપ્રભુજીએ કાશીમાં જ્યારે આસુર વ્યામોહ લીલા કરી તે વાત એક વૈષ્ણવે દુ:ખિત હૃદયે કરતાં ભગવાનદાસજીએ તરતજ ટેરો ખોલી શ્રી મહાપ્રભુજી ના સાક્ષાત દર્શન તે વૈષ્ણવને કરાવ્યાં હતાં.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૦ મી. શ્રી જનકપુર, બિહાર



માણેક તળાવ ઉપર પ. ભ. ભગવાનદાસજી ના બાગમાં આ બેઠકજી આવેલાં છે. અહીં માણેક તળાવમાં શ્રી રામચંદ્રજીએ શ્રી સીતાજી સાથે ગઠજોરી સ્નાન કરેલ હતું. અને શ્રી રામચંદ્રજીની જાનનો ઉતારો આ બાગમાં હતો શ્રી મહાપ્રભુજી એ અહીં સપ્તાહ પારાયણ કરી હતી.

વિષ્ણુસ્વામી સંપ્રદાયના કેવલરામ નાગા જનકપુરની યાત્રાએ આવેલ, તેને શરણે લીધેલ, અને તેને કહ્યું જે તારા ૫૦૦ વૈષ્ણવોને આ નામ સંભળાવી દે. તેણે મહાપ્રસાદ માટે વિનંતી કરતાં આગલા દિવસે રામનવમી નો બાસોંધીનો પ્રસાદ વધેલ હતો. તેમાંથીજ આપશ્રીએ બધાને જમાડયા, ત્યાર પછી પણ બાસોંધી વધતાં માળીને ત્થા ગામ લોકોને પીવરાવી દીધી આ મહાત્મ્ય જોઇ કેવલરામ નાગા ખૂબજ પ્રસન્ન થયો હતો આ ચરિત્ર માળીએ જઇ ભગવાનદાસને કહેતાં ભગવાનદાસ આપશ્રીને શરણે આવ્યા ત્યાર પછી આપશ્રી એક વર્ષ સુધી અહીં બીરાજ્યા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૧ મી. ગંગાસાગર, કલકત્તા, પ. બંગાળ



મુનીવર શ્રી કપિલદેવજીની તપોભૂમિ કપિલાશ્રમમાં કપિલ કુંડ ઉપર શામીવૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી છ માસ બીરાજ્યા હતા અહીં શ્રીમદ્ ભાગવતજી નાં સુબોધીનોજી તૃતિય સ્કંધના પૂર્ણ કર્યાં. ગંગાસાગર ના તામસી જીવોનો પદરજ ગંધના પ્રતાપ થી ઉધ્ધાર કરી ભક્તિનું દાન કર્યું.

અહિયાં પ. ભ. કૃષ્ણદાસ મેઘને અર્ધરાત્રીએ શ્રી મહાપ્રભુજીના મનની ઇચ્છા જાણી ગંગાપાર કરી મુરમુરા સિધ્ધ કરાવી આપશ્રીને આરોગાવેલ હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૨ મી. ચંપારણ્ય, પ્રાકટ્ય સ્થાન, મ.પ્ર.



શ્રી યજ્ઞનારાયણ ભટ્ટથી લઈને લક્ષ્મણભટ્ટ સુધીના કુળમાં ૧૦૦ સોમયજ્ઞ પુરા થયા પછી શ્રી લક્ષ્મણ ભટ્ટજી ત્યા એલગ્મા ગારૂજી કાંકરવાડથી યાત્રા નિમિત્તે પ્રયાગરાજ કાશી પહોંચ્યા ત્યાં બહ્મભોજન કરાવીને યવન સેનાના ઉપદ્રવથી કાંકરવાડ પાછાં ફરતાં રસ્તામાં મહાનદીના કિનારે ચંપારણ્યમાં શ્રી અલ્લમ્માગારૂજીને ગર્ભસ્રાવ થયો. બાજુના ગામમાં રાત્રી નિવાસ દરમિયાન સ્વપ્નમાં આજ્ઞા થઈ કે તમો ચંપારણ્ય પાછા આવો. તે પછી ત્યાં પાછા ફર્યા ત્યારે સંવત ૧૫૩૫ ચૈત્ર વદ ૧૧ ના દિવસે આપશ્રીનું અગ્નિકુંડમાંથી પ્રાકટય થયું પાછળથી પૃથ્વી પરિક્રમા દરમિયાન આપશ્રીએ શ્રીમદ્દ ભાગવત પારાયણ કર્યું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૩ મી. ચંપારણ્ય, છઠ્ઠીના (૨) મ.પ્ર.



શ્રી મહાપ્રભુજી ના પ્રાકટય પછી છઠ્ઠીના દિવસે શ્રી લક્ષ્મણભટ્ટજી ત્થા અલ્લમ્માગારૂજીએ ચંપાના વૃક્ષની નીચે બ્રાહ્મણોને બોલાવી છઠ્ઠી પૂજન કર્યું અને દાન દક્ષિણા આપી હતી. અહીં તે દિવસે કાશીથી માધવાનંદ બ્રહ્મચારી ત્થા પુષ્કરજીથી મુકુન્દદાસ સન્યાસી ભગવદ્ આજ્ઞા મુજબ શ્રી મહાપ્રભુજીના દર્શન કરવા આવેલ તે બંન્નેને આપશ્રીએ વ્રજલીલાના દર્શન કરાવ્યા હતા. શ્રી માધવનંદ બ્રહ્મચારીએ લક્ષ્મણ ભટ્ટજીને જ્યોતિષ વિદ્યા ભણાવી હતી. અહીંથી ચૌડા થઇ રાજાની સહાયથી શ્રી લક્ષ્મણ ભટ્ટજી કાશી તરફ રવાના થયા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૪ મી. જગન્નાથ પુરી, ઓરિસ્સા



શ્રી પુરૂષોત્તમ ક્ષેત્ર શ્રી જગન્નાથ પુરીમાં દક્ષિણ દરવાજા પાસે આપશ્રી એક વર્ષ બિરાજ્યા હતા ત્યાંના રાજા વિષ્ણુદેવના દરબારમાં રાજાના ચાર પ્રશ્નો - '૧) મુખ્ય દેવ કોણ ? ૨) મુખ્ય શાસ્ત્ર કયું ? ૩) મુખ્ય મંત્ર કયો ? ૪) મુખ્ય કર્મ શું ? એ વિષય ઉપર ચર્ચા હતી સૌ પોતપોતાના દેવને મુખ્ય કહેતા હતા પરંતુ રાજાને સંતોષ થતો ન હતો. રાજા વિષ્ણુદેવે શ્રી મહાપ્રભુજી પાસે આવી દંડવત કરી વિનંતી કરી શંકાનું સમાધાન કરવા કહ્યું. ત્યારે શ્રી આચાર્યશ્રીએ વિચાર કરી કહ્યું કે, શ્રી જગન્નાથજી જે જવાબ લખી આપે તે સત્ય સમજવું.

ત્યારે પછી શ્રી જગન્નાથરાયજી પાસે કોરો કાગળ, શાહી નો ખડીયો અને લેખિની મુકાવી જવાલ આપવાં પ્રાર્થના કરી મંદિરના દ્વાર બંધ કરાવ્યા, શ્રી જગન્નાથરાયજીએ લખી આપ્યું કે -

૧) ભગવાન 'કૃષ્ણ' જ સર્વ શ્રેષ્ઠ 'દેવ' છે. ૨) ભગવાન શ્રી કૃષ્ણે ગાયેલી 'ગીતા' એજ મુખ્ય 'શાસ્ત્ર' છે. ૩) શ્રી કૃષ્ણ ના 'નામ' (અષ્ટાક્ષર મહામંત્ર) એજ મુખ્ય 'મંત્ર છે. ૪) શ્રી કૃષ્ણની સેવા એજ મુખ્ય 'કર્મ' છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૫ મી. પંઢરપુર, મહારાષ્ટ્ર



પંઢરપુરમાં ચંદ્રભાગા નદીને સામે પાર શ્રી મહાપ્રભુજીનાં બેઠકજી છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ આપશ્રીને મિત્ર ભાવે મળ્યા. એઓશ્રીની આજ્ઞાથી ભક્ત પુંડરીકને વૃજલીલા દર્શન શ્રી મહાપ્રભુજીએ કરાવ્યાં હતાં. ત્યાર પછી શ્રી વિઠ્ઠલનાથજીએ આપશ્રીને આજ્ઞા કરી જે આપ કાશી ક્ષેત્રમાં જઈ વિવાહ કરો, મારે આપને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થવું છે. આ વચનામૃત અનુસાર શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુંસાઈજી સ્વરૂપે, શ્રી મહાપ્રભુજીને ત્યાં પ્રગટ થયા છે.

શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીને મીસરી ભોગ ધરી અબીલથી ખેલાવ્યા હતા. કનકાભિષેક વખતે, કૃષ્ણદેવ રાજાએ કરેલા સત્કારમાંથી સાત મહોર લીધેલી, તેના નુપુર બનાવરાવી શ્રી વિઠ્ઠલનાથજી ના શ્રી ચરણોને ધરાવેલ. આ સ્થાનમાં આપશ્રીએ શ્રીમદ્દ ભાગવત સમાપ્ત કરી હતી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૬ મી. તપોવન, પંચવટી, નાસીક, મહારષ્ટ્ર



શ્રી મહાપ્રભુજી ના આ બેઠકજી માં છોંકરનું પ્રાચીન વૃક્ષ છે. અહીં આપશ્રીના સમયના પ્રાચીન એક ઝારીજી ત્થા બે લોટીજી બીરાજે છે. અહીં તપોવન, પંચવટીમાં વનવાસ દરમ્યાન શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજી ત્થા શ્રી સીતાજી સાથે રહ્યા હતા, અને તપસ્યા કરી હતી. શ્રી સીતાજીનું હરણ અહીંથી થયું હતું.

પુણ્ય સલિલા ગોદાવરીમાં સ્નાનાદિક તિર્થકૃત્ય કરીને શ્રી મહાપ્રભુજીઅએ શ્રીમદ્દ ભાગવતનું પારાયણ કર્યું શ્રીમદ્દ ભાગવતનું શ્રવણ કરવા અને શાસ્ત્રાર્થ કરવા અનેક માયાવાદીઓ એકત્ર થઇ આવેલ તે દરેકને નિરૂત્તર કરી માયામતનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપના શ્રી મહાપ્રભુજીએ કર્યું આપશ્રીની પ્રભુતાથી સર્વે પંડિતો ખુબજ પ્રભાવિત થયા અને શરણે આવી સેવક થયા. કૃપા કટાક્ષ દવારા આપશ્રીએ અનેક જીવોનો અંગિકાર કર્યો હતો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરજી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૭ મી. પન્ના નૃસિંહજી વિજય્વાડા, આં. પ્ર.



મલયગિરિના પહાડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રી નૃસિંહજીના મંદિર પાસે આ બેઠક આવેલ છે. અહિંયા આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કરેલ. શ્રી નૃસિંહ ભગવાન નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતા. શ્રી નૃસિંહજીની આજ્ઞાથી મંદિરના પુજારીજી આપશ્રીને પધરાવવા આવેલ.

શ્રી મહાપ્રભુજીએ મંદિરમાં પધારી કૃષ્ણદાસ મેઘનને કહી ગુલાબજળ મિશ્રીનો પણો સિધ્ધ કરાવીને શ્રી નૃસિંહજી ને ભોગ ધરેલ હતો. પોતાના સેવક દામોદરદાસ ના પુછવાથી આપશ્રીએ સ્પષ્ટતા કરી કે 'શ્રી નૃસિંહજીએ હિરણ્યકશિપુને માર્યો તેથી આપને શ્રમ ઘણોજ થયેલ હતો, તે શ્રમના નિવારણાર્થ પણો આરોગે છે. શ્રી મહાપ્રભુજીએ અનેક જીવોનો અહીં અંગીકાર કર્યો હતો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૮ મી. શ્રી લક્ષ્મણ બાલાજી, તિરૂપતી આં.પ્ર.



શ્રી આચાર્યશ્રી યાત્રા નિમિત્તે, શ્રી લક્ષ્મણભટ્ટજી ત્થા શ્રી ઇલ્લામ્માગારૂજી ની સાથે શ્રી તિરૂપતી લક્ષ્મણ બાલાજીના દર્શને પધાર્યા. ત્યાં શ્રી બાલાજી ભગવાનનાં શૃંગાર કરવા આપશ્રીએ પિતા શ્રી લક્ષ્મણ ભટ્ટને વિનંતી કરી. શૃંગાર કરતાં શ્રી બાલાજી ભગવાનને બગાસું આવતાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી શ્રી પ્રભુના મુખ કમળમાં લીન થઇ ગયા. આપશ્રીએ વસ્ત્ર દવારા લૌકિક ક્રિયા કરી.

ત્યાર પછી માતા ઇલ્લમ્માગારૂજીને વિદ્યાનગર મામાને ઘરે ત્થા મોટાભાઇ કેશવપુરીને પોતાના ગામ કાંકરવાડ મોકલ્યા ત્યાર બાદ આપશ્રીએ બ્રહ્મચારી વેષ ધારણ કરી વિદ્યાનગર તરફ પ્રયાણ કર્યું.

વળી એક વખત આપશ્રી ફરતા ફરતા અત્રે પધારેલ ત્યારે છોંકરના વૃક્ષ નીચે શ્રીમદ્ ભાગવત પારાયણ કરી શ્રી બાલાજી ભગવાન સ્વયં કથા શ્રવણ કરવા પધારતા હતા. શ્રી બાલાજી ને પ્રિય એવી મનોરના લાડુની સામગ્રી સિધ્ધ કરાવી આરોગાવી હતી. આપશ્રી અહિં ત્રણ વખત પધાર્યા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૩૯ મી. શ્રીરંગમ, ત્રિચીનાપલ્લી, તામીલનાડ



કાવેરી નદીના તટ ઉપર શ્રી રંગનાથજીના ધામમાં છોંકરના વૃક્ષ નીચે આપશ્રીની બેઠક છે. અહીં આપે સમાહ પારાયણ કરી છે. ભગવાન શ્રી રંગનાથજીને આપશ્રીએ, શ્રીનાથજીના પ્રાગટયના વૃતાંત કહી સંભળાવ્યો હતો. મુખીઆ આનંદરામની વિનંતીથી શ્રી રંગજીના સેવા શૃંગાર ત્થા આરતી વિગેરે સેવા આપશ્રીએ કરેલ હતી. મુખીઆ આનંદરામને શરણે લીધા.

ત્યાર બાદ આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સમાહ પારાયણ નો પ્રારંભ કરતાં શ્રીરંગજી પ્રભુ શ્રવણ કરવા નિત્ય પધારતા હતા જેથી અલોકિક આનંદ થતો. આ સ્થળના અનેક માયાવાદીઓ એકત્ર થઇને શ્રી આચાર્યજી સાથે ચર્ચા કરવા આવતાં આપશ્રીએ બધાને નિરૂત્તર કરી માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું આપશ્રીનો પ્રભાવ જોઇ અનેક જીવો શરણે આવ્યા. દરેક ને શરણે લઇ આપશ્રી ત્યાંથી આગળ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૦ મી. શ્રી વિષ્ણુ કાંચી, કાંચીપુરમ્, તામીલનાડ



સુરભીનદી ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજી આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. શ્રી વરદરાજ સ્વામીના મંદિરના દરેક પગથીઆ ઉપર કવિ જયદેવે લખેલી અષ્ટપદી બિરાજતી હોવાથી, ભગવદ્ નામ ઉપર પગ ન મુકી શકાય તેથી મંદિરમાં જવાની આપશ્રીએ ના પાડેલ. પરંતુ શ્રી વરદરાજ સ્વામીના આગ્રહ ના લીધે આપશ્રી મંદિરમાં પધાર્યા. હસ્તસિંગાર મુખયાને સાત મુદ્રા આપી સામગ્રી મંગાવી. શ્રી વરદરાજ સ્વામીની ઇચ્છાનુસાર ઢોકળાંની સામગ્રી સિધ્ધ કરાવી આપે આરોગાવી, શ્રી ગોવર્ધનનાથજી પ્રાગટયનો સર્વેપ્રકાર કહ્યોં. શીવ કાંચીના અનેક માયવાદી પંડિતો સાથેના વાદવિવાદમાં વિજય કરી અનેક દૈવી જીવોને શરણે લઇ ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૧ મી. સેતુબંધ રામેશ્વર, તામીનાડ



ભગવાન શ્રી રામચંદ્રજીએ જેની સ્થાપના કરી હતી ત શ્રી રામેશ્વરજીના પરમધામમાં સમુદ્રકિનારે લક્ષ્મણકુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે આપશ્રી બીરાજ્યા હતા, અને શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું. શ્રી રામેશ્વરજી નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતા. સપ્તાહની પુર્ણાહુતિ બાદ પુરોહિતને બોલાવી તીર્થક્ષેત્રમાં વિધિપૂર્વક સ્નાન કર્યું હતું. ચરણારવિંદ ની રજદવારા અનેક તામસી જીવોનો અંગીકાર કર્યો હતો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૨ મી. મલયાચલ પર્વત, ઉટાકામંડ, કર્ણાટક



ઉટીમાં મલયાચલ પર્વત ઉપર ચંદનના વૃક્ષ નીચે આપશ્રી એક માસ સુધી બીરાજ્યા હતા. ત્યાંના શ્રી ઠાકોરજી હેમ ગોપાલજી ને આપશ્રીએ ચંદન ધરાવ્યું હતું. કેળાં ત્થા નારિયેલની સામગ્રી સિદ્ધ કરાવી આગોગાવી હતી. શ્રી હેમ ગોપાલજીની ઇચ્છાનુસાર આપશ્રીએ શ્રી ગોવર્ધનનાથજી ના પ્રાગટયની અને સર્વે લીલાની વાત કહી સંભળાવી હતી.

અહીંયા શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કરેલ જે સાંભળવા શ્રી હેમગોપાલજી નિત્ય પધારતા હતાં. સપ્તાહની સમાપ્તિના દિવસે ઇન્દ્ર શ્રી હેમગોપાલજીના દર્શને આવેલ તેને દર્શન થયાં નહિં. સાંજે સમાપ્તિ થયા પછી દર્શન થયાં કારણ પૂછતાં શ્રી ઠાકોરજીએ, શ્રી વલ્લભાચાર્યજી પૂર્ણ પુરૂષોત્તમ છે તેમ જણાવતાં આપના દર્શને આવેલ. સપ્તાહની સમાપ્તિ બાદ આપશ્રીએ પોતાના ચરણારવિંદ ની રજથી ત્યાંના અનેક તામસી જીવોનો ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૩ મી. લોહગઢ, ગોવા



લોહગઢના ગાઢ જંગલમાં છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતા. ત્યાં વૃક્ષ નીચે હાથીનું ચરણ ચિન્હ હતું. આપશ્રીએ અહિંયા શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી અનેક તામસી જીવોનો પદરજગંધ દવારા ઉધ્ધાર કર્યો હતો. તે ઉપરથી ભગવદીય ગોપાલદાસ વલ્લભાખ્યાનમાં ગાયું છે. કે. 'તે તામસનાં અઘ હર્યા, પરતાપ પદરજગંધ'.

અહીં ત્રણ કુંડો આવેલ છે. અપ્સરા કુંડ. જ્યાં અપસરાઓ સ્નાન કરવા આવે છે.
ગંધર્વ કુંડ, જ્યાં ગંધર્વો સ્નાન કરવા આવે છે.
દેવતા કુંડ, જ્યાં દર પૂનમના દિવસે સર્વે દેવતાઓ સાથે ઈન્દ્ર સ્નાન કરવા આવે છે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૪ મી. તામ્રપર્ણી નદી તીરે, તીરૂનેલ્વેલી, તામીલનાડ



તામ્રપણી નદીના કાંઠે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું અહિંથી ત્રણ માઇલ દૂર આવેલ નગરનો રાજા મરણ પથારીએ હતો. પંડિતોએ સલાહ આપતાં પોતાની ભારોભાર સોનાનું પુતળું, બ્રાહ્મણોને દાનમાં દેવા માટે કોઇની હિંમત ચાલતી ન હતી. કારણકે જે કોઇ બ્રાહ્મણ દાન લેવા જાય, તેને તે સુવર્ણ કાળ પૂરૂષ. એક આંગળી ઊંચી કરીને .હુંકાર કરતો. જેથી દાન લેવા આવનાર ભય પામી પાછો ફરી જતો.

પૃથ્વી બ્રાહ્મણ વગરની થતી જાય છે તેવા રાજાના ઉદ્ગારથી આપશ્રી ત્યાં દાન લેવા પધાર્યા. સુવર્ણ પુરૂષે જ્યારે એક આંગળી ઊંચી કરી ત્યારે આપશ્રીએ ત્રણ આંગળી ઊંચી કરતાં તે કાળ પુરૂષ નમી પડયો. ત્યાર પછી તે સુવર્ણ પુરૂષના ટુકડા કરાવી બ્રાહ્મણોમાં વહેંચી આપ્યા. રાજાએ ખુલાસો માંગતા આપશ્રીએ ગાયત્રી મંત્રનું મહત્વ સમજાવી સમાધાન કર્યું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૫ મી. કૃષ્ણા નદી તીરે, કૃષ્ણા ગામ, તામીલનાડ



કૃષ્ણા નદીના કિનારે પીપળાના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીના બેઠકજી આવેલા છે. ત્યા આગળ આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી પોતાના જાતી ભાઈઓ, 'તૈલંગ બ્રાહ્મણો' જે માયાવાદી હતા, તેમને શાસ્ત્રાર્થમાં નિરૂત્તર કરી માયાવાદનું ખંડન કર્યું, અને ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું ત્યારે ચારેય સંપ્રદાયના વૈષ્ણવો ઘણાજ પ્રસન્ન થયા. ત્યાર પછી બધા માયાવાદીઓએ શરણે લેવા વિનંતી કરતાં આપશ્રીએ રૂદ્રાક્ષની માળા ઉતારી સ્નાન કરી આવવા જણાવ્યું, તે પ્રમાણે સૌએ રૂદ્રાક્ષ ની માળા ઉતારી સ્નાન કરી તુલસી કંઠી પહેરી શરણે આવ્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૬ મી. પમ્પા સરોવર, હમ્પી, કર્ણાટક



પમ્પા સરોવર પર વડના વૃક્ષ નિચે આપશ્રી બિરાજ્યા હતા. આપશ્રી સ્વયંપાક કરી રહ્યા હતા ત્યારે કૃષ્ણદાસ મેઘનને પાંદડા લાવવા મોકલ્યા. કૃષ્ણદાસે વનમાં એક ભયંકર પક્ષી જોયું તે પક્ષીએ કહ્યું કે હું કાળાંતરથી રામાવતાર વખતનો અહિંયા છું. અને હવે બહુજ દુ:ખી થઇ રહ્યો છું. મારો ઉધ્ધાર કરાવો. કૃષ્ણદાસે શ્રી મહાપ્રભુજી પાસે આવી વિનંતી કરતા આપે આજ્ઞા કરી કે ચરણોદક નું જલ તેના ઉપર છાંટો. કૃષ્ણદાસે તે પ્રમાણે આપશ્રીનું ચરણોદક તે પક્ષી ઉપર છાંટતાં તે પક્ષી દિવ્ય સ્વરૂપ ધારણ કરી વૈકુંઠ ગયો.

આપશ્રીએ પોતાની દ્રષ્ટિ દવારા અનેક તામસી જીવોનો ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૭ મી. પદમનાભ, ત્રિવેન્દ્રમ, કેરાલા.



પદમનાભજીના તીર્થસ્થાનમાં છોંકરના વૃક્ષ નિચે આપશ્રી બીરાજ્યા. પ. ભ. દામોદરદાસજીને આજ્ઞા કરી કે પદ્મનાભજીના નાભી કમળમાંથી બ્રહ્માજી પ્રગટ થયા તે જ સ્વરૂપ આ છે. શેષશાયીની શય્યા ઉપર પોઢયા છે. અહિંયા આપશ્રીએ શ્રીમદ્દ ભાગવત સપ્તાહ કરી.

શ્રી પદમનાભજી આપ કથા શ્રવણ કરવા પધાર્યા. આપે શ્રમ શા માટે લીધો, હું ત્યાં દર્શન કરવા આવત. શ્રી પદમનાભજીએ કહ્યું કે આપના શ્રમ કરતાં મારો શ્રમ થોડો છે. શ્રી પદમનાભજીની આજ્ઞાથી આનંદરામ મુખ્યાજી આપશ્રીને પધરાવી નીજ મંદિરમાં લઈ આવ્યા. આપશ્રીએ સેવા શૃંગાર કરી, દશ રૂપીયા આપી સામગ્રી સિધ્ધ કરાવી ભોગ સમર્પ્યો. પ્રભુ આજ્ઞાથી પરસ્પર ભોજન કર્યાં. આ દર્શન મુખ્યાજીને થતાં મૂર્છીત થયા. ભોજન પછી બીડા લઇ સિહાસન ઉપર બીરાજ્યા. આપશ્રીએ શ્રીનાથજીના પ્રાકટયની વાત કરી. ત્યાર બાદ મુખ્યાજીને સાવધ કર્યાં મુખ્યાજીને શરણે લઇ અનેક તામસી જીવોનો ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૮ મી. જનાર્દન, વરકલા, કેરાલા.



શ્રી જનાર્દનમાં કુંડ પાસે છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા. પછી આપશ્રી શ્રી જનાર્દનજીના દર્શન કરવા પધાર્યા, ત્યારે શ્રી જનાર્દનજી ની આજ્ઞાથી ભીતર પધારી સેવા શૃંગાર કર્યા. શ્રી જનાર્દનજીએ શૃંગારના વીષે આપશ્રીના શ્રી હસ્તનો સ્પર્શ કરાવ્યો. આપશ્રીએ સામગ્રી સિધ્ધ થયે થાળ સાજી ભોગ ધરાવ્યો. મુખારવિંદરૂપ તો આપ છો એવી ભગવદ્ આજ્ઞાથી સાથે ભોજન કર્યાં. આ દર્શન મુખીયાને થતાં તે મુર્છીત થયો. પભુ આજ્ઞાથી શ્રી ગોવર્ધનનાથજીના પ્રાગટય નો સર્વે પ્રકાર આપશ્રીએ વર્ણન કર્યો. આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કરી. શ્રી જનાર્દનજી નિત્ય કથા સાંભળવા પધારતા હતા. અહી પણ ચરણરજ દ્વારા અનેક તામસી જીવોનો ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૪૯ મી. વિદ્યાનગર, હમ્પી, કર્ણાટક



તુંગભદ્રા નદીના કાંઠે વિદ્યાનગર તરફ આપશ્રી પધારતા હતા ત્યારે રસ્તામાં દામોદરદાસજીના ગામમાંથી પસાર થતા હતા તે વખતે દામોદરદાસજી તેમના ઘરના ઝરૂખામાં બેઠા હતા. શ્રી મહાપ્રભુજીને જોતાંજ તેમને એવી લાગણી થઇ કે જેને હું જન્મોજન્મથી શોધું છું તે પ્રભુ આજ છે. તુરતજ ઝરૂખામાંથી કુદકો મારી આપશ્રી પાસે આવી દંડવત કરી આપશ્રીની સાથે નીકળ્યા. આપશ્રીએ શરણે લઈ નામ મંત્ર આપ્યો.

ત્યાર બાદ આપશ્રી વિદ્યાનગર મામાને ત્યાં અહંકારી મામા સાથે ન ફાવતાં પભુ આજ્ઞાથી વિદ્યાકુંડ ઉપર પધાર્યા. વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાની સભામાં શાસ્ત્રાર્થ ચાલતો હતો. ત્યાં આપશ્રીએ કમંડલુ મોકલી સર્વેને પ્રભાવીત કર્યો. કૃષ્ણદેવરાયે વિનંતી કરી સભામાં પધારવીઆ. આ સભામાં ૨૮ દિવસ શાસ્ત્રાર્થ કરી સર્વે માયાવાદીઓનો પરાભવ કરી વિષ્ણસ્વામી સંપ્રદાય નું સ્થાપન કરી વિજય કર્યો. રાજા કૃષ્ણદેવરાયે આપશ્રીનો કનકાભિષેક કર્યો, તે દ્રવ્યને સ્નાનવત્ ગણી સર્વે બ્રાહ્મણોમાં વહેંચી આપવા રાજાને આજ્ઞા કરી. ત્યાર પછી રાજા શરણે આવી ભેટ કરતાં તેમાંથી સાત મહોર જ લઇ. શ્રી જગન્નાથજી ની કટી મેખલા બનાવરાવી અંગીકાર કરાવવાની રાજાને આજ્ઞા કરી. આપશ્રી અખંડ ભુમંડલાચાર્ય શ્રી વલ્લભાચાર્ય જગદ્‌ગુરૂ કહેવાયા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૦ મી. ત્રિલોકભાનજી, આંધ્રપ્રદેશ



ત્રિલોકભાનજીમાં છોંકરના વૃક્ષ નીચે આપ બિરાજ્યા હતા અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. ત્યાં આગળ માયાવાદી ઘણા હતા. તેઓ બધા ભેળા મળી આપશ્રી પાસે ચર્ચા કરવા આવેલ તે સર્વેને ચર્ચા કરી નિરૂત્તર કરેલ, અને ભક્તિ માર્ગનું સ્થાપન કર્યું. પંડિતોએ વિનંતી કરતાં શરણે લીધા નામ પમાવી તુલસી માળા પહેરાવી.

શ્રી ત્રિલોકભાનજી ઠાકુરજી આપશ્રી પાસે પધારી આજ્ઞા કરી મંદિરમાં પધારી સેવા શૃંગાર કર્યા. લીલા મેવાની સામગ્રી કૃષ્ણદાસ મેઘનને તૈયાર કરવા આજ્ઞા કરી. તૈયાર થયેથી શ્રી ઠાકુરજીને અંગીકાર કરાવી. આપશ્રી થોડા દિવસ ત્યાં બિરાજી ત્યાંથી તોતાચલ પર્વત ઉપર પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૧ મી. તોતાદ્રી પર્વત, તિન્નેવેલી. તમીલનાડ.



તોતાદ્રી પર્વત પાસે ગાઢ જંગલમાં એક વટવૃક્ષની નીચે આપશ્રી બીરાજ્યા. પ. ભ. કૃષ્ણદાસ મેઘને કહ્યું કે અહિં જળ નથી. ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે સામે જે કદંબનું વૃક્ષ છે તેની દક્ષિણબાજુ એક મોટી શીલા છે તેની નીચે કુંડ છે. શીલા ઉઠાવતાં નીચે બહુજ સુંદર જળથી ભરેલો કુંડ જોવામાં આવ્યો તેનું નામ બધા સેવકોએ વલ્લભકુંડ પાડયું.

માયાવાદી પંડિતોએ શ્રી વલ્લભાચાર્યજી પધાર્યાના સમાચાર જાણી તેમનામાંથી બે પંડિતોને આપશ્રીના મુકામ બાબત તપાસ માટે મોકલતાં તેઓ આપશ્રી પાસે આવી વિનંતી કરી જે આપ આ નિર્જળ સ્થાનમાં કેમ બિરાજ્યા ત્યારે કૃષ્ણદાસ મેઘને તેઓને સુંદર જળથી ભરેલો કુંડ બતાવ્યો. નિર્જળ સ્થાનમાં જળ જોઇ આપશ્રીને ઇશ્વર જાણી બધા પંડિતોને બોલાવી સૌ શરણે આવ્યા. આપશ્રીએ સૌને રૂદ્રાક્ષ ઉતારી સ્નાન કરાવી નામ નિવેદન કરાવી વૈષ્ણવ બનાવ્યા. અહિં આપે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી અલૌકિક આનંદ પ્રગટ કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૨ મી. દરવસેનજી, આદીસેતુ, રામનાડ, તામીલનાડ.



દરવસેનજી માં સ્થાન ઘણું વિકટ છે. આ સ્થળે સર્પ, વાઘ, વિ. હિંસક જીવોનો વાસ હતો. શ્રી મહાપ્રભુજીએ રમણીય સ્થળ જોઇને મુકામ કર્યો. ત્યાં ભગવાન શ્રી દર્ભ-શાયનજી સ્વયં આપશ્રી પાસે પધાર્યા. શ્રી ઠાકોરજીએ આજ્ઞા કરી કે આપના વંશમાં બધા પુરૂષોત્તમ થશે. દૈવીજીવોને ઉધ્ધારવા અહિં પધારે તો મને પણ દર્શનનો લાભ મળે, પરંતુ આવા વિકટ સ્થાનમાં પધારતાં અતિ શ્રમ પડે માટે બધાજ દૈવી જીવોનો આપ ઉધ્ધાર કરો. આ વાત્સ્યલ્યતા દેખી આપશ્રી બહુજ પ્રસન્ન થયા.

આપશ્રીએ અહીં ભાગવત્ સપ્તાહ પારાયણ કરી અનેક તામસી જીવોનો ચરણરજ દવારા ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૩ મી. સુરત, ગુજરાત.



આચાર્યશ્રી મહાપ્રભુજી કાંકરવાડથી પંઢરપુર શ્રી વિઠ્ઠલનાથજીના દર્શન કરી પચવટી નાસીક થઇને સુરત પધાર્યા. તાપી નદી ના કિનારે અશ્વીનીકુમાર ના આશ્રમ પાસે સુંદર જગ્યામાં બિરાજ્યા. અહીંઆ આપશ્રીએ શ્રીમદ્દ ભાગવત સપ્તાહ પારાયણ કરી હતી.

સુર્ય તનયા તાપીજી સ્વયં સ્ત્રી સ્વરૂપે પધારી આપશ્રીની ડાબી બાજુ ઉભા રહીં પંખાની સેવા કરતા હતા અને કથા રસનું પાન કરતાં હતા.

છેલ્લા દિવસે કૃષ્ણદાસ મેઘને તેમના સંબંધમાં પૂછતાં શ્રી મહાપ્રભુજીએ સ્પષ્ટતા કરી કે સુર્યપુત્રી તાપીજી સ્ત્રી સ્વરૂપે પધારી કથા સાંભળવા પધારતાં હતાં. તેમને મારી સેવાની આકાંક્ષા ઘણી હતી.

આપશ્રીના આ અસાધારણ મહાત્મ્યનો અનુભવ કરી અનેક જીવો શરણે આવી સેવક થયા હતા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૪ મી. ભરૂચ, ગુજરાત.



ભૃગુક્ષેત્રમાં પરમ પવિત્ર શ્રીનર્મદાજી ના કિનારે છોકરના વૃક્ષ નીચે આપશ્રી બિરાજ્યા હતા. ત્યારે શ્રી નર્મદાજી સ્વયં સુંદર સ્ત્રી સ્વરૂપ ધારણ કરી નખ શીખ આભુષણોથી સજ્જ થઇ પધાર્યા અને આપશ્રીને સ્નાન કરવા પધારવા આમંત્રણ આપ્યું. ભગવદીય દામોદરદાસ વિનંતી કરી કે, કૃપાનાથ, હમણાં વિનંતી કરીને ગઇ તે સ્ત્રી કોણ હતી ત્યારે આપશ્રીએ કહ્યું કે એ સ્વયં નર્મદાજી સ્ત્રી સ્વરૂપે પધારેલ હતાં.

ત્યાર બાદ આપશ્રીએ નર્મદા સ્નાન કર્યું અને ત્યાં આગળ બિરાજી શ્રીમદ્દ ભાગવત સપ્તાહ કરી જેમાં સહુને અલૌકિક આનંદ આવ્યો હતો. અહીં માયાવાદી પંડિતો સાથે આપશ્રીને શાસ્ત્રાર્થ થયો હતો તેમાં આપશ્રીનો વિજય થયો હતો. આપશ્રીએ માયાવાદનું ખંડન કરી ભક્તિ માર્ગનું સ્થાપન કર્યું હતું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૫ મી. મોરબી, (સૌરાષ્ટ્ર) ગુજરાત.



પુરાણ પ્રસિધ્ધ રાજા મયુરધ્વજની નગરી મોરબીમાં મચ્છુ નદીના કિનારે કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે અહીં શ્રી કૃષ્ણચંદ્ર અર્જુનની સાથે પધારેલા હતા. તેથી અહીં સપ્તાહ પારાયણ અવશ્ય કરવું જોઇએ. ત્યાર બાદ આપશ્રીએ અહીંયા શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી.

બાલા અને બાદા નામના બે પુષ્કરણા બ્રાહ્મણ ભાઇઓ દર્શન નિમિત્તે આવેલ તેમને આપશ્રીના દર્શન પુરૂષોત્તમ સ્વરૂપે થતાં બન્ને ભાઇઓ આપશ્રીને શરણે આવ્યા તેમને નામ નિવેદન કરાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. બાલા નું નામ બાલકૃષ્ણ અને બાદા નું નામ બાદરાયણદાસ રાખી એતન માર્ગીય સિધ્ધાંત સમજાવ્યા અને શ્રી ચરણારવિંદ ની સેવા પધરાવી આપી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની. બેઠક ૫૬ મી. નવાનગર, જામનગર, ગુજરાત.



નાગમતી નગીના કિનારે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા. તે વખતે રાજા જામતમાચીએ આવી દંડવત પ્રણામ કરી વિનંતી કરી કે મહારાજ, મારૂ અહોભાગ્ય કે જેઓનું સાક્ષાત વેદનીરૂપણ કરે તેવા આપશ્રીના દર્શન મને થયાં, મને કૃપા કરી શરણે લો. રાજાની આરતી જોઇને આપશ્રીએ સ્નાન કરાવી નામ મંત્ર આપી બ્રહ્મસંબંધ કરાવ્યું અને તુલસીમાળા પહેરાવી.

રાજા જામતમાચીએ શહેર વસાવવા માટેની આજ્ઞા માંગતા આપશ્રીએ કહ્યું જે હમણાંજ મુહુર્ત સારૂ છે. તો જાવ, ગામ વસાવો અને નિર્ભય થઈ રાજ કરો ત્યાર બાદ ત્યાં જામનગર શહેર વસાવ્યું.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૭ મી. જામ ખંભાખીયા, ગુજરાત.



શ્રી મહાપ્રભુ ખંલાળીયા પધારી ગામ બહાર કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે મુકામ કર્યો. દામોદરદાસને આજ્ઞા કરી કે આ સ્થળ ઘણું રમણીય છે માટે અહીં શ્રીમદ્દ ભાગવત સપ્તાહ કરીશું. સંધ્યા સમયે એક બ્રાહ્મણે, આપશ્રીને આંબલીમાં રહેતા પ્રેત વિષે વાત કરી, રાત્રી ન રોકાવા વિનંતી કરી. પરંતુ આપશ્રી ત્યાંજ બિરાજ્યા તે સમયે કૃષ્ણદાસ મેઘન અપરસ ધોવા માટે ગયા ત્યારે પ્રેત આવ્યો પરંતુ ભગવદ્દ ભક્તને કંઇ કરી શકાયો નહિ પછી તે પ્રેતે પોતાના ઉધ્ધાર માટે આપશ્રીને વિનંતી કરવા કહ્યું. ત્યારે કૃષ્ણદાસે આપશ્રી ને વિનંતી કરી ત્યારે આપશ્રીએ ચરણોદક તેના ઉપર છાંટવા આજ્ઞા કરી. તે પ્રમાણે કૃષ્ણદાસે ચરણોદક છાંટતાં તે પ્રેતનો ઉધ્ધાર થઇ ગયો અને આપશ્રીનો જય જયકાર કરી વૈકુંઠ લોક માં ગયો. તેથી તો ભગવદીય ગાય છે કે, 'ચરણોદક લેત પ્રેત, તષણ હી મુક્ત ભયે, કરૂણામય નાથ સદા, આનંદ નિધિ કંદ'.

આપશ્રીએ અહીં ભાગવત સપ્તાહ પારાયણ કરી હતી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૮ મી. પિંડ તારક, પિડારા (સૌરાષ્ટ્ર) ગુજરાત.



દુર્વાસા ઋષિનો જ્યાં આશ્રમ હતો તે પિંડ તારકમાં છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા. ત્યાં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. ત્યારે તીર્થરાજ બ્રાહ્મણ સ્વરૂપે નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતા. આપશ્રીએ અહીં નેત્ર કટાક્ષ દવારા અનેક જીવોનો ત્થા પશુપક્ષીઓનો ઉધ્ધાર કર્યો.

આપશ્રીએ, તીર્થ સ્નાન કરી, તીર્થ પુરોહિતને આશીર્વાદ આપ્યા કે જેની પીઠ ઉપર તું હાથ ઘરીશ તેના હાથે પીંડ તરશે. આપશ્રીએ તિર્થ પુરોહિતનું સન્માન કરી ત્યાંથી આગળ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૫૯ મી. મુળ ગોમટા, નાના ભાવડા, દવારકા, ગુજરાત



મુળ ગોમતીજીના કિનારે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતા, અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. કૃષ્ણદાસ મેઘનની વિનંતીથી મુળ ગોમતીનું વૃતાંત આપે કહ્યું મુળ ગોમતીજી રાજાને ત્યાં પુત્રી રૂપે પ્રગટ થયાં યુવાન થતાં પિતાને કહ્યું, જે મને શ્રી ઠાકુરજીનો ચરણસ્પર્શ કરાવશે તેને હું પરણીશ. સમુદ્ર બ્રાહ્મણરૂપે પધારી શરત મંજુર કરી ગોમતીજી જલરૂપ થઇ સમુદ્રમાં મળી ગયાં. જલરૂપ થતાં શ્રી ઠાકોરજીનો ચરણસ્પર્ષ થયો, તેથી મુળ ગોમતી કહેવાય છે.

શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતાં ત્યાં એક સન્યાસી, જે પહેલાં વિષ્ણુસ્વામી સંપ્રદાંયનો હતો, અને ગ્રહસ્થ હતો તે આવ્યો અને શરણે લેવા વિનંતી કરી અને કહ્યું કે કૃષ્ણલીલાના દર્શનની મારી અભિલાષા પૂર્ણ કરો. ત્યારે આપશ્રીએ તેને નામ નિવેદન કરાવ્યું અને કહ્યું કે સપ્તાહની પૂર્ણાહુતી પછી ત્રીજે દિવસે તારૂં મૃત્યુ થશે અને બીજા જન્મમાં તુ શ્રી ગીરિરાજજીમાં વૃજવાસીના ઘરમાં જન્મીશ. હરજી ગ્વાલ તારૂં નામ હશે શ્રી ગુસાઈજી તારો ઉધ્ધાર કરશે.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૦ મી. શ્રી દ્વારકા (સૌરાષ્ટ્ર) ગુજરાત.



શ્રી આચાર્યજી ગોમતીજીના કિનારા ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. શ્રી દ્વારકાનાથજીએ પોતાના સેવક પ.ભ. ગોવિંદદાસ બહ્મચારીને કહ્યું કે શ્રી આચાર્યજી પૂર્ણ પુરૂષોત્તમનો અવતાર છે. તું તેને મંદિરમાં પધરાવી લાવ. આપશ્રીએ મંદિરમાં પધારી શ્રી દ્વારકાનાથજીને શ્રૃંગાર કરી ભોગ ધરાવ્યો પોતાની બેઠકમાં જઈ ગોવિંદદાસ ની વિનંતીથી શ્રી સુબોધિનીજીનું ફલ પ્રકરણ સમજાવ્યું સહુને ઘણોજ આનંદ થયો. કોઈને દેહાનુસંધાન ન રહ્યું.

આ સમયે બહાર ઘણો વસાદ પડતો હતો. ત્યારે શેષજીએ છાયા કરી કથા સમયે એક ટીપું પણ પડવા ન દીધું આપશ્રી અહીંયા ચાતુર્માસ બીરાજ્યા હતા. અન્નકુટ ત્થા પ્રબોધિની ના ઉત્સવ કરી આપશ્રી ગોપી તલાવ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૧ મી. ગોપી તલાવ દ્વારકા, ગુજરાત.



તળાવના કિનારે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી આપ બિરાજ્યા હતા. પ.ભ. કૃષ્ણદાસ મેઘનની વિનંતીથી ગોપી તલાવનું મહાત્મ્ય સમજાવ્યું કે શ્રી ઠાકોરજીએ વૃજગોપીઓનાં વખાણ કર્યા ત્યારે શ્રી રૂક્ષ્મણીજી વિ. એ કહ્યું કે અમો તો આપની સ્વકિયા છીએ તેથી આપની આજ્ઞામાં છીએ. શ્રી ઠાકોરજીએ કહ્યું જે કંઇહોય તે પરંતુ વૃજભક્તોની હોડ કોઇ કરી શકશે નહિ. જેમણે વેદની શૂંખલાને તૃણવત ગણી તોડી નાંખી. વેણુનાદ સાંભળી દોડી આવ્યા, તમારાથી આવી શકાશે નહિ. પછી શ્રી ઠાકોરજીએ ગોપી તલાવ ઉપર બિરાજી વેણુનાદ કર્યો ત્યારે શ્રી રક્ષ્મણીજી વિ. પટરાણીઓ, વેણુનાદ સાંભળી, ઘર બહાર આવંતા, ઉગ્રસેન વિ. ગૂરૂજનોને જોઇ શરમાઇને ઘરમાંથી બહાર નીકળી શક્યાં નહિ. ત્યારે વેણુનાદ સાંભળી, કુમારીકાનાં જુથો, વૃજમાંથી પધાર્યા. શ્રી ઠાકોરજી સાથે રાસ રમ્યાં, અને લીલામાં પ્રાપ્ત થયાં. તે સર્વે લીલા આપશ્રીએ દિવ્ય દ્રષ્ટિ દવારા સર્વે ભગવદીયોને બતાવી અને કહ્યું કે ત્યારથી શ્રી ઠાકોરજી અહિં વૃજકુમારીકાઓ પાસે બીરાજે છે. અને ગોપીચંદન થાય છે. પછી ત્યાં સપ્તાહ કરી બેટ શંખોધ્ધાર પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૨ મી. બેટ શંખોધ્ધાર, ઓખા, ગુજરાત



શંખ તલાવના કિનારે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતા. આપશ્રીએ પ. ભ. દામોદરદાસને આજ્ઞા કરી કે અહીં શ્રી ઠાકુરજીએ શંખાસુર દૈત્યને માર્યો હતો અને શંખ લીધો હતો. ત્યાર પછી શંખ તલાવમાંથી પ્રગટ થયા હતા. જે યદ્યપી અહીં બીરાજે છે. અહીંના માલીક શ્રી શંખનારાયણજી છે. આ સ્થાન રમણદ્વિપ પણ કહેવાય છે. શ્રી દ્વારકાનાથજી સદૈવ રમણ કરે છે. તેથી કોઇક સમયે શ્રી દ્વારકાનાથજી ને શૃંગાર કરી ભોગ ધરી ભોગ સરાવી આરતી કરી આપશ્રી બેઠકમાં પધાર્યા. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી શ્રી શંખનારાયણજી દરરોજ કથા સાંભળવા પધારતા. વેણુગીતના એક શ્લોકની વ્યાખ્યાં ત્રણ દિવસ અને ત્રણ રાત વ્યતિત થયા, કોઇને દેહનુંસંધાન રહ્યું નહિ. કથા સમાપ્ત કરી શ્રી શંખનારાયણજી ની આજ્ઞા લઈ આગળ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૩ મી. શ્રી નારાયણ સરોવર (કચ્છ) ગુજરાત



માર્કંડય ઋષિના આશ્રમ પાસે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતા. અહીં શ્રી આદિનારાયણ ભગવાન બિરાજે છે. તે નારાયણ સરોવમાંથી પ્રગટ થયા છે. આપશ્રીએ સરોવરમાં સ્નાન કર્યું. શ્રીમદ્ ભાગવત સમાહ કરી. શ્રી કોટેશ્વર મહાદેવજી નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતા. ત્યાંથી શ્રી ચરણાર્વિંદ ની રજની સુંગધ ફેલાવી. સિંધથી પંજાબ સુધીના લાખો જીવોનો ઉધ્ધાર કર્યો. વચ્ચે સરસ્વતી નદી આવતી હોવાથી, અને સરસ્વતી નદીનું ઉલ્લઘન આપ ન કરતા કારણકે તે ભગવદ્ વામીનો પ્રવાહ છે તેથી સિંધ તરફ આગળ ન વધંતા જુનાગઢ તરફ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૪ મી. જુનાગઢ, (સૌરાષ્ટ્ર) ગુજારત.



ગિરનાર પર્વતની તળેટીમાં રેવતી કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે આપશ્રી બિરાજ્યા હતા. ત્યાં ગિરનાર અને રેવતાચલ બન્ને બ્રાહ્મણનું રૂપ ધરી આવ્યા અને સાષ્ટાંગ દંડવત કરી વિનંતી કરી કે મહારાજ, આપનું પ્રાગટય તિર્થોને સનાથ કરવાનું છે. તેથી રેવતાચલ ને સનાથ કરો. પછી શ્રી મહાપ્રભુજી ત્યાં પધારી એક શિલા ઉપર બિરાજ્યા હતા. રેવતાચલને પરમ આનંદ થયો, તે માખણથી પણ કોમળ થયો તેથી આપશ્રીના ચરણાર્વિંદ તેમાં ઉઠી આવ્યાં. પછી આપશ્રીએ દામોદરકુંડમાં સ્નાન કર્યું. અને તેમાંથી શ્રી દામાદરજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. તે જુનાગઢમાં પધરાવ્યું. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી ત્યારે દ્રોણાચાર્યના પુત્ર યોગેશ્વરરૂપે કથા સાંભળવા પધારતા હતા. આપશ્રીએ ચરણાર્વિંદની રજ દવારા અનેક જીવોનો ઉધ્ધાર કર્યો હતો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૫ મી. પ્રભાસ ક્ષેત્ર, સોમનાથ પાટણ, ગુજરાત



પ્રભાસક્ષેત્રમા દેહોત્સર્ગ ઉપર છોકરના વૃક્ષ નીચે ગુફામા આચાર્યશ્રી બિરાજ્યા હતા. આ સ્થાનનુ વર્ણન કરતા કહ્યુ જે યાદવા સ્થળી અહીંયા થઈ હતી. શ્રી દાઉજી શેષ રૂપે અહિંયા પધાર્યા હતા. એટલે આ સ્થળે સમાહ કરીશું. બાદમાં ત્રિવેણીજીમાં સ્નાન કરી નિત્ય નિયમ કરી સમાહ કરી.

શ્રી સોમનાથ મહાદેવ નિત્ય કથા શ્રવણ કરવા પધારતા હતા. મહાદેવજીએ પોતાના કૃપા પાત્ર સેવકને શ્રી મહાપ્રભુજીને શરણે જવા કહ્યું. તેને આપશ્રીએ શરણે લઈ સેવક કર્યો. ત્યાર બાદ શ્રી આચાર્યશ્રીએ પ્રભાસ ક્ષેત્રની પંચ તિર્થી પરિકર્મા કરી. ત્યાં ઘણા જીવોને શરણે લીધા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૬ મી. માધવપુર, તા. જુનાગઢ, ગુજરાત



માધવપુરમાં કદંબકુંડ ઉપર શ્રી આચાર્યજી બિરાજ્યા હતા. આપશ્રીએ દામોદરદાસને આજ્ઞા કરી જે શ્રી કૃષ્ણના વિવાહ શ્રી રૂક્ષ્મણીજી સાથે અહીં ગુપ્ત રીતે થયા હતા. અને આ કદંબ કુંડમાં બન્નેએ સજોડે સ્નાન કરેલ હતું ત્યાર બાદ બધા ઋષિ મુનીઓએ સ્નાન કરેલ હતું. આપશ્રી શ્રી માધવરાયના દર્શન કરવા પધાર્યા ત્યારે શ્રી માધવરાયજીએ એક બ્રાહ્મણ જે નિત્ય એક લોટા જલથી સ્નાન કરાવતો હતો, તેને સેવા પ્રકાર શિખવવા આજ્ઞા કરી.

બીજે દિવસે તે બ્રાહ્મણ આવ્યો ત્યારે તેને શ્રી ઠાકુરજીને સારી જગ્યામાં પધરાવવા કહ્યું અને સેવા શૃંગાર સુંદર રીતે કરવા કહ્યું ત્યારે તે બ્રાહ્મણે વિનંતી કરી કે મહારાજ, મારાથી કંઇ બની શકતું નથી, તેથી આપ કહો તેમ કરૂં. ત્યારે આપશ્રીએ નાનું મંદિર બનાવરાવી શ્રી માધવરાયજીને પધરાવી, ધોતી ઉપરણાધરાવી, પધનો શૃંગાર કર્યો, તે બ્રાહ્મણને સેવા પ્રકાર શીખવી, કદંબ કુંડમાં સ્નાન કરી સમાહ કરી. શ્રી માધવરાયજી નિત્ય કથા શ્રવણ કરવા પધારતા. આપશ્રીએ અનેક જીવોને શરણે લીધા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૭ મી. ગુપ્તપ્રયાગ. દેલવાડા, સૌરાષ્ટ્ર.



અહિયા શ્રી પ્રયાગરાજને કાંઠે છોંકરના વૃક્ષ નીચે આપશ્રી બીરાજ્યા હતા. આ સ્થાનનું વર્ણન કરતાં આપશ્રીએ પ.ભ. દામોદરદાસને આજ્ઞા કરી જે સારસ્વત કલ્પમાં મુખ્ય પ્રયાગરાજ તીર્થ આ હતું. અહિયા ગંગા-જમના કુંડ છે. પ્રયાગરાજમાં સ્નાન કરી આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. ત્યારે એક બ્રાહ્મણે ત્યાં આવી વિનંતી કરી કે હું પંઢરપુરમાં રહેતો હતો અને શ્રીમદ્ ભાગવતનો પાઠ નિત્ય કરતો હતો. શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રસન્ન થઇ વરદાન માંગવાનું કહેતાં, વૃજલીલાના દર્શનની વિનંતી કરતાં, ગુપ્ત પ્રયાગ જઈ ભજન કરવા કહ્યું, અને આજ્ઞા કરેલ કે શ્રી વલ્લભાચાર્યજી ત્યાં પધારશે ત્યારે તારો મનોરથ સિધ્ધ થશે. એઓશ્રીએ આજે સ્વપ્ન દવારા જણાવ્યું છે, તેથી આપને શરણે આવેલ છું. આપશ્રીએ તેને નામ આપી કહ્યું કે આજથી આઠમે દિવસે તારો કાળ થશે. વૃજમાં શ્રી ગિરિરાજજીની તળેટીમાં તારો જન્મ થશે અને ગોપીનાથદાસ ગ્વાલ તારૂ નામ રહેશે. શ્રી ગુંસાઇજી તારો અંગીકાર કરી શ્રીનાથજીની ગાયોની સેવામાં રાખશે. શ્રીનાથજી સ્વયં વૃજલીલાનો અનુભવ તને કરાવશે.

શ્રી મહાપ્રભુજી જેના નીચે બીરાજ્યા હતા તે છોંકરનું વૃક્ષ આજે પણ વિરહનાં આંસુ સારતું નજરે પડે છે. (જુઓ ચિત્રજી)

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૮ મી. તગડી, ઘંઘુડા પાસે (સૌરાષ્ટ્ર) ગુજરાત.



શ્રી મહાપ્રભુજી તગડીમાં એક બ્રાહ્મણના ઘરની બહાર ચોતરા ઉપર રાત્રિ રહ્યા હતા. તે બ્રાહ્મણ ને ઘેર ગાય ભેંસ ઘણા હતા. તેને ત્યાં નિત્ય ૫ શેર માખણ થતું હતું. તે બ્રાહ્મણની સ્ત્રી વહેલી ઉઠીને દહીં વલોવી માખણ કાઢીને કુવા પર જળ ભરવા ગઇ. તેટલામાં તેના ૫ અને ૭ વર્ષના બન્ને પુત્રો ઉઠીને તાજું સિધ્ધ કરેલું માખણ ખાવા લાગ્યા. આ જોઇને બ્રાહ્મણને ભાવ ઉત્પન્ન થયો કે શ્રી કૃષ્ણ અન બલરામ માખણ આરોગી રહ્યા છે. શ્રી મહાપ્રભુજી ને અંદર બોલાવી પોતાના ભાવની વાત કરી. શ્રી મહાપ્રભુજીએ પધારી જોયું તો બન્ને બાલકો માખણ ખાઇ રહ્યા હતા. આપશ્રીએ આજ્ઞા કરી કે તમને ભગવદ્ લીલાની સ્ફૂર્તિ થઇ છે. પ્રત્યેક જીવમાં શ્રી ઠાકોરજી બિરાજે છે. આપશ્રીની કૃપાથી સ્ત્રીને પણ પ્રેમ ભાવ ઉત્પન્ન થયો અને અલૌકિક આનંદ થયો. બ્રાહ્મણ દંપતીએ આપશ્રીને શરણે લેવા વિનંતી કરી. આપશ્રીએ બન્નેને શરણે લઇ નામ નિવેદન કરાવ્યું ત્યારબાદ ત્યાં આગળ શ્રીમદ્ ભાગવત સ્પાતહ કરી અનેક જીવોને શરણે લીધા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૬૯ મી. નરોડા, અમદાવાદ, ગુજરાત



નરોડામાં પ. ભ. ગોપાલદાસ ક્ષત્રિયના ઘરમાં આપશ્રી બિરાજે છે. શ્રી મહાપ્રભુજીએ ગોપાલદાસને કૃપા કરી સ્વરૂપનંદનો અનુભવ કરાવેલ. તેમજ તેમને નામ મંત્ર આપવાની આજ્ઞા કરેલ હતી. ગોપાલદાસની ભાવભરી વિનંતી થી આપશ્રીએ શ્રી ઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપેલ. જે હાલ અમદાવાદમાં દોશી પોળમાં શ્રી વૃજરાયજી મહારાજશ્રીના માથે બિરાજે છે. શ્રી મહાપ્રભુજી ની કૃપાથી શ્રી ગોપાલદાસે અનેક વધાઇ ત્થા છંદ-ચોખરાની રચના કરી છે. અહિંયા આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સમાહ કરી હતી ત્યારે સૌને અલોકિક આનંદ થયો હતો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૦ મી. ગોધરા, ઉત્તર - ગુજરાત.



ગોધરામાં ચાણાવ્યાસના ઘરમાં શ્રી આચાર્યજી બિરાજે છે. ચાણાવ્યાસ છ એ શાસ્ત્રોના જાણકાર હતા દક્ષિણમાં તેમજ કાશીમાં તેમણે ઘણા પંડિતોને હરાવ્યા હતા. એક વખત કાશીમાં શાસ્ત્રાર્થ કરતાં હારી જતાં તેમને ખૂબજ ગ્લાની ઉપજી, તેથી ગંગા કિનારે આત્મહત્યા કરવા ગયા. તે વખતે શ્રી આચાર્યજી હનુમાન ઘાટ ઉપર બિરાજતા હતા. કૃષ્ણદાસ મેઘને પ્રશ્ન કરતાં આપે આજ્ઞા કરી જે આત્મહ્તયાનું પ્રાયશ્ચિત કાંઇ નથી તેને ગંગાજી પણ મુક્ત ન કરે, સાત જન્મ લઇ નરકમાં જાય, તે સાંભળતાં ચાણાવ્યાસ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા. આપશ્રીએ ચતુઃશ્લોકી ગ્રંથ શીખવાડયો અને શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા. બધા પંડિતોને વાદ કરી જીત્યા. તેથી જાણ્યું જે આ શ્રી આચર્યજીની કૃપાનું ફલ છે. આપશ્રીએ શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. આપશ્રીએ ચાણાવ્યાસના ઘરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી ત્યા વેણુગીતના શ્રી સુબોધિનીજીનો પ્રસંગ સંભળાવતાં ૩ દિવસ સુધી કોઇને દેહનુસંધાન ન રહ્યું એક ક્ષત્રાણીને ચાણાવ્યાસે સતી ન થવા સમજાવી વૈષ્ણવ બનાવી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૧ મી. ખેરાળુ, ઉત્તર ગુજરાત



જગન્નાથ જોષી ત્યા નરહર જોષીના માતાજીના ભાવથી શ્રી મહાપ્રભુજી ઘણા પ્રસન્ન રહેતા તેથી તેમના ઘરમાં બિરાજતા હતા અને ત્યાં આગળ પાક સામગ્રી કરી ભોગ ધરી આરોગતા હતા. આપશ્રીએ અહીંયા શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી હતી. એક સમયે આપશ્રી કથા કરતા હતા ત્યારે શ્રી જગન્નાથ જોષીએ યુગલગીત ના શ્લોકનો ભાવાર્થ પુછતાં આપશ્રીએ ત્રણ પ્રહર સુધી વચનામૃત કર્યા ત્યારે રસાવેશ ઘણો થયો અને કોઇને દેહાનુસંધાન ન રહ્યું મહા અલૌકિક આનંદ થયો, આપશ્રીએ સૌને સાવધાન કર્યો. ત્યાર પછી આપશ્રી ત્યાંથી વિજય કરી સિધ્ધપુર પાટણ પધાર્યા

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૨ મી. સિધ્ધપુર, પાટણ, ઉત્તર - ગુજરાત



શ્રી આચાર્યશ્રી ખેરાલુથી સિધ્ધપુર પધાર્યા હતા બિંદુ સરોવર ઉપર બિરાજ્યા હતા. આ સ્થાનનુ વર્ણન કરતાં પ.ભ. દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી કે દમલા, આ કર્દમ ઋષિનો આશ્રમ છે. જ્યાં કપિલ દેવજીએ માતા દેવહુતીજીને સાંખ્યયોગનો ઉપદેશ આપ્યો હતો. દેવહુતીજીએ જલરૂપ થઇ બિંદુ સરોવરમાં પ્રવેશ કર્યો હતો.

શ્રી મહાપ્રભુજીએ સ્નાન કરી નિત્ય નિયમ કરી શ્રીમદ્ ભાગવત કથા કરી હતી ગામના માયાવાદી પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી સર્વેને નિરૂત્તર કરી બ્રહ્મવાદનું સ્થાપન કર્યું હતું. અનેક જીવોને શરણે લઇ વિજય કરી અવંતિકાપુરી પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૩ મી. અવંતિકાપુરી, ઉજ્જૈન, મધ્યપ્રદેશ



અવંતિકાપુરીમાં ગોમતી કુંડ ઉપર શ્રી આચાર્યજી આપ બિરાજ્યા હતા. ક્ષિપ્રા નદીમાં સ્નાન કરી આપશ્રીએ પ.ભ. દામોદરદાસને આજ્ઞા કરી કે શ્રી મહાદેવજીની જે સાડા ત્રણ પુરી તેમાંની આ એક છે. તેથી અહીં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરીશું. ઉષ્ણકાલ હતો, આસપાસમાં કોઇ વૃક્ષ ન હતું. અચાનક એક પીપળનું પાન ઉડીને આપશ્રીની પાસે આવ્યું તેને આપશ્રીએ જમીનમાં રોપી સંધ્યાનું જળ છાંટયું. બીજા દિવસે મોટું ઘટાદાર વૃક્ષ બની ગયું. તે પીપળાની નીચે આપશ્રીએ સપ્તાહ કરી. શ્રી મહાકાળેશ્વર દરરોજ કથા સાંભળવા પધારતા હતા. કથા સમાપ્તિ બાદ માયાવાદી પંડિતો સાથે વાદ થયો તેમાં દરેકને એકી સાથે જુદા જુદા પ્રશ્નોના ઉત્તર આપી નિરૂત્તર કર્યા. તે બધા પંડિતોએ શરણે લેવા વિનંતી કરતાં રૂદ્રાક્ષ ઉતરાવી ગોમતીજીમાં સ્નાન કરાવી શરણે લીધા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૪ મી. પુષ્કરજી, અજમેર, રાજસ્થાન



પુષ્કરજીમાં વલ્લભ ઘાટ ઉપર છોંકરના વૃક્ષ નીચે આપશ્રી બિરાજ્યા હતા. આ સ્થળનું વર્ણન કરતાં પ.ભ. કૃષ્ણદાસ મેઘનને આપે કહ્યું કે પુષ્કરજી બધા તિર્થોના પિતા સમાન છે. શ્રી બ્રહ્માજીની ઉત્પત્તિ ભગવાનના નાભિ કમળમાંથી થઈ હતી તે અહીંયાજ થઇ હતી. અહીં બ્રહ્માજી ત્થા સાવિત્રીજી નું મંદિર છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ‘માતા ગંગા સમઃ તિર્થ, પિતા પુષ્કર મેવ ચ ! આપણે અહીંયા થોડા દિવસ રહીશું. ત્યાં પુષ્કરરાજ બ્રાહ્મણનું રૂપ ધરી આવ્યા અને પોતાને સનાથ કરવા વિનંતી કરી. શ્રી આચાર્યશ્રીએ બધા સેવકો સાથે પુષ્કરજીમાં સ્નાન કર્યું અને ત્યાં સમાહ કરી. પુષ્કરજી દરરોજ કથા સાંભળવા પધારતા.

આપશ્રીંએ અનેક જીવોનો ઉધ્ધાર કર્યો. ત્યાંથી આપશ્રી કુરૂક્ષેત્ર પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૫ મી. કુરૂક્ષેત્ર, થાનેશ્વર, હરિયાણા



કુરૂક્ષેત્ર, ધર્મક્ષેત્રમાં કુંડ ઉપર આપશ્રી બિરાજ્યા હતા. આ સ્થાનનું વર્ણન કરતાં પ.ભ. કૃષ્ણદાસ મેઘન ને આજ્ઞા કરી કે, આ મહાન ધર્મક્ષેત્ર છે. અહીં કૌરવ પાંડવ નું યુધ્ધ થયું હતું. ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને શ્રીમદ્ ભાગવદ્ ગીતા અહીંજ સંભળાવેલ અને તેને વિરાટ સ્વરૂપનું દર્શન પણ અહીંજ કરાવેલ હતું. અહીંયા શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.

શ્રીમદ્ ભાગવત કથામાં જ્યારે 'યુગલ ગીત' નો પ્રસંગ ચાલ્યો, ત્યારે એવો રસાવેશ થયો કે કોઇને દેહનુસંધાન રહ્યું નહી. ત્યાર પછી શ્રી મહાપ્રભુજીએ સર્વે વૈષ્ણવોને સાવધાન કર્યા.

અહીં આપશ્રીએ ચરણ રજ દ્વારા અનેક દૈવી જીવોનો ઉધ્ધાર કર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૬ મી. હરદવાર, ઉ.પ્ર.



હરિદ્વારમાં રામઘાટ ઉપર શ્રી આચાર્યજી આપ સંવત ૧૫૭૬ ની સાલમાં પધાર્યા હતા ત્યારે કુંભના બ્રહસ્પતિ થયા હતા. સાથમાં પ.ભ. દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, વાસુદેવદાસ છકડા. માધવદાસ કાશ્મીરી, ગોવિંદ દુબે, સાંચોરા બ્રાહ્મણ વિ. હતા. સ્નાન માટે લક્ષ્યાવધિ મનુષ્યો આવ્યા હતા. તેથી યોગમાયા ત્થા કાળ, બંન્નેને બોલાવી આપશ્રીએ આજ્ઞા આપી કે 'બ્રહ્મમુહુર્તમાં સ્નાનનો પર્વકાળનો લાભ સૌ કોઇને મળે અને અમે સ્નાન કરી લઇએ ત્યાં સુધી બધા નિદ્રાવશ રહે તેમ કરો.

ત્યાર બાદ આપશ્રી સેવકો સાથે હર કી પેઢી ઉપર પધાર્યા. બધા સેવકો સાથે સ્નાન કર્યું અને આપશ્રી કનખલ ક્ષેત્ર પધાર્યા. ત્યાર પછી બધાની નિંદ્રા ઉડી. દરેકે દરેક મનુષ્યને પર્વકાળ નો લાભ આપ્યો. આ મહાત્મ્ય જોઇ હરિદ્વારમાં શ્રી મહાપ્રભુજીનો જય જય કાર થયો. અનેક જીવો શરણે આવ્યા. ત્યાર પછી ત્યાંથી વિજય કરી આપશ્રી બદ્રિકાશ્રમ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૭ મી. બદ્રિકાશ્રમ, હિમાલય ઉ.પ્ર.



આચાર્યશ્રી મહાપ્રભુજી બદ્રિકાશ્રમ પધાર્યા ત્યારે વામન દ્વાદશી હતી. કૃષ્ણદાસ મેઘન ફળાહાર માટે ફળ વિ. શોધવા નીકળ્યા. રસ્તામાં બ્રાહ્મણ રૂપે શ્રી બદ્રિનાથજી સામે મળ્યા અને કહ્યું જે અહિં ફળ વિ. કઇ મળશે નહિ. કૃષ્ણદાસે આવીને આપશ્રીને કહ્યું જે અહિં ફળ વિ. કઈ મળતું નથી. શ્રી બદ્રિનાથજી સ્વયં શ્રી આચાર્યજી પાસે પધાર્યા અને આજ્ઞા કરી કે આપ રસોઇ કરી ભોજન કરો ત્યારે આપશ્રીએ ભગવદ્ આજ્ઞા સમજી 'ઉત્સવાંતે ચ પારણામ' એ રીતે શ્રી વામનજીના જન્મ પછી શ્રીને ભોગ સમર્પી ભોજન લીધું. ત્યાર બાદ બધા સેવકોએ ભોજન લીધું.

આપશ્રીએ અહિં ભગવદ્ સપ્તાહ પારાયણ કરી. શ્રી બદ્રિનાથજી સ્વયં પધારી આજ્ઞા કરી કે અહિં સર્વે દૈવી જીવોને આપ શરણે લો. ત્યાર બાદ સર્વે દૈવી જીવોનો આપશ્રીએ અંગિકાર કર્યો અનેક તામસી જીવોનો ચરણાર્વિંદની રજ દવારા અંગીકાર કર્યો. ત્યાર બાદ ત્યાંથી વિજય કરી કેદારનાથ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૮ મી. શ્રી કેદારનાથ, હિમાલય, ઉ.પ્ર.



જ્યોર્તિલિંગ કેદારનાથજી મા કેદાર કુંડ ઉપર આપશ્રી બિરાજ્યા હતા. ત્યાં આગળ આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી ત્યારે યોગેશ્વરના રૂપમાં શ્રી કેદારનાથજી કથા સાંભળવા પધારતા હતા. કથાની સમાપ્તિ પછી આપશ્રીએ ચરણાર્વિંદની રજ દવારા સદભાવથી જીવોનો ઉધ્ધાર કર્યો. ત્યાર પછી આપશ્રી ત્યાંથી વ્યાસાશ્રમ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૭૯ મી. વ્યાસાશ્રમ, હિમાલય, ઉ.પ્ર.



વ્યાસાશ્રમમાં શ્રી મહાપ્રભુજી, શ્રી વેદવ્યાસજીને મળવા પધાર્યા ત્યારે કૃષ્ણદાસ મેઘનને બહાર ઉભા રહેવા કહ્યું. આપશ્રી વેદવ્યાસજીને મળવા પધાર્યા. ત્યારે વેદવ્યાસજીએ આદર સત્કાર કરી, આપશ્રીને શ્રી સુબોધિનીજીમાંથી ભ્રમરગીત ઉપર વચનામૃત કરવા કહેતાં, આપશ્રીએ એક શ્લોક ઉપર, ૩ દિવસ અને ૩ રાત્રી સુધી વ્યાખ્યાન કર્યું ત્યારબાદ આપશ્રી બહાર પધાર્યા.

પ. ભ. કૃષ્ણદાસ મેઘન આપશ્રીની આજ્ઞા મુજબ બહાર ઉભેલા હતા તે જોઇ આપશ્રીએ પ્રસન્ન થઇ કાંઇઠ માગવા કહ્યું પ. ભ. કૃષ્ણદાસે માંગ્યુ કે, ૧) મુખરતા દોષ જાય, ૨) માર્ગનો સિધ્ધાંત હ્રદયારૂઠ થાય, ૩) પૂર્વના ગુરૂના ઘેર પધારો. આચાર્યશ્રીએ બે વસ્તુ આપી, ગુરૂના ઘેર પધારવા ના કહી. ત્યાર પછી ત્યાં સમાહ કરી. સર્વેને ઘણોજ આનંદ થયો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮૦ મી. હિમાચલ પર્વત, હિમાલય, ઉ.પ્ર.



હિમાલય પર્વત ઉપર આપશ્રી બિરાજ્યા હતા. ત્યાં હિમાલય પર્વતે બ્રાહ્મણ સ્વરૂપે આવી સાષ્ટાંગ દંડવત કરી વિનંતી કરી કે મને શરણે લ્યો, અને શ્રીમદ્ ભાગવત સંભળાવો આપશ્રીએ બીજા દિવસથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ નો પ્રારંભ કર્યો. કથાની સમાપ્તિ સુધી હિમાલય પર્વત કથા સાંભળવા પધારતા હતા. આપશ્રીએ ત્યાંના હજારો જીવોનો ઉધ્ધાર કર્યો. ત્યાંથી વિજય કરી આપશ્રી વ્યાસગંગા પધાર્યો.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮૧ મી. વ્યાસ ગંગાના તીરે, કીર્તીનગર, ઉ.પ્ર.



વ્યાસગંગાના કાંઠે છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા હતા. આ સ્થાનનું વર્ણન કરતાં પ.ભ. દામોદરદાસજીને આપે કહ્યું કે શ્રી વેદ-વ્યાસજીનું જન્મસ્થાન આ છે. અહિંજ તેમણે સમાધિભાષા (શ્રીમદ્ ભાગવત) ની રચના કરી હતી. ત્યાં આગળ સમાહનો પ્રારંભ કર્યો ત્યારે અલૌકિક આનંદ થયો. શ્રી ગંગાજી સ્ત્રી સ્વરૂપે રત્નજડિત આભુષણ પહેરી હાથમાં પંખો લઇ નિત્ય પધારતા અને પંખાની સેવા કરતા હતા. સપ્તાહની સમાપ્તિ પછી કૃપા કટાક્ષ દવારા હજારો જીવોનો આપશ્રીએ ઉધ્ધાર કર્યો. ત્યાંથી આપશ્રી મંદ્રાચલ પર્વત પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્વાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮૨ મી. 'મુંદ્રાચલ પર્વત', કિર્તીનગર, ઉ.પ્ર.



મુદ્રાચલ પર્વત ઉપર છોંકરના વૃક્ષની નીચે આચાર્યશ્રી બિરાજ્યા હતા. ત્યાં આગળ શ્રી મધુસુદન ઠાકોરજી નાં દર્શન કરી શ્રીમદ્ ભાગવત સમાહ નો પ્રારંભ કર્યો. ત્યારે શ્રી મધુસુદન ઠાકોરજી કથા સાંભળવા પધારતા હતા. કથાની સમાપ્તિ પછી ચરણારવિંદ ની રજ દવારા હજારો જીવોનો ઉધ્ધાર કર્યો. શ્રી મધુસુદન ઠાકોરજી ની સેવા શ્રૃંગાર કર્યા. ત્યાર પછી શ્રી ઠાકોરજીની આજ્ઞા લઇ વૃજમાં પધાર્યા. શ્રી ગોવર્ધનનાથજી ની આજ્ઞા લઇ આપશ્રી કાશી જઇ શ્રી અકકાજી ને પધરાવી અડેલ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮૩ મી. અડેલ, (દેવરખ) ઉ.પ્ર.



અડેલમાં શ્રી મહાપ્રભુજીએ સ્થાયી નિવાસ કર્યો હતો. અહિંયા માયાવાદીઓ વારંવાર શાસ્ત્રાર્થ અને આચાર્યશ્રી તેઓને નિરૂત્તર કરી દતા હતા. એક વખત આચાર્યશ્રી માયાવાદીઓ સાથે શાસ્ત્રાર્થ કરી રહ્યા હતા અને ઉત્થાપનનો સમય થતાં શ્રી નવનીતપ્રિયાજીએ માતાજી શ્રી ઇલ્લમાગારૂજીને સેવામાં નહાવાની આજ્ઞા કરી. તેમને સ્વયં શ્રી નવનીતપ્રિયાજીએ બહ્મસંબંધ કરાવ્યું અને ભેટ કરવા કહ્યું. શ્રી ઇલ્લામાગારૂજીએ તેમના ગળામાં મોતીની માળા હતી તે ભેટ કરી. (આ માળાઆજે પણ શ્રીનાથદવારામાં બિરાજે છે) થોડા સમય પછી મોટા પુત્ર શ્રી ગોપીનાથજી નો જન્મ થયો. ત્યાર પછી શ્રી ગોવર્ધનનાથજી ની આજ્ઞાથી આપશ્રી ચરણાટ પધાર્યા.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ ફુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

P 958

શ્રીમદ્દાચાર્ય મહાપ્રભુજીની બેઠક ૮૪ મી. ચરણાટ, ચુનાર, ઉ.પ્ર.



ચરણાટ માં શ્રી મહાપ્રભુજી શ્રી મહાલક્ષ્મી (અકકાજી) પ.ભ. દામોદરદાસ હરસાણીજી, પ.ભ. પદમનાભદાસ વિ. સેવકો સાથે બિરાજતા હતા. ત્યાં આગળ એક બ્રાહ્મણ જે બાર વર્ષથી શ્રી વિષ્ણુસહસ્ત્રનામનો પાઠ કરતો હતો તેને શ્રી ગંગાજીના પ્રવાહમાંથી શ્રી ઠાકુરજીનું મહા અલોકિક સ્વરૂપ મળી આવ્યું જે તેણે શ્રી મહાપ્રભુજી પાસે પધરાવ્યું. તેજ દિવસે એટલે કે સંવત ૧૫૭૨ ના માગશર વદ ૯ ને ગુરૂવાર વૃષભ લગ્ન સમયે શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુંસાઈજી નું પ્રાગટય થયું.

વૃજમાંથી શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી, શ્રી વૃષભાનજી, શ્રી કિર્તીજી ત્થા ગોપ-ગોપીઓ સર્વે પધાર્યા હતા. નંદ મહોતસ્વ થયો, અલોકિક આનંદ થયો. આપશ્રીએ અહીં સમાહ કરી હતી.

અ. સૌ. સ્વ. તારાબેન અમૃતલાલ કુરાણી નાગપુરવાળાના જયશ્રીકૃષ્ણ

બેન, મારે ગાવું ન ગાવું, શું કરૂં ?
બેન મારો ગોવિંદ ગીત થઈ જાય !

હે પ્રભો, દુ:ખજ જો અમારા માટે નિર્માણ થયું હોય તો,
દુ:ખ ભલે અમારા ઉપર સદાય વરસો, પરંતુ એ દુ:ખ
અમને તારી વધુને વધુ સમીપ લઈ જનારૂ નિવડો !

પ્રકાશક -
અમૃતલાલ રૂગનાથ કુરાણી
યમુના સદન,
નિકાલસ મંદીર રોડ, નાગપુર-૨.
ઘાટકોપર ફોન નં. ૫૧૧ ૨૪૯૯

પરમાનંદ



અડેલમાં શ્રી મહાપ્રભુજી
શ્રીમદ્ ભાગવત સપ્તાહ
પારાયણ સંભળાવી રહયા છે.